અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express   Ahmedabad   RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

ફ્રેને વીડિયો શેર કરીને સામંથાને પ્રપોઝ કર્યું હતું



પેજ-09

ટ્રેની ડોક્ટર રેપ-મર્ડર કેસમાં પૂર્વ ક્રિકેટર સૌરવ ગાંગુલીનું મોટું નિવેદન

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 26.00 |
| વડોદરા | 32.00 | 26.00 |
| સુરત | 29.00 | 26.00 |

પેજ 5



'સેબીના ચેરપર્સને ઘણી વસ્તુઓ સ્વીકારી' હિંડનબર્ગે બુચ દંપતી પર...


13 AUGUST-2024 TUESDAY


હસીનાએ કહ્યું- બાંગ્લાદેશીઓના જીવ બચાવવા રાજીનામું આપ્યું



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 79648.92 | ▼ | 056.99 |
| નિફ્ટી | 24347.00 | ▼ | 020.50 |
| સોનું | 68880.00 | ▲ | 180.00 |
| ચાંદી | 87500.00 | ▼ | 500.00 |


વર્ષ-13 । અંક-270 । વિક્રમ સંવત-2079 । શ્રાવણ સુદ-09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### ભાજપે કહ્યું હિંડનબર્ગમાં અમેરિકન ઉદ્યોગપતિ જ્યોર્જ સોરોસના રુપિયાનું રોકાણ, રાહુલ ગાંધી તેમના એજન્ટ છે

# કોંગ્રેસ શેરબજારને ખતમ કરવા માંગે છે: ભાજપ

(એજન્સી) મુંબઈ । તા.12

ભાજપ સાંસદ રવિશંકર પ્રસાદે હિંડનબર્ગ રિપોર્ટ અને કોંગ્રેસના આરોપો પર કહ્યું કે દેશની જનતાએ કોંગ્રેસને નકારી દીધી છે. તેથી, તે ટૂલકીટ ગેંગ સાથે મળીને ભારતીય શેરબજારને ખતમ કરવા માંગે છે. રવિશંકરે સોમવારે (12 ઓગસ્ટ) કોંગ્રેસ પર આ આરોપો લગાવ્યા હતા. તેમણે કહ્યું- હિંડનબર્ગના મુખ્ય રોકાણકાર અમેરિકન ઉદ્યોગપતિ જ્યોર્જ સોરોસ છે જે ભારત વિરોધી છે. રાહુલ ગાંધી તેમના એજન્ટ છે. પીએમ મોદીને ધિક્કારતા તેઓ દેશને નફરત કરવા લાગ્યા છે. બીજેપી સાંસદ સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં એવું જોવામાં આવ્યું છે કે જ્યારે સંસદનું સત્ર ચાલુ રહે છે ત્યારે આવા આરોપો આવે છે. પીએમ પર ડોક્યુમેન્ટ્રી, હિંડનબર્ગ રિપોર્ટ ઉદાહરણ છે. તે સ્પષ્ટ છે કે વિપક્ષ વિદેશી દેશો સાથે સંકળાયેલો છે. ખરેખરમાં, હિંડનબર્ગ રિપોર્ટમાં સેબીના ચેરપર્સન સામેના આરોપો પછી રાહુલ ગાંધીએ પૂછ્યું હતું કે જો રોકાણકારોને નુકસાન થશે તો કોણ જવાબદાર રહેશે. હવે સ્પષ્ટ થઈ ગયું છે કે PM જેપીસી તપાસથી કેમ ડરે છે.



**ભાજપ સાંસદ રવિશંકર પ્રસાદે હિંડનબર્ગ રિપોર્ટ અને કોંગ્રેસના આરોપો પર કહ્યું કે દેશની જનતાએ કોંગ્રેસને નકારી દીધી છે. તેથી, તે ટૂલકીટ ગેંગ સાથે મળીને ભારતીય શેરબજારને ખતમ કરવા માંગે છે.**

## અદાણી ગ્રૂપે કહ્યું- હિંડનબર્ગે જેમના નામ લીધા છે તેમની સાથે કોઈ વ્યાપારી સંબંધો નથી

હિંડનબર્ગના રિપોર્ટ પર અદાણી ગ્રુપે કહ્યું છે કે, ગ્રુપના સેબી ચીફ સાથે બિઝનેસ સંબંધો નથી. સેબીના વડા સાથે જેમના નામ લેવામાં આવ્યા છે તે લોકો સાથે પણ જૂથનો કોઈ વ્યવહાર નથી. વિદેશી હોલ્ડિંગ પર ઉઠાવવામાં આવેલા પ્રશ્નો પાયાવિહોણા છે. જૂથના વિદેશી હોલ્ડિંગનું માળખું સંપૂર્ણપણે પારદર્શક છે. તેનો ઉપયોગ ભંડોળના ગેરઉપયોગ માટે કરવામાં આવ્યો ન હતો. ગ્રુપે કહ્યું- હિંડનબર્ગે પોતાના ફાયદા માટે જાહેરમાં ઉપલબ્ધ માહિતીનો દુરુપયોગ કર્યો. અદાણી ગ્રૂપ સામેના આરોપો પહેલાથી જ પાયાવિહોણા સાબિત થયા છે. સંપૂર્ણ તપાસ પછી, સુપ્રીમ કોર્ટે જાન્યુઆરી 2024માં હિન્ડેનબર્ગના આરોપોને ફગાવી દીધા હતા.

### કોંગ્રેસનો ગંભીર આરોપ

## અદાણી સામેની તપાસમાં સેબીએ મોડું કરીને મોદીને ચૂંટણીમાં લાભ કરાવ્યો

હિંડનબર્ગે કરેલા ધડાકાને કારણે સાણસામાં આવેલા સેબી ચેરપર્સન માધબી બુચ અને અદાણી ગ્રુપના મુદ્દે કોંગ્રેસ અને ભાજપા વચ્ચે આક્ષેપો અને પ્રતિઆક્ષેપોની રમઝટ મચી છે. એક પછી એક અઘરા પ્રશ્નો કરીને કોંગ્રેસે સત્તાધારી પાર્ટીને બરાબરની ભીંસમાં લીધી છે.

આ મુદ્દે આક્ષેપ કરતાં કોંગ્રેસે સોમવારે કહ્યું હતું કે, 'અદાણી જૂથ પર કરાયેલી કાર્યવાહીનો સેબી(સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા) બચાવ કરી રહી છે અને ચેરપર્સન માધબી પુરી બુચને ક્લીન ચિટ આપી રહી છે, એને અમે નકારીએ છીએ.' કોંગ્રેસે માંગ કરી હતી કે, આ મુદ્દે 'સેબી સમાધાન કરી શકે એવી સંભાવના હોવાથી' સુપ્રીમ કોર્ટે આની તપાસ



સીબીઆઈને અથવા વિશેષ તપાસ ટીમને ટ્રાન્સફર કરવી જોઈએ. કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે માધબી બુચના રાજીનામાની માંગ કરતાં કહ્યું હતું કે, 'કમસેકમ સેબીની અખંડિતતા પુનઃસ્થાપિત કરવા માટે પણ સેબીના ચેરપર્સને રાજીનામું આપવું જોઈએ.'

### આંકડા સાથે રમત રમાઈ: કોંગ્રેસ

આરોપોની ધાર કાઢતાં કોંગ્રેસે આંકડા ટાંકીને કહ્યું હતું કે, 'અદાણી ગ્રુપ સામેની તપાસમાં સેબીએ 100 સમન્સ આપ્યા, 1100 પત્રો અને ઈમેઈલ લખ્યા તથા 12000 પાના ભરીને તપાસ કરી, પણ એ બધું 'આ મુદ્દે અમે બહુ બધું કામ કર્યું' એવો દેખાડો કરવા માત્ર હતું. આવા આંકડા રજૂ કરીને મુખ્ય મુદ્દાથી ધ્યાન ભટકાવવાની કોશિશ કરાઈ છે. ફક્ત કામ કર્યાનો દેખાડો કરવાથી કશું નહીં વળે. કેટલું ફળદાયી કામ કર્યું એ મહત્ત્વનું છે. જે આ કેસમાં થયું નથી.'

### શ્રાવણનાં સોમવારે સિદ્ધેશ્વર નાથ મંદિરમાં નાસભાગ

## 3 મહિલા સહિત 7નાં મોત, 35 ઘાયલ



(એજન્સી) જહાનાબાદ । તા.12

શ્રાવનના ચોથા સોમવારે બિહારના જહાનાબાદમાં શ્રાવણી મેળા દરમિયાન સિદ્ધેશ્વરનાથ મંદિરમાં નાસભાગ મચી ગઈ હતી. જેમાં 3 મહિલાઓ સહિત 7 શ્રદ્ધાળુઓના મોત થયા હતા. 35 શ્રદ્ધાળુઓ ઘાયલ થયા છે. આ ઘટના મખદુમપુર બ્લોકના વણવર પહાડ વિસ્તારમાં બની હતી. આ ઘટના રવિવારે મોડી રાત્રે લગભગ 12 વાગ્યે બની હતી. જહાનાબાદ પોલીસ ઈન્સ્પેક્ટરે 7 લોકોનાં મોતની પુષ્ટિ કરી છે. જ્યારે 35થી વધુ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. ઘાયલોને સ્થાનિક મખદુમપુર અને સદર હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. એક વ્યક્તિએ કહ્યું કે તેની એક મહિલા સંબંધી નાસભાગમાં મૃત્યુ પામી હતી. વહીવટીતંત્રનો અભાવ હતો જેના કારણે આ બન્યું હતું. ત્યાં હાજર લોકોએ મને કહ્યું કે પ્રશાસને સુરક્ષા માટે નેશનલ કેડેટ કોર્પ્સના લોકોને તૈનાત કર્યા હતા અને તેઓએ શ્રદ્ધાળુઓ પર લાઠીચાર્જ કર્યો હતો. જેના કારણે લોકો દોડવા લાગ્યા અને કેટલાક લોકો પડી ગયા. આ સંપૂર્ણપણે વહીવટીતંત્રની ભૂલ છે. પ્રત્યક્ષદર્શી મનોજે જણાવ્યું કે મંદિર પાસે ફૂલના દુકાનદારો વચ્ચે ઝઘડો થયો હતો. આ પછી જ અરાજકતા સર્જાઈ હતી. લોકો એકબીજાને કચડીને આગળ વધવા લાગ્યા. હું પણ મૃતદેહ નીચે દટાઈ ગયો, લોકોએ મને બહાર કાઢ્યો. જો હું 1-2 મિનિટ વધુ ત્યાં નીચે પડ્યો રહ્યો હોત તો હું પણ મરી ગયો હોત. અકસ્માત માટે પોલીસ અને વહીવટીતંત્ર જવાબદાર છે.

## શું ચાઈલ્ડ પોર્ન જોવું ગુનો છે?: કેરળ HCએ કહ્યું- એકલા જોવું ગુનો નથી

### મદ્રાસ HCએ કહ્યું- ફોનમાં રાખી શકો; જાણો ભારતનો કાયદો શું કહે છે

(એજન્સી) નવી દિલ્હી । તા.12

સુપ્રીમ કોર્ટે સોમવારે (12 ઓગસ્ટ) ચાઈલ્ડ પોર્નોગ્રાફી સંબંધિત કેસની સુનાવણી કરી. લાઈવ લો અનુસાર, કેરળ હાઈકોર્ટના એ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે ફોન પર બાળકો સાથે સંબંધિત પોર્ન વીડિયો ડાઉનલોડ કરવો ગુનો નહીં ગણાય. કેરળ હાઈકોર્ટે 13 સપ્ટેમ્બર, 2023ના રોજ એક કેસની સુનાવણી કરતી વખતે કહ્યું હતું કે જો કોઈ વ્યક્તિ ખાનગી રીતે અશ્લીલ ફોટા અથવા વીડિયો જોતી હોય તો એ ગુનો નથી, પરંતુ જો તે





અન્ય લોકોને બતાવતો હોય તો એ ગેરકાયદે ગણાશે. હકીકતમાં પહેલા કેરળ હાઈકોર્ટ અને પછી એના આધારે મદ્રાસ હાઈકોર્ટમાં એક આરોપીને નિર્દોષ જાહેર કર્યા પછી એક NGOએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. સુપ્રીમ કોર્ટે આ અંગે પોતાનો નિર્ણય હાલપૂરતો અનામત રાખ્યો છે. આ આદેશ કેરળ હાઈકોર્ટના જસ્ટિસ પીવી કુન્હીકૃષ્ણનની બેન્ચે આપ્યો હતો. જસ્ટિસ કુન્હીકૃષ્ણને કહ્યું હતું કે પોર્નોગ્રાફી સદીઓથી પ્રચલિત છે. આજે ડિજિટલ યુગમાં એ સરળતાથી સુલભ છે.

## 59 મહિના બાદ મોંઘવારીમાં રાહત: છૂટક ફુગાવાનો દર 3.54%

(એજન્સી) નવી દિલ્હી । તા.12

સામાન્ય લોકોને મોંઘવારીમાં મોટી રાહત મળી છે. ભારતમાં રિટેલ મોંઘવારીનો દર જુલાઈમાં 59 માસના તળિયે પહોંચ્યો છે. સરકાર દ્વારા જાહેર કરાયેલા આંકડાઓ મુજબ, જુલાઈ 2024માં છૂટક ફુગાવાનો દર ઘટીને 3.54 ટકા થયો છે.

જૂન 2024માં આ દર 5.08 ટકા અને પાછલા વર્ષે જુલાઈમાં આ દર 7.44 ટકા હતો. નોંધનીય છે કે, પાછલા પાંચ વર્ષોમાં આ પહેલી વાર છે જ્યારે છૂટક ફુગાવાનો દર ભારતીય રિઝર્વ બેંકના ચાર ટકા લક્ષ્યની નીચે આવ્યો છે. રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલયના આંકડાઓ મુજબ, ખાદ્ય પદાર્થોની મોંઘવારી જુલાઈમાં 5.42 ટકા રહી છે. જૂનમાં આ મોંઘવારી 9.36 ટકા હતી. સરકારે રિઝર્વ બેંકને છૂટક ફુગાવાનો દર 2 ટકાની વધ-ઘટ સાથે ચાર ટકા રાખવાની જવાબદારી સોંપી છે.

## સુપ્રીમ કોર્ટનો આદેશ- શંભુ બોર્ડરની એક લેન ખોલો

### એમ્બ્યુલન્સ, વૃદ્ધો-મહિલાઓ અને વિદ્યાર્થીઓને સમસ્યા થઈ રહી છે; હાઈવે પાર્કિંગ વિસ્તાર નથી

(એજન્સી) નવી દિલ્હી । તા.12

સુપ્રીમ કોર્ટે લગભગ 6 મહિનાથી બંધ પંજાબ-હરિયાણા વચ્ચેની શંભુ બોર્ડરને આંશિક રીતે ખોલવાનો આદેશ આપ્યો છે.

સુપ્રિમ કોર્ટે સુનાવણી દરમિયાન આકરી ટીપ્પણી કરી હતી કે હાઈવે પાર્કિંગની જગ્યા નથી. સુપ્રીમ કોર્ટે એક અઠવાડિયામાં એમ્બ્યુલન્સ, વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ, વિદ્યાર્થીઓ વગેરે માટે હાઈવેની એક લેન ખોલવાનો આદેશ આપ્યો હતો.

આ માટે પંજાબ અને હરિયાણાના ડીજીપી ઉપરાંત પટિયાલા, મોહાલી અને અંબાલાના એસપીને બેઠક યોજીને આ અંગે



નિર્ણય લેવા માટે કહેવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ કેસની સુનાવણી 22 ઓગસ્ટે થશે. જોકે, કોર્ટે કહ્યું કે જો પંજાબ અને હરિયાણાના પોલીસ અધિકારીઓ વચ્ચે સમજૂતી થઈ જાય તો સુનાવણીની તારીખની રાહ જોવાની જરૂર નથી. તમને જણાવી દઈએ કે આ પહેલા પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે શંભુ બોર્ડરને ખોલવા માટે કહ્યું હતું. તેની સામે હરિયાણા સરકાર સુપ્રીમ કોર્ટમાં ગઈ હતી. આ સિવાય પંજાબ અને હરિયાણાની સરકારોએ આંદોલનકારી ખેડૂતો સાથે વાત કરવા માટે નિષ્પક્ષ સમિતિના સભ્યોના નામ આપ્યા છે. આ સમિતિના સભ્યો ખેડૂતો અને કેન્દ્ર સરકાર વચ્ચે મધ્યસ્થી તરીકે કામ કરશે. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું કે જો અમે તમને બંનેને નામ આપવા માટે મનાવવામાં સફળ રહ્યા છીએ, હવે જ્યારે સ્થિતિ આવી છે તો તમે ખેડૂતોને કેમ સમજાવતા નથી? કારણ કે હાઈવે પાર્કિંગની જગ્યા નથી.

## J&Kના અનંતનાગમાં ત્રીજા દિવસે પણ સર્ચ ઓપરેશન: અત્યાર સુધીમાં 2 જવાનો શહીદ થયા

(એજન્સી) અનંતનાગ । તા.12

જમ્મુ-કાશ્મીરના અનંતનાગના કોકરનાગમાં ત્રીજા દિવસે પણ સર્ચ ઓપરેશન ચાલુ છે. શનિવારે (10 ઓગસ્ટ) સુરક્ષા દળોને અનંતનાગમાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. સેના અને આતંકવાદીઓ વચ્ચે થયેલા ફાયરિંગમાં હવાલદાર દીપક કુમાર યાદવ અને લાન્સ નાયક પ્રવીણ શર્મા શહીદ થયા હતા. ફાયરિંગમાં બે નાગરિકો પણ ઘાયલ થયા હતા, જેમાંથી એકનું રવિવારે હોસ્પિટલમાં મોત થયું હતું. રવિવારે (11 ઓગસ્ટ) સાંજે ઉધમપુરમાં સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થયું હતું.

## સૌથી ખતરનાક, કડવો અને ઝેરીલા માણસ છે રાહુલ ગાંધી: કંગનાએ ફરી ઝેર ઓક્યું

(એજન્સી) નવી દિલ્હી । તા.12

હિમાચલ પ્રદેશની મંડી સાંસદ અને એક્ટ્રેસ કંગના રનૌતે અદાણી ગ્રુપ અને સેબી ચીફ પર હિંડનબર્ગના આરોપોને લઈને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા છે. કંગના રનૌતે લોકસભામાં વિપક્ષના નેતાને સૌથી ખતરનાક, કડવા, ઝેરી અને વિનાશક વ્યક્તિ ગણાવ્યા છે. થોડા મહિના પહેલા જ બોલિવૂડમાંથી રાજકારણમાં પ્રવેશેલી કંગનાએ આરોપ લગાવ્યો કે, રાહુલ ગાંધી દેશની સુરક્ષા અને અર્થવ્યવસ્થાને અસ્થિર કરવાના તમામ પ્રયાસો કરી રહ્યા છે. કંગનાની આ ટિપ્પણી રાહુલ ગાંધી દ્વારા સરકાર પરના તાજેતરના હુમલાના જવાબમાં આવી છે. કંગના રનૌતે સોમવારે સવારે ટ્વિટર પર ટ્વીટ કરતાં લખ્યું કે, 'રાહુલ ગાંધી સૌથી ખતરનાક માણસ છે, તે કડવા, ઝેરી અને વિનાશક છે. તેમનો એજન્ડા છે કે, જો તેઓ વડાપ્રધાન ન બની શકે તો આ દેશને બરબાદ કરી શકે છે.



## 'અમે પરફેક્ટ દુનિયામાં નથી': UGC NET રદ કરવાની અરજી પર બોલ્યા CJI ચંદ્રચુડ

(એજન્સી) નવી દિલ્હી । તા.12

સુપ્રીમ કોર્ટે UGC NET પરીક્ષાને લઈને ચાલી રહેલા વિવાદનો અંત લાવી દીધો છે. સુપ્રીમ કોર્ટે સોમવારે પ્રશ્ન પેપર લીકના આધારે UGC-NET રદ કરવાના સરકારના નિર્ણય સામેની અરજી પર વિચાર કરવાનો ઈનકાર કર્યો હતો. તમને જણાવી દઈએ કે પેપર લીકના આધારે UGC-NET 2024 (યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન-નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ)ને રદ કરવાને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. પરીક્ષા રદ કરવામાં આવશે નહીં, 21મી ઓગસ્ટે લેવામાં આવશે રી-એક્ઝામ UGC NET ઉમેદવારોના જૂથ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં પરીક્ષા નવેસરથી આયોજિત કરવાના નિર્ણયને રોકવા માટે સર્વોચ્ચ અદાલતના તાત્કાલિક હસ્તક્ષેપની માગ કરવામાં આવી છે.

### IIS બેંગલુરુ, JNU અને જામિયા ટોપ-3 યુનિવર્સિટીઓમાં; NIRF એ આ વર્ષનું રેન્કિંગ જાહેર કર્યું

## IIT મદ્રાસ છઠ્ઠી વખત દેશની શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થા બની

(એજન્સી) નવી દિલ્હી । તા.12

નેશનલ ઈન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF) 2024નું રેન્કિંગ બહાર પાડવામાં આવ્યું છે. જેમાં IIT મદ્રાસ સતત છઠ્ઠી વખત દેશની શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થા બની છે. દેશની ટોચની 10 શૈક્ષણિક સંસ્થાઓમાં 7 IITનો સમાવેશ થાય છે.

તે જ સમયે, બેંગલુરુની ભારતીય વિજ્ઞાન સંસ્થા ટોચની યુનિવર્સિટીઓની રેન્કિંગમાં પ્રથમ સ્થાને છે. દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી બીજા સ્થાને અને જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટી ત્રીજા સ્થાને છે. NIRF દર વર્ષે કોલેજો અને યુનિવર્સિટીઓની શ્રેણી મુજબની રેન્કિંગ બહાર પાડે છે. આ વખતે રેન્કિંગ 46 કેટેગરીમાં જાહેર કરવામાં આવી





છે. 2023 માં આ રેન્કિંગ 11 કેટેગરીમાં બહાર પાડવામાં આવ્યું હતું. આમાં તમામ કોલેજો, યુનિવર્સિટીઓ, સંશોધન સંસ્થાઓ, એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ, ફાર્મસી, ડેન્ટલ, આર્કિટેક્ચર અને લો કોલેજોનો સમાવેશ થાય છે.

સંસ્થાઓની રેન્ક પાંચ આધારે નક્કી કરવામાં આવે છે રેન્કિંગ નક્કી કરવા માટે કોલેજો અને યુનિવર્સિટીઓનું મૂલ્યાંકન પાંચ મુદ્દાઓના આધારે કરવામાં આવે છે. ટીચિંગ, લર્નિંગ, એન્ડ રિસર્ચ (TLR), ગ્રેજ્યુએશન આઉટકમ (GO), પર્સેપ્શન (PR), આઉટરીચ અને ઈન્ક્લુઝિવિટી (OI). આ દરેક પરિમાણો હેઠળ, કોલેજો અને યુનિવર્સિટીઓને 100 માંથી સ્કોર આપવામાં આવે છે.

તેના આધારે વિદ્યાર્થીઓ ટોચની કોલેજોમાં પ્રવેશ મેળવે છે. રેન્કિંગની સાથે, કોલેજ-યુનિવર્સિટીમાં કેટલાક અન્ય ઘટકો પણ મહત્વપૂર્ણ છે. જેમ કે પર્યાવરણ, શિક્ષકો, પ્લેસમેન્ટ ટકાવારી અને મૂળભૂત માળખું.

## હિમાચલમાં પૂર, 4 બાળકો તણાઈ ગયા

### રાજસ્થાનમાં વરસીદને કારણે 24 કલાકમાં 20ના મોત

(એજન્સી) નવી દિલ્હી । તા.12

હિમાચલ પ્રદેશના મોટાભાગના વિસ્તારોમાં ગઈ મોડી રાતથી સતત વરસાદ પડી રહ્યો છે. ઉનાના હરૌલીના બાથરીમાં ચાર બાળકો પૂરમાં તણાઈ ગયા હતા. આમાંથી ત્રણના મૃતદેહ મળી આવ્યા છે, એક ગુમ છે. રાજસ્થાનમાં પણ ભારે વરસાદ ચાલુ છે. છેલ્લા 24 કલાકમાં 20 લોકોના મોત થયા છે. જેમાંથી 18 લોકોના ડૂબી જવાથી મોત થયા છે, જ્યારે એક પિતા અને તેના પુત્રનું મકાન ધરાશાયી થવાને કારણે મોત થયું છે. ભારે વરસાદને કારણે જયપુર



સહિત 5 જિલ્લામાં સ્કૂલોમાં રજા જાહેર કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશ અને બિહારમાં ગંગા નદીમાં પૂર છે. યુપીમાં ગંગા-યમુના કિનારે આવેલા 15 જિલ્લામાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. બિહારમાં ગંગા ઉપરાંત ગંડક સહિત ચાર મોટી નદીઓ પણ ભયજનક નિશાનથી ઉપર વહી રહી છે.

# યુવાનોની ઊર્જા અને સમર્પણથી વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં મદદ મળશે: ડૉ.મનસુખ માંડવિયા

**કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ આંતરરાષ્ટ્રીય યુવા દિવસ પર આયોજિત 'ઇમ્પેક્ટ વીથ યુથ કોન્ક્લેવ 2024'માં મુખ્ય ભાષણ આપ્યું**

અમદાવાદ | તા.12

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત તથા શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે ગુજરાતના અમદાવાદમાં 'ઈમ્પેક્ટ વીથ યુથ કોન્ક્લેવ 2024'માં મુખ્ય સંબોધન કર્યું હતું. યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના સહયોગથી સંયુક્ત રાષ્ટ્ર ભારત, યુનિસેફ, યુનિસેફ યુવાહ અને એલિક્ઝિર ફાઉન્ડેશન દ્વારા સંયુક્ત રીતે આયોજિત આ કાર્યક્રમમાં સેંકડો ઉત્સાહી યુવાનોને પોતાની ક્ષમતાને ખોલવા માટે સમર્પિત કરવામાં આવ્યા હતા. વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં યુવાનોની ભૂમિકા પર પ્રકાશ પાડતા ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે, 'યુવાનો માત્ર




આવતીકાલના જ નહીં, પરંતુ આજના પરિવર્તન ઘડનારાઓ પણ છે. તમારી ઊર્જા, નવીનતા અને સમર્પણ માનનીય પ્રધાનમંત્રીના વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતનાં વિઝનને સાકાર કરવા માટે ચાવીરૂપ છે.' કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, ભારત યુવા દેશ છે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં સરકારને તેમની ક્ષમતાઓ પર સંપૂર્ણ વિશ્વાસ છે અને તેમને સશક્ત બનાવવામાં અને તેમને શ્રેષ્ઠ તકો પ્રદાન કરવામાં કોઈ કસર છોડવામાં નથી આવી રહી. ડિજિટલ ટેકનોલોજીની પરિવર્તનકારી સંભવિતતા વિશે વાત કરતાં ડૉ. માંડવિયાએ યુવાનોને એમવાય ભારત પ્લેટફોર્મ પર નોંધણી કરાવવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, સરકારે બદલાતાં સમય સાથે દેશનાં ભવિષ્યને સુસંગત કરવા માટે આ પ્લેટફોર્મ રજૂ કર્યું છે. તેમણે કહ્યું હતું કે, 'આગામી દિવસોમાં, એમવાય ભારત યુવાનોની તમામ જરૂરિયાતો માટે વન-સ્ટોપ સોલ્યુશન તરીકે કામ કરશે.' તેમણે ઉમેર્યું હતું કે, 'પછી તે માહિતી હોય, કારકિર્દીની અરજીઓ હોય કે ફોર્મ સબમિટ કરવાનું હોય, આ પ્લેટફોર્મ માત્ર રાષ્ટ્રીય સ્તરે જ નહીં, પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સુલભ થશે.' 'યુવા સંવાદ' નામના વિશેષ સેગમેન્ટમાં ડૉ. માંડવિયાએ યુવાનો સાથે સંવાદ સાધ્યો હતો. અસંખ્ય યુવાન સહભાગીઓએ પડકારોનો સામનો કરવા અને તેમના સમુદાયોમાં સકારાત્મક પરિવર્તન લાવવાની તેમની પ્રેરણાદાયી વાતો શેર કરી હતી, જે સમાજમાં અર્થપૂર્ણ યોગદાન આપવા માટે તેમની સંભવિતતા અને દ્રઢ નિશ્ચય પર ભાર મૂકે છે. કેન્દ્રીય મંત્રીએ યુવાનોને માનનીય પ્રધાનમંત્રીની ★Plant4Mother પહેલમાં સક્રિયપણે ભાગ લેવા પણ પ્રોત્સાહન આપ્યું હતું, જેમાં પર્યાવરણનાં સંરક્ષણ અને સ્થાયી પદ્ધતિઓમાં યુવાનોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

## હરે કૃષ્ણ મંદિર, ભાડજમાં ઝૂલણ યાત્રાની થનાર ઉજવણી

અમદાવાદ | તા.12

ઝૂલન ઉત્સવ શ્રાવણ મહિનામાં તેજસ્વી પખવાડિયાના અગિયારમાં દિવસથી(અગ્યારસ) પૂર્ણ-ચંદ્ર દિવસ(પૂર્ણિમા) સુધી ઉજવવામાં આવે છે. આ ઉત્સવ બાળપણમાં મનોરંજન માટે ભગવાન શ્રી કૃષ્ણ અને તેમના મિત્રો, ગાયો ચરાવનાર યુવાન છોકરા અને છોકરીઓ વૃક્ષ નીચે ઝૂલતા એ પ્રસંગની યાદગીરીરૂપે ઉજવવામાં આવે છે. ભગવાન શ્રી કૃષ્ણ અને તેમના સહયોગ શ્રી રાધા અને બીજી ગોપીઓ તથા ગોપાઓ ચોમાસાની ઋતુ દરમ્યાન મસ્તી અને ધુન સાથે વૃંદાવનમાં ઝૂલતા હતા. આ ઉત્સવ એક વિશેષ સેવા છે જે ભક્તો



ભગવાનને અપર્ણ કરે છે. ચોમાસું ભેજવાળું હોય છે અને ઠંડો વરસાદ પડવા છતાં પણ વાતાવરણનું તાપમાન ગરમ રહે છે. આકાશમાંથી ઘનઘોર વર્ષા પડતા ઘણું બધું પાણી જમીન પર, અને ચોતરફ બધે પડે છે જે દરમ્યાન બધા જ ઈચ્છે કે હજુ વધુ પાણી મળે ને ઠંડક થાય.

## ગુજરાતના માનનીય મુખ્યમંત્રી અડાલજમાં હાર્ટફુલનેસ મેડિટેશન સેન્ટર ખાતે પૂજય દાજીની મુલાકાત લીધી

અમદાવાદ | તા.12

ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલજીએ સોમવારે સવારે અમદાવાદ શહેરની બહાર અડાલજમાં હાર્ટફુલનેસ ધ્યાન કેન્દ્રગ ખાતે પૂજય દાજી - હાર્ટફુલનેસના માર્ગદર્શક અને શ્રી રામચંદ્ર મિશનના પ્રમુખની મુલાકાત લેવા આવ્યા હતા. આ મુલાકાતનો હેતુ પૂજય દાજીનુ અભિવાદન કરવાનો, હાર્ટફુલનેસ ઈન્સ્ટિટ્યૂટના કાર્યોને સમજવાનો, ખાસ કરીને વૃક્ષારોપણની ઝુંબેશના સંદર્ભમાં અને હરિયાળી પહેલને ટેકો આપવાની શક્યતાઓ જોવાનો હતો. મુખ્યમંત્રીએ પૂજય દાજી પાસેથી વ્યક્તિગત હાર્ટફુલનેસ ધ્યાનની બેઠક લીધી હતી અને



ગુજરાતમાં ખાસ કરીને વડનગર વિસ્તારમાં તમામ ફોરેસ્ટ બાય હાર્ટફુલનેસ પ્રોજેક્ટ્સ વિષે તેમને માહિતગાર કરવામાં આવ્યા હતા. પૂજય દાજીએ માનનીય મુખ્યમંત્રીને તેમના સૌથી વધુ વેચાણ ધરાવતા પુસ્તકો 'સ્પિરિચ્યુઅલ એનાટોમી' અને 'ધ વિઝડમ બ્રિજ'ના ગુજરાતી અનુવાદો પણ ભેટ આપ્યા હતા. પૂજય દાજીએ માનનીય મુખ્યમંત્રીને હૈદરાબાદ શહેરથી થોડે દૂર આવેલા કાન્હા શાંતિ વનમ (વિશ્વનું સૌથી મોટું ધ્યાન કેન્દ્ર) હાર્ટફુલનેસના મુખ્યાલયની મુલાકાત લેવાનું ઉષ્માભર્યું આમંત્રણ પણ આપ્યું હતું.



આજરોજ ડોડીયા પરિવાર સમાજ વિકાસ ટ્રસ્ટ ચાણસ્મા દ્વારા રોહિત સ્મશાનભૂમિ મા વૃક્ષારોપણ ના કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ટ્રસ્ટ ના પ્રમુખ તથા સભ્યો તેમજ સમસ્ત ડોડીયા પરિવારના ભાઈ બહેનો. નગરપાલિકા પૂર્વ પ્રમુખ કલ્પેશ પરમાર. ટ્રસ્ટ ના પ્રમુખ ડો. વિનોદભાઈ પરમાર. ઉપપ્રમુખ નરોત્તમભાઈ. મંત્રીશ્રી વિઠ્ઠલભાઈ. રાકેશભાઈ પરમાર. બકુલેશ ડોડીયા. સુરેશભાઈ. વિક્રમભાઈ. નટુભાઈ. અમરતભાઈ ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો.

## કાલાવડ તાલુકામાં ભુલકાંઓએ ઉત્સાહભેર દેશભક્તિનો સંદેશો આપતી રંગોળીનું નિર્માણ કર્યું



વિશાલ જે હરવરા, જામનગર : સમગ્ર જામનગર જિલ્લામાં તાલુકા કક્ષાએ અને ગ્રામ્ય કક્ષાએ હર ઘર તિરંગા અભિયાનને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અબાલવૃદ્ધ સર્વે નાગરિકો આ અભિયાનમાં કોઈને કોઈ રીતે પોતાનું યોગદાન આપી રહ્યા છે. ત્યારે કાલાવડ તાલુકામાં આવેલ બાંગા પ્રાથમિક શાળાના ભુલકાંઓએ ઉત્સાહભેર દેશભક્તિનો સંદેશો આપતી વિવિધ સુંદર મજાની રંગોળીનું નિર્માણ કર્યું હતું. તેમજ હર ઘર તિરંગા અભિયાનમાં પોતાની હિસ્સેદારી નોંધાવી હતી. આ સમગ્ર કાર્યક્રમના આયોજન બદલ તાલુકા વહીવટી તંત્ર, શાળાના આચાર્યશ્રી અને શિક્ષક મિત્રોએ જહેમત ઉઠાવી હતી.

## 'પરીક્ષા પે ચર્ચા' માં ભાગ લેવા બદલ પીએમ મોદી એ રાજપીપળા ના શિક્ષિકા મનીષા બ્રહ્મભટ્ટ ની પ્રશંસા કરી

ભરત શાહ, રાજપીપળા

રાજપીપળા માં રહેતા શિક્ષિકા મનીષાબેન બ્રહ્મભટ્ટ એ પરીક્ષા પે ચર્ચા' માં ભાગ લીધા બાદ પીએમ મોદી એ તેમને પત્ર લખી તેમની પ્રશંસા કરી હતી પીએમ એ



લખેલા પત્ર માં જણાવ્યું છે કે દેશના ઉજ્જવળ ભવિષ્યને સુનિશ્ચિત કરવામાં તમારા જેવા શિક્ષકોનું યોગદાન ઘણું છે. શિક્ષકો વિદ્યાર્થીઓમાં એવા મૂલ્યો કેળવવામાં મદદ કરે છે જે રાષ્ટ્ર અને સમાજના કલ્યાણમાં મદદ કરે છે. આપણી સંસ્કૃતિમાં જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ગુરુઓ અને તેમના માર્ગદર્શનનું ખૂબ મહત્વ છે. આજના ઝડપથી બદલાતા સમયમાં, શિક્ષકોની ભૂમિકા વિદ્યાર્થીઓના જીવનને આકાર આપવાની અને તેમને આગળ વધવાની પ્રેરણા આપવાની છે.

# સૌરાષ્ટ્રભરના ખેડૂતો માટે કૌશિક વેકરીયા અને મહેશ કસવાળાની જુગલ બંધી આવી મેદાનમાં

**સૌરાષ્ટ્ર સાથે અમરેલી જિલ્લાના ડેમોને સૌની યોજનાથી ભરવા ધારાસભ્ય કસવાળા,વેકરીયાની રજુઆત**

સાવરકુંડલા | તા.12

સૌરાષ્ટ્ર સાથે અમરેલી જિલ્લામાં ઓણ સાલ ઓછા વરસાદથી ખેડૂતોના ખેતીપાકો માટે ચિંતાના વાદળો ઘેરાયા હોય ત્યારે વિધાનસભાના નાયબ દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયા અને સાવરકુંડલા લીલિયા વિધાનસભા બેઠકના ધારાસભ્ય મહેશ કસવાળાએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા ને લેખિત પત્ર પાઠવીને અમરેલી જિલ્લામાં ઓછા વરસાદથી ખેતીપાક સહિત ખેડૂતોને આગામી સમયમાં ખેતી કરવામાં મુશ્કેલીઓ ઊભી થવાની શક્યતાઓને ધ્યાને લઈને અમરેલી જિલ્લાની જુગલબંધી



ગણાતા ધારાસભ્ય મહેશ કસવાળા અને કૌશિક વેકરીયા આગળ આવ્યા છે ને ચોમાસાની સીઝનમાં ઓછા વરસાદથી સૌરાષ્ટ્ર સાથે અમરેલી જિલ્લાના ખેડૂતો માટે સરકારશ્રી દ્વારા નર્મદા ડેમ ગઈકાલે જ ઓવરફ્લો થયો હોય જેનું પાણી છોડવામાં આવી રહ્યું હોય ત્યારે અમરેલી જિલ્લામાં સૌની યોજના હેઠળ સૌરાષ્ટ્રના ડેમો ભરવામાં આવે તો પાણીના તળ ઊંચા આવે તેમ હોય અને ખેડૂતોને મોટા પ્રમાણમાં ખેતીપાકોમાં ફાયદો થાય જેથી વધારાના પાણીથી સૌરાષ્ટ્રના ડેમો સૌની યોજના તળે ભરાઈ તેવી ખેડૂતોના હિતાર્થે લાગણી સાથે માંગણી કરતો પત્ર ધારાસભ્ય મહેશ કસવાળા અને કૌશિક વેકરીયાએ પાઠવતા અમરેલી જિલ્લા સાથે સૌરાષ્ટ્ર ભરના ખેડૂતો માટે આશીર્વાદ રૂપ પાઠવેલા પત્રથી ધારાસભ્ય કૌશિક વેકરીયા અને મહેશ કસવાળા પર ખેડૂતોએ આશીર્વાદ આપ્યા છે તેવું સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરા એ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## રાજપીપળા વડ ફળિયા વિસ્તાર માં સાપ નીકળતા સ્થાનિકો ના જીવ અધ્ધર

ભરત શાહ દ્વારા, રાજપીપળા : રાજપીપળા ના વડ ફળિયા માં આજે સવારે એક સાપ નીકળતા સ્થાનિકો માં ફફડાટ ફેલાયો હતો, શહેરી વિસ્તાર માં જવલ્લેજ દેખતા સાપ આમ અચાનક દેખાતા લોકો ગભરાય ગયા હતા અને ગભરાયેલા લોકો એ સાપ ને મારી નાખ્યો હતો રાજપીપળા વડ ફળિયા માં રહેતા આરીફભાઈ કુરેશી કામ અર્થે બજાર ગયા



હતા ત્યારે ઘરમાં એમના પત્ની હતા અને ઘર બહાર દીવાલ પર લાગેલ પાણીના ભૂંગળા પાછળ એક સાપ દેખાતા સ્થાનિકો એ તેમના પત્ની ને જાણ કરી ત્યારબાદ સાપ ને જેમ તેમ ભૂંગળા થી બહાર કાઢ્યો અને ગભરાયેલા સ્થાનિક લોકો એ આખરે આ સાપ ને મારી નાખતા સૌએ રાહત અનુભવી હતી. આ બાબતે આરીફ કુરેશી એ વન વિભાગ માં પૂછતા જાણવા મળ્યું કે આ ધામણ જાતી ની સાપ હતો અને એ બિન ઝેરી હોય છે.

## એક પેડ માં કે નામ અભિયાનની સાથે 75માં વન મહોત્સવની ઉજવણી કે એમ દોશી હાઇસ્કુલ બાકોર-પાંડરવાડા ખાતે કરાઈ

જગદીશ ત્રિવેદી, લુણાવાડા : મહીસાગર જિલ્લા કક્ષાની ૭૫માં વન મહોત્સવની ઉજવણી શિક્ષણ મંત્રી ની ઉપસ્થિતિ માં કરવામાં આવ્યું.

એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોર સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરાયું 'હર ઘર તિરંગા અભિયાન' અંતર્ગત દરેક નાગરિકને પોતાના ઘર પર તિરંગો લહેરાવવાનું આહવાન કરતાં શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર મહીસાગર જિલ્લા કક્ષાની એક પેડ માં કે નામ અભિયાનની સાથે ૭૫માં વન મહોત્સવની ઉજવણી કે એમ દોશી હાઈસ્કુલ, બાકોર-પાંડરવાડા ખાતે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાઈ.



# વઘઇ રેંજનાં વનકર્મીઓની ટીમે વઘઇ લોઅર નાકા પાસે વોચ ગોઠવી પાસ પરમીટ વગરના સાગી ચોરસા સાથે એકની અટકાયત

સુશીલ પવાર,ડાંગ

પ્રાપ્ત વિગતો અનુસાર દક્ષિણ ડાંગ વન વિભાગનાં ડી.સી.એફ.રવિપ્રસાદ રાધાક્રિષ્નાનાં માર્ગદર્શન હેઠળ વઘઇ રેંજનાં આર.એફ.ઓ દિલીપ રબારી તથા વનકર્મીઓની ટીમ દ્વારા લાગુ રેંજ વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ હાથ ધર્યુ હતુ. તે વેળાએ વઘઇ રેંજનાં આર.એફ.ઓ ડી.કે. રબારીને લાકડા તસ્કરી અંગેની ખાનગી રાહે બાતમી મળી હતી.જે બાતમીનાં આધારે વઘઇ રેંજનાં વનકર્મીઓની ટીમે વઘઇ લોઅર નાકા પાસે વોચ ગોઠવી હતી.તે વેળાએ વઘઇ તરફથી મારૂતિ સુઝુકી કંપનીની ઓમીની વાન. ન.જી. જે.05.સી.જી.1005 જે વાંસદા તરફ જઈ રહી



હતી.ત્યારે વઘઇ રેંજની વનકર્મીઓની ટીમે વઘઇ લોઅર નાકા પાસે આ ઓમીની વાન ઉભી રાખી તેમાં તપાસ કરતા સાગી ચોરસાનો જથ્થો મળી આવ્યો હતો.અહી વઘઇ રેંજ વિભાગનાં કર્મચારીઓએ ઓમીની વાનમાંથી પાસ પરમિટ વગરના સાગી ચોરસા નંગ-7 ઘન મીટર.-0.280 જેની અંદાજીત રકમ- 20 હજાર અને ગાડીની અંદાજીત રકમ 40 હજાર એમ બન્ને મળીને કુલ કિંમત રૂપિયા 60 હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.હાલમાં વાન ચાલકની અટકાયત કરવામાં આવી છે.આ લાકડા તસ્કરી બાબતે વઘઇ રેંજનાં આર.એફ.ઓ ડી.કે. રબારીએ ચાલકની અટકાયત કરી આ લાકડાનો જથ્થો ક્યાંથી ભર્યો તથા ક્યાં લઈ જવાઈ રહ્યો હતો.તેમજ લાકડાની તસ્કરીમાં કોણ કોણ સામેલ છે.જે અંગેની વધુ તપાસ હાથ છે.

દિપક રાવલ, દાહોદ : ભગવાન બિરસા મુંડા ની મૂર્તિ પર સરકારી તંત્રએ નોટિસ મુકતા ધાનપુર તાલુકાના આદિવાસી. સમાજના આગેવાનોએ દાહોદ જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યું ધાનપુર તાલુકાના આદિવાસી પરિવાર દ્વારા નવમી ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસના દિવસે પીપેરો ચોકડી પર ભગવાન બિરસા મુંડા ની મૂર્તિ મુકવાને લઈને મકાન અને માર્ગ વિભાગ દ્વારા નોટિસ મુકવામાં આવી હતી તેના વિરોધને લઈને ધાનપુર તાલુકાનાઆદિવાસી



સમાજના આગેવાનો દ્વારા દાહોદ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું દાહોદ જિલ્લાના તેમજ પંચમહાલ છોટાઉદેપુર જિલ્લાના આગેવાનો હોદ્દેદારો ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહીને પીપેરો મુકામે જે ભગવાન બિરસા મુંડા ની મૂર્તિ મૂકવામાં આવી છે તેની જાળવણી થાય અને કોઈ પણ ભોગે મૂર્તિને ત્યાંથી હટાવવામાં નહીં આવે તેવી માંગ સાથે ધાનપુર તાલુકાના આદિવાસી સમાજના હોદ્દેદારો આગેવાનોની માંગ લઈને દાહોદ જિલ્લા કલેક્ટર સાહેબ ને આવેદન પત્ર આપવામાં આવ્યો હતો



આજ રોજ શ્રાવણ માસના અતિ પાવન બીજા સોમવારે દાહોદ જિલ્લા સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા શ્રી કેદારનાથ ધામ કાળીડેમ ખાતે ભગવાન ભોલેનાથની સેવા પૂજા કરી જલાભિષેક કરવામાં આવ્યો .

- દિપક રાવલ દાહોદ

## બગસરા તાલુકાના પીઠડીયા ગામનું ગૌરવ

અશોક મણવર બગસરા

અમરેલીના બગસરા તાલુકાના પીઠડીયા ગામનું ગૌરવ જિજ્ઞેશભાઈ આર. વાળાને ASI આસિસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે જામનગર જિલ્લામાં પ્રમોશન મળતાં ગુજરાત પોલીસનો આભાર માન્યો. આ તકે સામાજિક કાર્યકર્તા રામભાઈ વાળા, અમિત આર વાળા, વિપુલભાઈ વાળા,જતિનભાઈ વાળા,મયંકકુમાર વાળા,જયરાજ વાળા,મૌલિકકુમાર મકવાણા (લંડન) , વિનોદરાય પરમાર,ખુબ ખુબ અભિનંદન ઉતરોતર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવેલ.



## લિંબાયતના ધારાસભ્ય સંગીતાબેન પાટીલે સેવાકીય પ્રવૃત્તિઓ સાથે પોતાના જન્મ દિવસની ઉજવણી કરી

સુરત | તા.12

લિંબાયતના ધારાસભ્ય સંગીતાબેન પાટીલે જન સેવા એજ પ્રભુ સેવાના ભાવ સાથે રક્તદાન શિબિર, સર્વ રોગ નિદાન કેમ્પ, મેડિકલ કેમ્પ, આંખની તપાસ સહિત જરૂરીયામંદોને અનાજ કિટ, ધાબળાનું વિતરણ કરીને પોતાના જન્મ દિવસની અનોખીરીતે ઉજવણી કરી હતી. આ અવસરે



દિવ્યાંગો ૧૧ વ્હીલ ચેર, ૧૦ બગલ ઘોડી, ૧૦ વોકર, ૧૦ ટોઈલેટ ચેર, ૧૦ હેન્ડ સ્ટીક સહિત ચશ્મા વિતરણ જરૂરીયાતમંદોને વિતરણ કરાયું હતું. શહેરના લિંબાયતના ધારાસભ્ય સંગીતાબેન પાટીલે જણાવ્યું હતું કે, ભારતના દરેક પ્રાંતના લોકો લિંબાયત વિસ્તારમાં વસે છે.

## NEWS TRACK

### રાંધણ છઠ ને જમવાનું બનાવવા બાબતે કહેતા ગર્ભવતી મહિલા એ ઝેરી દવા પી આપઘાત કર્યો

ભરત શાહ દ્વારા, રાજપીપળા : રાકેશકુમાર કંચનભાઈ બારીયા ઉંમર વર્ષ આશરે-૨૯ ધંધો-નોકરી રહે કંથરપુર મોટું ફળિયુ તાલુકો તિલકવાડા જિલ્લો નર્મદા નાઓ એ પોલીસ ને જાણ કર્યા મુજબ તેમના પત્નિ પ્રજ્ઞાબેન રાકેશભાઈ બારીયા ઉ.વ.-૨૪ ના લગ્ન દોઢ વર્ષ પહેલાં થયા હતા અને હાલમાં તેઓ સાત મહીનાનો ગર્ભ હોય તેમને રાઘણછઠ્ઠના દિવસે આખો દિવસ જમવાનું બનાવવુ પડેલ હોય અને તે જિદ્દી સ્વભાવના હોય ઘરકામ બાબતે કહેવા જતા તેમને લાગી આવતા આવેશમાં આવી કપાસમાં છાંટવાની મોનોકોટો નામની ઝેરી દવા પી જતા સારવાર માટે પ્રથમ ગરૂડેશ્વર સરકારી દવાખાને ત્યારબાદ રાજપીપલા સિવીલ હોસ્પીટલ ખાતે સારવાર માટે લઈ જતા તેમનું મોત નિપજ્યું હતું.



### આહવા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે નશા મુક્ત ભારત અભિયાન અંતર્ગત કાર્યક્રમ નું આયોજન

સુશીલ પવાર,ડાંગ : ડાંગ જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયા, નાયબ પોલીસ અધિક્ષકોમાં એસ. જી.પાટીલ,જયદીપ સરવૈયાનાં માર્ગદર્શન હેઠળ નશા મુક્ત ભારત અભિયાન અંતર્ગત એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં ડાંગ એસ.ઓ.જીનાં પી.એસ.આઈ એમ.જી.શેખ દ્વારા ઉપસ્થિત પોલીસ કર્મીઓને નશામુક્ત ભારત અંગે માર્ગદર્શન આપી સુરક્ષાકર્મીઓએ નશા જેવી આદતોથી દૂર રહેવા માટે અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ અને ગ્રામ રક્ષક દળના જવાનોએ નશા મુક્તિની પ્રતિજ્ઞા લીધી હતી.આ કાર્યક્રમ દ્વારા જિલ્લામાં નશા વિરુદ્ધની લડતને વેગ મળશે તેવી આશા સેવાઈ રહી છે.



### તરસાઈ ગામે હર ઘર તિરંગા અભિયાન અન્વયે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું

વિશાલ જે હરવરા, જામનગર : આગામી રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે સમગ્ર જિલ્લામાં હર ઘર તિરંગા અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે. તેને અનુલક્ષીને જામજોધપુર તાલુકામાં આવેલ તરસાઈ ગામમાં હર ઘર તિરંગા અભિયાન અન્વયે વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યું હતું. તરસાઈ ગ્રામ પંચાયત અને પ્રાથમિક શાળા દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરાયુ હતું. જેમાં બહોળી સંખ્યામાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા. આ ઉપરાંત શાળા પરિવાર દ્વારા ભૂલકાંઓ માટે ચિત્રસ્પર્ધા, રંગોળી સ્પર્ધા અને વેસ્ટમાંથી બેસ્ટ આર્ટ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં સર્વે ભૂલકાંઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યકમના આયોજન બદલ તાલુકા વહીવટી તંત્ર, ગ્રામ પંચાયત, શાળાના આચાર્યશ્રી અને શિક્ષક મિત્રોએ જહેમત ઉઠાવી હતી.



### જોડીયા તાલુકામાં તમાકુની બનાવટોનું વેચાણ કરતી દુકાનોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું

પ્રદિપસિંહ જી રાઠૌર, જામનગર : મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.ભાયા, એપેડેમિક મેડિકલ ઓફિસર શ્રી ડો.રાઠોડ, તાલુકા હેલ્થ ઓફિસર શ્રી ડો. સંજય સોમૈયા અને પી.એચ.સી. પીઠડ મેડીકલ ઓફિસરશ્રીના મોનીટરીંગમાં જોડિયા તાલુકાના જામદુધઈ ગામ વિસ્તારમાં આવેલ દુકાનોમાં ''ધી સિગારેટસ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટસ એક્ટ'' COTPA- 2003 અન્વયે ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં કલમ 4 હેઠળ જાહેર સ્થળોએ ધુમ્રપાન પર પ્રતિબંધ પર 1 કેસ દાખલ કરવામાં આવેલ. તેમજ કલમ 6 (અ) મુજબ 18 વર્ષથી નીચેની વયની વ્યક્તિઓને તમાકુ કે તમાકુની બનાવટો વેચવા, આપવા માટે કે વેચાણ માટે આપવા પર પ્રતિબંધ મુજબ 3 કેસ દાખલ કરાયેલા અને કલમ 6 (બ) શૈક્ષણિક સંસ્થાઓની 100 વારના વિસ્તારમાં તમાકુ કે તમાકુની બનાવટોનું વેચાણ કરવા પર પ્રતિબંધ મુજબ કુલ 4 કેસ દાખલ કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યવાહી દરમિયાન રૂપિયા 700 જેટલો દંડ એકત્ર કરવામાં આવ્યો હતો.



### કેબિનેટ મંત્રીશ્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને જામજોધપુરમાં "તિરંગા યાત્રા" યોજાઈ

પ્રદિપસિંહ જી રાઠૌર, જામનગર : જામનગર તા.10 ઓગસ્ટ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં સમગ્ર દેશમાં તારીખ ૮ મી થી ૧૫ મી ઓગસ્ટ દરમિયાન 'હર ઘર તિરંગા અભિયાન' અને 'તિરંગા યાત્રા' યોજાઈ રહી છે. જે અંતર્ગત ગુજરાતમાં પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં આ અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમોના ભવ્ય આયોજનો કરવામાં આવ્યા છે. જામનગર જિલ્લામાં પણ હર ઘર તિરંગા અભિયાનને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જેમાં અબાલવૃદ્ધ સર્વે નાગરિકો ઉત્સાહભેર સહભાગી બની રહ્યા છે અને જિલ્લા વહિવટી તંત્ર દ્વારા તમામ નાગરિકોને રાષ્ટ્રધ્વજનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આજરોજ તારીખ ૧૦ ઓગષ્ટના રોજ જામજોધપુરમાં કેબિનેટ મંત્રીશ્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને હર ઘર તિરંગા અભિયાનના ભાગરૂપે જિલ્લા કક્ષાની તિરંગા યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.



### પાલનપુર માં માથુર વૈશ્ય ગુપ્તા સમાજ નાં નવાં પ્રમુખ તરીકે શ્રી ડો ભરતભાઈ ગુપ્તા ની સમાજ સર્વ સંમતિથી વરણી કરવામાં આવી

પાલનપુર : પાલનપુર શહેરમાં માથુર વૈશ્ય ગુપ્તા સમાજ ની નવી કારોબારી તેમજ પ્રમુખ ની ચૂંટણી માટે આજ રોજ ડો હાઉસમાં ગુપ્તા સમાજ ની વાડીમાં સમાજ નાં સૌ કોઈ મહિલાઓ યુવતીઓ યુવાનો બુઝુર્ગ ની હાજરી માં અમદાવાદ થી ચૂંટણી ઈન્ચાર્જ તરીકે ઉર્મેશભાઈ ગુપ્તા તેમજ તેમના સહયોગી તરીકે સુરેશભાઈ ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા આજે યોજાયેલી ચૂંટણીમાં સમાજ નાં સૌ કોઈ મહિલાઓ યુવતીઓ યુવાનો બુઝુર્ગ ની હાજરી માં સર્વ સંમતિથી પાલનપુર નાં જાણીતા શ્રી ડો ભરતભાઈ ગુપ્તા ની પ્રમુખ તરીકે વરણી કરવામાં હતી ડો ભરતભાઈ ગુપ્તા ઢુંઢીયાવાડી વિસ્તારમાં ઘણા સમયથી પોતે ડોક્ટર તરીકે સેવાઓ આપે છે ગુપ્તા સમાજ કેન્દ્ર કાર્ય કરણી નાં સભ્ય તરીકે શૈલેષભાઈ ગુપ્તા તેમજ મહિલા મંડળ નાં પ્રમુખ તરીકે શ્રીમતી આરતીબેન ગુપ્તા કેન્દ્ર કાર્ય કરણી નાં સદસ્ય તરીકે બિમ્મીબેન ગુપ્તા સેવાદળના પ્રમુખ તરીકે શ્રી સાહિલ ગુપ્તા તેમજ કેન્દ્ર કાર્યકરણી નાં સદસ્ય તરીકે હિમાંશુ ગુપ્તા ની સર્વ સંમતિથી વરણી કરવામાં આવી હતી આજની આ સફળ મીટીંગ માં સમાજ નાં પુર્વ પ્રમુખ પણ હાજર રહ્યા હતા સમાજ નાં સૌ કોઈ એ અભિનંદન પાઠવ્યા હતા અને આનંદ ની લાગણી અનુભવી હતી ગુપ્તા સમાજ મીટીંગ માં પ્રમુખ કારોબારી ની સર્વ સંમતિથી આયોજન કરવામાં આવે છે.



OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# સોમનાથમાં શિવભક્તોનો મહાસાગર છલકાયો

## બીજા સોમવારે પૂર્વ Dy.CM નીતિન પટેલે સહપરિવાર દર્શન કર્યાં, પાલખીયાત્રામાં હજારો ભક્તો જોડાયા...



ગીર સોમનાથ | દેવાધિદેવ સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં શ્રાવણ મહિનાનો ભવ્યાતિભવ્ય પ્રારંભ થઈ ચૂક્યો છે. આજે દ્વિતીય સોમવારે સોમનાથ મંદિર પરિસરમાં મહાદેવનાં દર્શન કરવા દેશભરમાંથી હજારોની સંખ્યામાં ભાવિકો ઊમટી રહ્યા હતા. વહેલી સવારથી જ અભૂતપૂર્વ સંખ્યામાં ભક્તો ઊમટતાં ભક્તોનો મહાસાગર જોવા મળ્યો હતો. શિવજીની આરાધનાના મહાપર્વ એવા શ્રાવણ માસના પવિત્ર સોમવારે સોમનાથ મહાદેવનાં દર્શન કરી ભક્તિનું ભાથું બાંધવા દેશ-વિદેશના શ્રદ્ધાળુઓ સોમનાથ પહોંચ્યા છે.

શ્રાવણના બીજા સોમવારે રાજ્યના પૂર્વ ઉપ મુખ્યમંત્રી નીતિન પટેલે સહપરિવાર સોમનાથ મહાદેવને શીશ ઝુકાવી દર્શન કર્યા હતા. તેમજ દેશની એકતા, અખંડિતતા અને સલામતી માટે સોમનાથ મહાદેવને પ્રાર્થના કરી હતી. આ દરમિયાન પત્રકારો સાથેની વાતચીતમાં કોંગ્રેસની ન્યાયયાત્રાને લઈને પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું કે, કોંગ્રેસે તેનું અસ્તિત્વ ટકાવી રાખવા તેમજ રાજકીય હયાતી બતાવવા ન્યાયયાત્રાનો સહારો લીધો છે. રાજ્ય સરકાર તમામને ન્યાય આપે છે અને દોષીતોને વધુમાં વધુ સજા માટે સરકાર કટિબદ્ધ છે. તેમણે વધુમાં કહ્યું કે ગુલટી બાઝ અને ભૂતિયા શિક્ષકો વિરુદ્ધ પણ કડક કાર્યવાહી થવી જોઈએ.

ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા દ્વારા ટ્રસ્ટ પરિવાર સમેત પાલખીપૂજા કરી પાલખીયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. તીર્થની પ્રણાલિકા અનુસાર સવારે સોમનાથ મહાદેવની પ્રતિકૃતિ સ્વરૂપે મંદિર પરિસરમાં પાલખીયાત્રામાં પ્રદક્ષિણા કરવામાં આવી હતી, જેમાં હજારો ભક્તો જોડાયા હતા.

વહેલી સવારથી જ ભાવિકોનો પ્રવાહ અવિરતપણે સોમનાથ મંદિરમાં શરૂ રહ્યો હતો. સવારે 4 વાગ્યાથી 10 વાગ્યા (6 કલાકમાં) 30 હજાર જેટલા ભાવિકોએ સોમનાથ દાદાનાં દર્શન કરી ધન્યતા પ્રાપ્ત કરી હતી. દેવાધિદેવ સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં શ્રાવણ મહિનાનો બીજો સોમવાર હોય સોમનાથ મહાદેવનાં ચરણોમાં ભક્તોનો મહાસાગર ઊમટ્યો હતો. શિવજીની આરાધનાના મહાપર્વ એવા શ્રાવણ માસના પવિત્ર સોમવારે સોમનાથ મહાદેવનાં દર્શન કરી ભક્તિનું ભાથું બાંધવા શ્રદ્ધાળુઓ સોમનાથ મહાદેવનાં દર્શન કરી પૂજામાં જોડાયા હતા.

સોમનાથ મંદિરની પ્રણાલિકા અનુસાર, સવારે સોમનાથ મહાદેવની પ્રતિકૃતિ સ્વરૂપે મંદિર પરિસરમાં પાલખીયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં હજારો ભક્તો હર હર મહાદેવના નાદ સાથે જોડાયા હતા. આ પાલખીયાત્રામાં શિવજીના મુખારવિંદ સાથે પરિસરમાં ફરી હતી ત્યારે જાણે સ્વયં મહાદેવ નગરચર્યામાં નીકળ્યા હોય એવી અનુભૂતિ શિવભક્તો એ કરી હતી.

---

**ન્યૂઝ કોર્નર**

### ઘરની બારીમાં કેમ ડોકા કાઢે છે કહી યુવતી પર હુમલો

અમરેલી | પાડોશમાં રહેતા બે શખ્સે મારી નાખવાની ધમકી પણ આપી પાડોશમાં રહેતા બે શખ્સે મારી નાખવાની ધમકી પણ આપી યુવતીને ઘરની બારીમા કેમ ડોકા કાઢો છો કહી બે શખ્સોએ બોલાચાલી કરી છરી વડે ઈજા પહોંચાડી ધમકી આપતા આ બારામા તેની સામે અમરેલી સીટી પોલીસ મથકમા ફરિયાદ નોંધાતા પોલીસે વધુ આગળની તપાસ હાથ ધરી છે. આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત નિતાબેન વિનુભાઇ મિસર (ઉ.વ.40) નામની યુવતીએ અમરેલી સીટી પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતુ કે રાત્રીના સાડા નવેક વાગ્યે તે ઘરે હતી ત્યારે શેરીમા કુતરા ભસતા હોય જેથી ઘરની બહાર નીકળી શેરીમા જોવા ગઇ હતી. તે દરમિયાન પાડોશમા રહેતા માધવ જીતુભાઇ પડસાલાએ મારા ઘરની બારીમા કેમ ડોકા કાઢો છો ? કહી ગાળો આપી હતી.

### લીમખેડા પોલીસે ગાડીમાંથી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

દાહોદ | દાહોદ જિલ્લાના લીમખેડાના પાલ્લી ગામેથી પોલીસે એક ફોર વ્હીલર ગાડીમાંથી રૂા.15,37,440/-ના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જોકે, ગાડીનો ચાલક પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયો હતો. દાહોદ જિલ્લામાં પ્રોબીશનના આરોપીઓને ઝડપી પાડવા, નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા, જુગારના અડ્ડાઓ ઉપર રેડ પાડવા તેમજ અસામાજીક તત્વોને ઝઢપી પાડવા માટે દાહોદ જિલ્લા પોલીસ વડાની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ દાહોદની તમામ પોલીસ કામગીરી કરી રહી છે, ત્યારે લીમખેડા પોલીસને મળેલ બાતમીના આધારે પાલ્લી ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં તે સમયે ત્યાંથી તે સમયે ત્યાંથી મળેલ બાતમીના આધારે પાલ્લી ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરી હતી.

---

### મિજબાની માણતા આઠ સાવજોના LIVE દશ્યો: આખલાની એન્ટ્રી થતાં જ ભાગદોડ મચી...

# પશુનું મારણ કરીને સિંહ પરિવારે એકસાથે કર્યું 'ડિનર'

**અમરેલી | અમરેલી જિલ્લામાં સિંહોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે. શિકારની શોધમાં સિંહો ગ્રામ્ય વિસ્તારમાં ઘૂસી પશુઓના મારણ કરતા હોવાની ઘટનાઓ ઘણીવાર સામે આવતી હોય છે, જેના વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં હોય છે. ત્યારે સિંહોએ પશુઓનું મારણ કર્યાની વધુ બે ઘટનાઓ સામે આવી છે. ધારીના માણાવાવ અને જાફરાબાદના કાગવદર ગામમાં સિંહોએ પશુ મારણ કર્યું છે.**

**જેના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. ધારીના માણાવાવમાં મોડી રાત્રે એક સાથે આઠ સિંહોનું ટોળું ગામમાં ઘૂસ્યું હતું. ગામમાં સિંહોની એન્ટ્રી અને ગર્જનાથી આખુ ગામ જાગી ગયું હતું. આ વચ્ચે ગામની બજારમાં સિંહોએ એક પશુનું મારણ કરીને એક સાથે મિજબાની માણી હતી. જ્યારે આ મારણ વચ્ચે સામેથી આખલો પશુને બચવાવ માટે આવી ચડતાં સિંહોમાં ભાગદોડ મચી હતી. આખલાએ પશુને બચાવનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તે પહેલા પશુનું મારણ કરી દેવાયુ હતું. ઘટનાનો આ વીડિયો ગ્રામજનોએ પોતાના મોબાઈલના કેમરામાં કેદ કરીને સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો છે.**



### જાફરાબાદમાં ધોળે દિવસે મારણ કર્યું

સોશિયલ મીડિયામાં વાયરલ થયેલો બીજો વીડિયો જાફરાબાદ તાલુકાના કાગવદર ગામનો છે. જેમાં આજે વહેલી સવારે એક ડાલામથ્થો સાવજ આવતા ગ્રામજનોમાં ભય ફેલાયો હતો. ગામમાં આટાફેરા માર્યા બાદ ગામની ભાગોળે વનરાજે એક પશુનું મારણ કરીને મિજબાની માણી હતી. કલાકો સુધી વનરાજે મિજબાની માણતા ગ્રામજનો ભયભીત થયા હતા અને સાવજ પર નજર રાખી હતી. આ ઘટનાનો વીડિયો સ્થાનિકોએ દુરથી મોબાઈલમાં કેદ કરીને સોશિયલ મીડિયામાં વહેતો કર્યો છે.

### અમરેલી જિલ્લામાં સૌથી વધુ સિંહો

સૌરાષ્ટ્રમાં છેલ્લી સિંહ ગણતરીમાં પૂનમ અવલોકન પ્રમાણે અમરેલી જિલ્લામાં સૌથી વધુ સિંહો નોંધાયા છે, જેમાં ધારી, ચલાલા, રાજુલા અને જાફરાબાદ વિસ્તારમાં સિંહો વધુ વસવાટ કરી રહ્યા છે. જેના કારણે અવાર નવાર મારણો અને ગામમાં ઘૂસી જવાની ઘટનાઓ સામે આવી રહી છે. આગામી દિવસોમાં સિંહોની ગણતરીમાં અમરેલીનો આંકડો ટોપ પર પહોંચી શકે છે.

અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીઓએ પશુઓ પર તેમજ લોકો પર હુમલા કર્યા હોવાની અનેક ઘટનાઓ અગાઉ પણ બની ગઈ છે. હજી દસેક દિવસ અગાઉ જ સાવરકુંડલામાં સાવજે પશુનો શિકાર કરી રોડ કિનારે જ મિજબાની માણી હતી. જે સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો.

**બાવળની જાડીઓમાં સિંહે પશુનું મારણ કર્યું:** દશેક દિવસ અગાઉ સાવરકુંડલાના સેંજળ ગામ નજીક બાવળની જાડીમાંથી સિંહે આવી એક પશુ પર હુમલો કર્યો હતો. એ બાદ એની મિજબાની માણી હતી. રોડ કાંઠે જ બાવળની જાડીઓમાં સિંહે પશુનું મારણ કરી મિજબાની માણી હતી. સિંહે ધોળા દિવસે પશુનો શિકાર કર્યો હોવાની ઘટનાને ત્યાંથી પસાર થઈ રહેલા કોઈ વાહનચાલકે કેમેરામાં કેદ કરી હતી, જેનો વીડિયો વાઈરલ થયો હતો વાઈરલ વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, રોડ કાંઠે બાવળની જાડીમાં એક સિંહ પશુનો શિકાર કરીને મિજબાની માણી રહ્યો છે. આ દરમિયાન સિંહ આજુબાજુમાં બે-ત્રણ વખત નજર ફેરવે છે, બાદ મારણને રોડ કાંઠાથી દૂર લઈ જવાનો પ્રયાસ કરે છે, જોકે એમાં સફળતા ન મળતાં ત્યાં જ મિજબાની માણવા લાગે છે.

### અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સિંહોની લટાર વધી

| સાવરકુંડલા તાલુકાના મેવાસા, સેંજળ, ઠવી, ઘોબા અને આસપાસનાં ગામડાંમાં સિંહોનો વસવાટ જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત અમરેલી જિલ્લાના લીલિયા, લાઠી, ધારી, ખાંભા, રાજુલા, જાફરાબાદ, અમરેલી સહિતના તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સિંહો, દીપડાઓની અવરજવર અને વસવાટ વધી રહ્યો છે. એના કારણે પશુઓના મારણ કરવાની ઘટનાઓમાં પણ વધારો થઈ રહ્યો છે. બે મહિના પહેલાં ધારીના મોરઝર ગામમાં પશુના તબેલામાં એક સિંહ ઘૂસ્યો હતો. સિંહે પશુવાડામાં એક વાછરડીનો શિકાર કર્યો હતો. એ બાદ મિજબાની માણી હતી. પશુ માટેનો તબેલો બધી બાજુથી બંધ હોવાથી સિંહ અંદર જ પુરાઈ ગયો હતો. સિંહની સાથે અંદર પશુઓ પણ હાજર હતાં.



---

### ખડીયામાં રેડ કરીને બે અલગ જગ્યાએથી વિદેશી દારૂ ઝડપ્યો

(એજન્સી) જૂનાગઢ | તા. 12

રાજ્યમાં દારૂબંધી વચ્ચે અનેક જગ્યાએ દેશી અને વિદેશી દારૂનો વેપલો થઇ રહ્યો છે. ત્યારે બાતમી મળતાં પોલીસ પણ કડક કાર્યવાહી કરે છે. ત્યારે જૂનાગઢ પોલીસે બે અલગ અલગ જગ્યાએ રેડ કરીને વિદેશી દારૂના જથ્થા સાથે લાખોનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

જૂનાગઢ ગ્રામ્ય પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે, ખડીયા ગામમાં વિદેશી દારૂનો વેપાર થતો હોવાની બાતમી મળી હતી. જે બાતમીના આધારે પોલીસે રેડ કરતાં બે અલગ અલગ જગ્યાએથી વિદેશી દારૂ અને



બિયરના ટીન મળી આવ્યા હતા.

પોલીસે 13 લાખ 39 હજારથી વધુના દારૂના જથ્થા સાથે વાહનો મળીને કુલ 16 લાખ 39 હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ અંગે પોલીસે અબાહસન મકરાણી સામે ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

### જુગારની ત્રણ સફળ રેડ: હળવદ, મોરબી-વાંકાનેરમાં દરોડામાં 11 શખ્સ પકડાયા; નાસી ગયેલા 4 શખ્સની શોધખોળ શરૂ

(એજન્સી) મોરબી | તા. 12

હળવદ તાલુકાના ટીકર, મોરબીના લાયન્સનગર અને વાંકાનેરના રાજાવડલા પાસે જુગારની ત્રણ રેડ કરી હતી. ત્યારે કુલ મળીને 11 શખ્સો જુગાર રમતા પકડાયા હતા જો કે, હળવદના ટીકરમાં રેડ કરી ત્યારે પોલીસને જોઈને ચાર શખ્સ નાસી ગયા હતા. જેથી તેને પકડવા માટે પોલીસે તજવીજ શરૂ કરી છે. હળવદ તાલુકાના ટીકર ગામની સીમમાં સાર્દુલભાઈ રઘુભાઈ કોળી નામનો શખ્સ ચકલા પોપટનો જુગાર રમાડતો હોવા અંગેની હકીકત મળી હતી. જેના આધારે પોલીસે ત્યાં જુગારની રેડ કરી હતી. ત્યારે સ્થળ ઉપર જુગાર રમી રહેલા શખ્સોમાં નાસભાગ મચી ગઈ હતી અને પોલીસને જોઈને ચાર શખ્સો નાસી ગયા હતા. જોકે પોલીસે સ્થળ ઉપરથી યોગેશભાઈ ધનજીભાઈ ચાવડા રહે. ટીકર વાળાની 6,600ની રોકડ સાથે ધરપકડ કરી છે અને સ્થળ ઉપરથી નાસી ગયેલા ચાર શખ્સોમાં દિનેશભાઈ ગાંડુભાઈ પરમાર, વિપુલભાઈ ગોરધનભાઈ



રાણીવાડીયા, મેહુલભાઈ લાભુભાઈ કોળી અને સાર્દુલભાઈ રઘુભાઈ કોળી રહે. બધા ટીકર વાળાનો સમાવેશ થાય છે. આ પાંચેયની સામે હળવદ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે જુગારધારા હેઠળ ગુનો નોંધીને નાસી ગયેલા ચાર શખ્સોને પકડવા માટે પોલીસે તજવીજ શરૂ કરી છે. મોરબીના લાયન્સનગર વિસ્તારમાં મંદિરની પાછળના ભાગમાં જુગાર રમતા હોવાની હકીકત મળી હતી. જેના આધારે પોલીસે ત્યાં જુગારની રેડ કરી હતી. તેના સ્થળ ઉપરથી રાજેશભાઈ મનજીભાઈ ચાવડા, ગૌતમભાઈ અમૃતભાઈ સોલંકી, અશોકભાઈ ડાયાભાઈ ધંધુકિયા, ભરતભાઈ ગીરીશભાઈ ચૌહાણ અને કમલેશભાઈ પમાભાઈ સોલંકી રહે. બધા વિજયનગર વાળા જુગાર રમતા મળી આવ્યા હતા. જેથી પોલીસે તેની પાસેથી 3,620ની રોકડ કબજે કરી હતી અને મોરબી બી-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધવામાં આવ્યો હતો. વાંકાનેર નજીક રાજાવડલાથી અમરસર ગામ તરફ જવાના કાચા રસ્તા ઉપર નાલા પાસે જુગાર રમતા હોવાની હકીકત મળી હતી. જેના આધારે પોલીસે ત્યાં જુગારની રેડ કરી હતી અને ત્યારે સ્થળ ઉપરથી જુગાર રમતા સુરેશભાઈ શીવાભાઈ અબાસણીયા, મનસુખભાઈ શીવાભાઈ અબાસણીયા, કાળુભાઈ છગનભાઈ માણસુરીયા, કેશુભાઈ છગનભાઈ દેત્રોજા અને જયંતીભાઈ થોભણભાઈ બાબરીયા રહે બધા વાંકાનેર વાળા જુગાર રમતા મળી આવ્યા હતા.

---

**બ્રેકિંગ ન્યૂઝ**

### ચાલુ બાઈકે હાર્ટએટેક આવી જતા વૃદ્ધનું મોત નિપજ્યું

અમરેલી | વધુ વ્યક્તિનું એટેકથી મોત વૃદ્ધ બાઇક લઇને ચલાલાથી ધારગણી જતા'તા ધારી તાલુકાના ધારગણીમા રહેતા એક 62 વર્ષીય વૃધ્ધ ગઇકાલે સાંજના સુમારે પોતાનુ મોટર સાયકલ લઇને ચલાલાથી ધારગણી જઇ રહ્યાં હતા ત્યારે હાર્ટએટેક આવતા પડી જતા તેમનુ મોત નિપજ્યું હતુ. ચાલુ બાઈકે હાર્ટએટેકથી વૃધ્ધના મોતની આ ઘટના ચલાલાના વાવડી ગામ નજીક બની હતી. આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ, ધારગણીમા રહેતા ધીરૂભાઇ શંભુભાઇ ડોબરીયા નામના વૃધ્ધ પોતાનુ મોટર સાયલક લઇને સાંજના સુમારે ચલાલાથી ધારગણી જઇ રહ્યાં હતા.

### લાલચમાં આવી વધુ ચાર જણા સાયબર ફ્રોડનો ભોગ બન્યા

રાજકોટ : સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સાયબર ફ્રોડથી બચવા માટે અવાર-નવાર અનુરોધ કરી યોજવામાં આવતાં જનજાગૃતિના કાર્યક્રમો છતાં વધુને વધુ લોકો સાયબર ફ્રોડનો ભોગ બની રહ્યા છે. આવા ચાર ભોગ બનનારાઓને સાયબર ક્રાઈમ પોલીસે ગુમાવેલી રકમમાંથી અમુક રકમ પરત અપાવી હતી. અરજદાર દિવ્યેશભાઈ હરેન્દ્રભાઈ અગ્રાવતે વોટસએપ પર પાર્ટ ટાઈમ જોબ કરી પૈસા કમાઓ તેવો મેસેજ વાંચી તેમાં જોડાયા હતા. તેને પહેલા નાના ટાસ્ક આપી અમુક ટકા નફો આપવામાં આવ્યો હતો.

---

### મહેસાણા LCB ટીમે વિડજ પાસેથી દારૂ ભરેલી 2 ગાડીઓ સાથે 3ની ધરપકડ

(એજન્સી) મહેસાણા | તા. 12

મહેસાણા એલસીબીની ટીમ દ્વારા બાતમી આધારે કડી તાલુકામાં આવેલા વિડજ ગામ નજીકથી બે ગાડીઓમાં તપાસ કરતા વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે બે ગાડીઓ અને દારૂ મળી કુલ 10.66 લાખ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ આરોપીને ઝડપી વધુ તપાસ હાથ ધરી છે. મહેસાણા એલસીબી સ્ટાફના માણસો કડી પંથકમાં પેટ્રોલીગમાં હતા. એ દરમિયાન ટીમને બાતમી મળી હતી કે, કડી તાલુકામાં આવેલા વિડજ ગામ નજીક હવેલી વાસના નેળિયામા એક ઈનોવા અને એક આઈ20 ગાડીમાં વિદેશી દારૂ ભરેલો છે. જે બાતમી આધારે એલસીબી ટીમે દરોડા પાડી બે ગાડીઓ ઝડપી પાડી હતી. તપાસ દરમિયાન બંને ગાડીઓમાંથી 4 લાખ 11 હજાર 240નો વિદેશી દારૂ મળી આવતા પોલીસે કબ્જે કર્યો હતો. તેમજ 2 મોબાઈલ કિંમત 55 હજારના કબ્જે કર્યા હતા. દરોડા દરમિયાન વાઘેલા



પૃથ્વીરાજ સિંહ, ઝાલા હિંમતસિંહ ઉર્ફ હેમતુંભા, ઠાકોર શિવાજી અમરતજીને ઝડપી લીધા હતાં. ઝડપાયેલા ઈસમો રાજસ્થાનના બાટ ઠેકા પરથી વિદેશી દારૂ ભરી લાવ્યા હતા. આ દારૂ કટોસણના ઝાલા પ્રકાશસિંહ એ મંગાવ્યો હતો. સમગ્ર કેસમાં પોલીસે પાંચ વિરુદ્ધ કડી પોલીસમાં ગુનો નોંધી કુલ 10.66 લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

### 40 લાખ માટે મારા પતિની હત્યા કરી નાખી: સુરતમાં વેપારીની પત્નીએ કહ્યું- અમારો આધાર છીનવાયો, સાસુ-સસરા બીમાર

(એજન્સી) સુરત | તા. 12

સુરતમાં ડિંડોલી હોટલ ડિલાઈટ ઈનના ચોથા માળે આવેલા રૂમ નંબર 104માં બાથરૂમનો દરવાજો અંદરથી બંધ કરી બારીમાંથી મોતની છલાંગ લગાવનાર પુણેમાં રહેતા અને કાપડનો વેપાર કરતા રાકેશ ચૌધરીના આપઘાત પ્રકરણમાં નવો વળાંક આવ્યો હતો. વેપારીના અપહરણ બાદ 40 લાખની પઠાણી ઉઘરાણી કરી હોટલમાં ગોંધી રાખી ત્રાસ આપવાને કારણે આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું હતું. બે દિવસ બાદ પોસ્ટમોર્ટમ કરાયા બાદ મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો હતો. પત્નીએ જણાવ્યું હતુ કે મારા પતિને છ જેટલા લોકોએ મરવા માટે મજબૂર કર્યા છે. મારા પતિનું મર્ડર થયું છે, આરોપીઓને ઝડપથી પકડો અને તેમને કડક સજા નહીં, પણ ફાંસીની સજા આપી દો. મારા સસરા પેરેલાઈઝ છે, સાસુ માનસિક બીમાર છે અને મારે એક છ વર્ષની દીકરી છે. આ લોકોએ અમારો આધાર છીનવી લીધો છે. મૂળ રાજસ્થાનનો 35 વર્ષીય રાકેશ પાંચારામ ચૌધરી મહારાષ્ટ્રના પુણે ખાતે પરિવાર સાથે રહેતો હતો. પરિવારમાં માતા, પિતા, પત્ની અને એક છ વર્ષની દીકરી છે. રાકેશે આઠ વર્ષ પહેલાં પૂજા સાથે પ્રેમલગ્ન કર્યા હતા. રાકેશ પદ્માવતી કલેક્શનના નામથી કાપડની દુકાન ધરાવતો હતો અને વેપારી હતો. રાકેશનો વેપાર-ધંધો કર્ણાટક, સુરત, તામિલનાડુ સહિતની જગ્યાઓ પર હોવાથી તે આવતો-જતો રહેતો હતો.

6 ઓગસ્ટના રોજ મહારાષ્ટ્રના પુણેમાં ઘરેથી નીકળેલા રાકેશનું રસ્તામાંથી જ અપહરણ કરી સુરત લઈ જવામાં આવ્યો હતો. સાત ઓગસ્ટથી રાકેશને ડિંડોલી વિસ્તારમાં મધુરમ આર્કેડના ચોથા માળે આવેલી હોટલ ડિલાઈટ ઈનના રૂમ નંબર 104માં ગોંધી રાખવામાં આવ્યો હતો. સુશીલ જોશી, હરીશ, ગૌતમ અને જયેશ આ ચાર લોકોએ રાકેશને પુણેથી અપહરણ કરી લાવીને અહીં હોટલમાં ગોંધી રાખી 40 લાખ રૂપિયાની માગણી કરવામાં આવી રહી હતી. આ રૂપિયાની માગણીથી કંટાળીને રાકેશે આઠ ઓગસ્ટના રોજ સાંજે પાંચ વાગ્યા આસપાસ હોટલના રૂમના બાથરૂમની બારીમાંથી કૂદીને આપઘાત કરી લીધો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ ગઈ હતી. રાકેશની પત્ની પૂજાએ આ ચારે સામે નામ જોગ અને અન્ય તપાસમાં જે નીકળે તેની સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધાવ્યો છે.

રાકેશની પત્ની પૂજાને રાકેશના મોતની જાણ થતાં બેભાન થઈને ઢળી પડી હતી. ત્યાર બાદ પરિવારના સભ્યો સાથે પુણેથી સુરત આવી હતી. બે દિવસ બાદ રાકેશના મૃતદેહનું પોસ્ટમોર્ટમ સુરત સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવ્યું હતું. દરમિયાન સુરત સિવિલ હોસ્પિટલમાં પત્નીના હૈયાફાટ રૂદનને કારણે કરુણ દશ્યો સર્જાયાં હતાં. પત્ની રડતી આંખે ન્યાયની માગ કરી રહી હતી.

# ગુજરાતના નકશામાં છે પણ 7/12 ના સરકારી રેકર્ડમાં નામ નથી તેવું બોરસદનું દાદપુરા ગામ !

(એજન્સી) આણંદ | તા.12

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના જંત્રાલ ગામમાંથી અલગ થયેલા દાદપુરા ગામની જમીન ૩૭ વર્ષ બાદ પણ એક જ ખેડૂતનાં નામે બોલાઇ રહી છે. વર્ષ ૧૯૮૭માં સ્વતંત્ર ગામ બનાવવા ગામના ખેડૂત શંકરભાઈ મથુરભાઈએ તેમની ખેતીની જમીન દાન આપી દીધી હતી. હાલ આ ગામમાં ૧૫૦ થી વધુ મકાનો છે, ૩,૨૦૦ જેટલી વસ્તી છે. ગામના આઠ વોર્ડ છે અને ચૂંટણીઓ પણ થાય છે. ગ્રામજનો વેરો જંત્રાલ ગામમાં ભરે છે. સરકારીતંત્રની એટલી ગંભીર બેદરકારી છેકે આ દાદપુરા ગામની રેવન્યૂ સર્વેની હદ પણ હજુ સુધી નક્કી થઇ નથી. ગામના નિર્માણના દાયકાઓ બાદ પણ ૭/૧૨ના ઉતારામાં જમીન દાન આપનાર એક ખેડૂતનું જ નામ બોલાઇ રહ્યું છે.જેમાં ગામનો કોઇ ઉલ્લેખ જ નથી. એટલેકે ગુજરાતના નકશામાં આ ગામ છે પરંતુ જમીનના સાતબારના સરકારી રેકોર્ડમાં ગામ અસ્તિત્વ જ ધરાવતું નથી !દાદપુરાના ગ્રામજનોએ આ અંગે જણાવ્યું હતું કે 'દાદપુરા ગ્રામ પંચાયત કચેરીને વર્ષ ૧૯૮૭ના વર્ષમાં ૨૭મી જુલાઈએ જંત્રાલ ગ્રામપંચાયત કચેરીથી અલગ સ્વતંત્ર પંચાયતનો દરજ્જો મળ્યો હતો. જોકે,આજદિન સુધી રેવન્યૂ સરહદ અંગે કોઈ જોગવાઈ ન થવાને કારણે દાદપુરાના ગ્રામજનોને જમીન મહેસૂલ જેવા સરકારી વેરા જંત્રાલ પંચાયત કચેરીમાં ભરપાઈ કરવા પડે છે.દાદપુરાના ખેડૂત ખાતેદારોએ ભરપાઈ કરેલી મહેસૂલની આવકમાંથી ત્રણ વર્ષની સરાસરીના નિયમ મુજબ વિકાસ માટે રકમ પરત મળવા પાત્ર હોવા છતાં પણ દાદપુરાને બદલે જંત્રાલ ગામને લાભ મળે છે.

## ન્યુઝ ફ્લેશ

### ખેડા જિલ્લામાં 4 સ્થળે પોલીસના દરોડામાં 15 જુગારીઓ ઝડપાયા

નડિયાદ : ખેડા જિલ્લામાં ઠેર ઠેર શ્રાવાણિયો જુગાર ધમધમી રહ્યો છે. ત્યારે નડિયાદ પશ્ચિમમાં, મલિયાતજ, ભૂમેલના ઈચ્છાપુરા તેમજ પીજમાં જુગાર રમતા ૧૫ જુગારીયાઓને ઝડપી લઈ પોલીસે કુલ રૂ.૪૧,૮૯૦ની રોકડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ બનાવ અંગે જે તે પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. નડિયાદ પશ્ચિમમાં ઈન્દિરાનગરી દશામાના મંદિર સામે પોલીસે રેડ પાડી ખુલ્લી જગ્યામાં પત્તા પાનાનો જુગાર રમતા દિલીપ ઉર્ફે પપ્પુ દેવીપુજક, રમેશ ઉર્ફે ભયો કનુભાઈ તળપદા, જશવંત મણીભાઈ તળપદા તેમજ ચેતન ઉર્ફે તિલિયો અમરતભાઈ તળપદને જુગાર રમવાના સાધનો તેમજ રોકડ રૂ.૧,૭૩૦ સાથે ઝડપી પાડયા હતા.

### દહેગામમાં 1 ઇંચ અને પાટનગરમાં દિવસ દરમિયાન ઝરમર વરસાદ

ગાંધીનગર : ચોમાસાની મોસમ જામી હોય તે પ્રકારે રાજ્યના મોટાભાગના વિસ્તારમાં મેઘરાજા મનમૂકીને મહેર કરી રહ્યા છે. ત્યારે આ વાતાવરણની અસર ગાંધીનગર શહેર અને જિલ્લા ઉપર પણ અનુભવવા મળી રહી હોય તેમ ચોમાસાની મોસમની જમાવટ થઈ રહી હોય તે પ્રકારે છુટાછવાયા ઝાપટા પડી રહ્યા છે. ત્યારે જિલ્લાના દહેગામમાં ૧ ઇંચ તો પાટનગરમાં દિવસ દરમિયાન ઝરમર વરસાદ પડયો છે.સમગ્ર રાજ્યમાં હાલ વરસાદી મોસમનો માહોલ જામ્યો છે.ત્યાર વરસાદી માહોલ વચ્ચે બે ત્રણ દિવસથી ગાંધીનગર શહેર અને જિલ્લામાં સામાન્ય વરસાદ પડી રહ્યો છે. ત્યારે રવિવારે ભેજના પ્રમાણમાં થઈ રહેલા વધારાના પગલે તાપમાનના પારામાં પણ વધઘટ નોંધાઈ હતી.

### પ્રાંતિજના રસુલપુરથી મોયદ 20 ફૂટનો રોડ ગાંડા બાવળોના કારણે પાંચ ફૂટનો થઇ ગયો

પ્રાંતિજ: રોડ પર રહીશો કચરો નાખતાં ગંદકી પણ ફેલાઇ રહી છે, સત્વરે કાર્યવાહી કરવા માંગ પ્રાંતિજ તાલુકાના રસુલપુરથી મોયદ જતાં રોડ ઉપર આજુબાજુ ના રહીશો કચરો નાખતાં તેમજ ગાંડા બાવળોના ઝૂંડ રોડ ઉપર ફેલાઈ જતાં વીસ ફૂટનો આરસીસીરોડ હાલ પાંચ ફૂટ થઈ જવાથી અહીં પસાર થતાં વાહન ચાલકોને ગંદકી તેમજ બાવળોના ઝૂંડમાંથી પસાર થવું પડતું હોવાથી ભારે હાલાકી પડતી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આ અંગે વાહન ચાલકોના જણાવ્યા મુજબ રાત્રિ દરમ્યાન સામેથી આવતાં ભારે વાહનોથી સાઈડ લેવામાં ભારે મુશ્કેલી પડે છે. વીસ ફૂટ નો રોડ કચરો નાખી અને બાવળોથી ઢંકાઈ જવાથી પાંચ ફૂટ થઈ જવા પામ્યો છે. તંત્ર ઉપર લોકો ભારે રોષે ભરાયા છે. આ બાબતે વહીવટી તંત્ર દ્વાર કચરો દૂર કરાવી ગાંડા બાવળોની સફાઈ કરી વીસ ફૂટ રોડ ખુલ્લો કરવા માંગ કરાઈ છે.

## એજન્સીએ ઢોર પકડવાની કામગીરી નહીં કરતા મનપા સ્ટાફની દોડધામ વધી

# ભાવનગરમાં રખડતા ઢોરના ત્રાસથી લોકો ત્રાહિમામ, એજન્સીએ કામગીરી જ શરૂ ન કરી

(એજન્સી) ભાવનગર | તા.12

ભાવનગર શહેરમાં ચોમાસાની શરૂઆત સાથે જ રખડતા ઢોરનો ત્રાસ વધ્યો છે તેથી શહેરીજનો પરેશાન જોવા મળી રહ્યા છે. મહાપાલિકા દ્વારા રખડતા ઢોર પકડવાની કામગીરી કરવામાં આવે છે તેવો દાવો અધિકારી કરી રહ્યા છે પરંતુ શહેરના ઠેર ઠેર રખડતા ઢોર અડીંગો જમાવીને બેઠા હોય છે તેથી લોકો કચવાટ કરતા નજરે પડી રહ્યા છે. મહાપાલિકાએ રખડતા ઢોર પકડવાની કામગીરી જે એજન્સીને આપી હતી તે એજન્સીએ હજુ સુધી કામગીરી જ શરૂ કરી નથી તેથી ઢોર પકડવાની કામગીરી હાલ મહાપાલિકાનો સ્ટાફ કરી રહ્યો છે. રખડતા ઢોરનો ત્રાસ વધતા મહાપાલિકાના સ્ટાફની દોડધામ વધી છે.

ભાવનગર શહેરમાં વરસાદ આવતા જ રખડતા પશુઓ રોડ પર આવીને બેસી જતા હોય છે તેથી વાહન ચાલકો, રાહદારીઓની મૂશ્કેલી વધતી હોય છે. રખડતા ઢોરના પ્રશ્ને મહાપાલિકામાં વારંવાર રજુઆત થયા બાદ તંત્ર જાગે છે અને દેખાડા પુરતી કામગીરી કરવામાં આવતી હોય છે તેમ લોકમુખે ચર્ચાય રહ્યુ છે. આ બાબતે માહિતી આપતા મહાપાલિકાના જવાબદાર અધિકારીએ જણાવ્યુ હતુ કે, મહાપાલિકાએ રખડતા ઢોર પકડવાની કામગીરી અમદાવાદની એજન્સીને આપી છે પરંતુ એજન્સીના સંચાલકે બિમારી સબબ હજુ સુધી કામગીરી શરૂ કરી નથી તેથી હાલ મહાપાલિકા દ્વારા રખડતા ઢોર પકડવાની કામગીરી કરવામાં આવે છે, મહાપાલિકાની ટીમ દ્વારા દરરોજ આશરે ૧૫ રખડતા ઢોર પકડવામાં આવે છે અને ઢોર ડબ્બામાં પુરવામાં આવે છે. શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ એટલો વધ્યો છે, જેના પગલે મહાપાલિકાની કામગીરી દેખાતી નથી.

શહેરના કાળુભા રોડ, કુંભારવાડા, સુભાષનગર, સંતકવરામ ચોક, માધવ દર્શન, વાઘાવાડી રોડ, કાળાનાળા, સંસ્કાર મંડળ, ઘોઘા જકાતનાકા, ચિત્રા માર્કેટીંગ યાર્ડ, બજાર વિસ્તારની શાકમાર્કેટ, ગંગાજળીયા તળાવ, બંદર રોડ વગેરે વિસ્તારમાં રોડ પર ઢોર અડીંગો જમાવી બેસેલા હોય છે, જેના પગલે વાહન ચાલકો, રાહદારીઓ પરેશાન થતા હોય છે. કેટલાક રોડ પર ઢોર બેસી જતા ચાલવાની પણ જગ્યા રહેતી નથી અને વાહન ચાલકોએ ઢોરને કાઢવા માટે ગાડીમાંથી નીચે ઉતરવુ પડતુ હોય છે. શહેરમાં રખડતા પશુઓનો ત્રાસ વધ્યો છે ત્યારે મહાપાલિકા લાલ આંખ કરવી જરૂરી બની રહે છે અને પરિણામલક્ષી કામગીરી થાય તેવુ જાગૃત લોકો ઈચ્છી રહ્યા છે. ઢોરના પગલે રોડ પર અકસ્માતની ભીતિ રહેલી છે ત્યારે મહાપાલિકાએ વધુમાં વધુ રખડતા ઢોર પકડવાની કામગીરી જરૂરીયાત છે તેમ લોકમુખે ચર્ચાય રહ્યુ છે. ભાવનગર શહેરમાં દર વર્ષે ચોમાસામાં રખડતા ઢોરનો ત્રાસ વધે છે

### મહાપાલિકાના 4 ડબ્બામાં હાલ 2,500 ઢોર



ભાવનગર મહાપાલિકાએ રખડતા ઢોરને પુરવા માટે ચાર ઢોર ડબ્બા બનાવ્યા છે અને આ ચારેય ઢોર ડબ્બામાં આશરે ૨,૫૦૦ ઢોર છે અને આ તમામ ઢોરનો મહાપાલિકા દ્વારા નિભાવ કરવામાં આવી રહ્યો છે. રખડતા ઢોર પકડવાની કામગીરી એજન્સી દ્વારા કરવામાં નહીં આવતા મહાપાલિકા દ્વારા કરવામાં આવી રહી છે પરંતુ ઓછા ઢોર પકડવામાં આવી રહ્યા છે તેથી ઢોરનો ત્રાસ ઘટતો નથી ત્યારે વધુમાં વધુ ઢોર પકડવાની કામગીરી કરવામાં આવે તેવુ લોકો ઈચ્છી રહ્યા છે.

### ઠાસરામાં વેપારી બેંકના ગોલ્ડ લોન કૌભાંડમાં વધુ બે આરોપી ઝડપાયા

(એજન્સી) ઠાસરા | તા.12

ઠાસરા ખાતે વેપારી બેંકમાં રૂપિયા ૧.૭૧ કરોડના ગોલ્ડ લૉન કૌભાંડમાં ૧૫ શખ્સો વિરૂદ્ધ ક્રેડિટ સોસાયટીએ પોલીસ ફરિયાદ નોંધાવ્યા બાદ ૪ આરોપીઓને પોલીસ પકડયા હતા. બાદમાં શનિવારે કૌભાંડના મુખ્ય આરોપીના મોટાભાઈ સહિત બે આરોપી ઝડપાયા છે. બંને આરોપીઓના એક દિવસના રિમાન્ડ કોર્ટે મંજૂર કરતા પોલીસે વધુ પૂછપરછ શરૂ કરી છે.

ત્યારે હજુ આ કૌભાંડમાં ૯ આરોપીઓ પોલીસ પકડથી દૂર છે. ઠાસરા નગર પાલિકાના હોળી ચકલામાં આવેલી વેપારી કો. ઓ. સોસાયટીમાં થયેલા ગોલ્ડ લોન કૌભાંડમાં ક્રેડિટ સોસાયટીના ચેરમેન અરુણભાઈ પટેલે ૧૫ શખ્સો વિરુદ્ધ ઠાસરા પોલીસ સ્ટેશનમાં તા. ૧૪/૬/૨૦૨૪ના રોજ ફરિયાદ નોંધાવી હતી. જેમાં ઠાસરા પોલીસે કિરણ મેલાભાઈ બારીયા, અજિત રમણભાઈ રાઠોડ, રાજેન્દ્ર ભુપેન્દ્રભાઈ દરજી અને અબ્દુલ મુકીત કાજી મળીને ચાર આરોપીને ઝડપી પાડયા હતા. આ ચાર આરોપી પૈકી અબ્દુલ મુકીત કાજીને જામિન મળ્યા હતા.

## દર્શનાર્થીઓએ ફરજીયાત ગટરના પાણીમાંથી પસાર થવું પડે તેવી સ્થિતિ

# સિહોરના ગૌતમેશ્વર જવાના રસ્તે ગટરના પાણી ફરી વળ્યા, શ્રદ્ધાળુંઓ પરેશાન



(એજન્સી) સિહોર | તા.12

પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે ત્યારે સિહોરના ગૌતમેશ્વર જવાના રસ્તે ગટરના પાણી ફરી વળ્યા હોવાથી દર્શનાર્થીઓને ફરજીયાત ગટરના પાણીમાંથી પસાર થઈને ધાર્મિક સ્થળે દર્શનાર્થે જવું પડે તેવી સ્થિતિ સર્જાઈ હોવાથ સ્થાનિકો અને શ્રદ્ધાળુંઓમાં રોષ જોવા મળી રહ્યો છે. ગૌતમેશ્વર જવાના માર્ગ તેમજ આસપાસમાં છેલ્લા કેટલાય સમયથી ગટરના પાણી રસ્તા પર વહેતી હોવાથી સ્થાનિક લોકો અને દર્શનાર્થીઓ હેરાન થઈ રહ્યાં છે ત્યારે તંત્ર દ્વારા મુશ્કેલીનું નિરાકરણ લાવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. છોટે કાશી તરીકે ઓળખાતા સિહોર શહેરમાં અનેક સુપ્રસિદ્ધ ધાર્મિક સ્થળો આવેલા છે. હાલ પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો હોવાથી અહીંના તિર્થસ્થાનોમાં શ્રદ્ધાળુંઓનો ઘસારો પણ જોવા મળે છે પરંતુ તંત્રના પાપે ધાર્મિક સ્થળોએ દર્શન કરવા જતાં દર્શનાર્થીઓને ફરજીયાત ગટરના પાણીમાંથી પસાર થઈને જવું પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. સિહોરના ગૌતમેશ્વર જવાના માર્ગ પર ગટરના પાણી ફરી વળતા હોવાથી સ્થાનિકો અને દર્શનાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સિહોરમાં ગટર વ્યવસ્થા જાણે માત્ર કાગળ પર હોય તેવી સ્થિતિ છે. શહેરના અનેક માર્ગો પર ગટરના પાણી ફરી વળવા સામાન્ય થઈ ગયું છે. શહેરમાં કરોડોના ખર્ચે ગટર લાઈનો નખાઈ છે ત્યારે હજુ અનેક વિસ્તારોમાં ગટર લાઈનો પહોંચી નહી હોવાથી લોકોને આવી સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો હોવાથી સ્થાનિક સામાજીક કાર્યકર અજય શુકલ દ્વારા ચીફ ઓફિસરને રજૂઆત કરવામાં આવી છે.



### સેવાલિયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં એમ્બ્યૂલન્સ ધૂળ ખાઇ પડી રહી છે

(એજન્સી) સેવાલિયા | તા.12

ગળતેશ્વર તાલુકાના સેવાલિયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આપેલી એમ્બ્યુલન્સ બે વર્ષોથી ધૂળ ખાઈ રહી છે. સેવાલિયા તાલુકાનું મુખ્ય મથક છે તેમજ વિસ્તાર સાથે આશરે ૨૫,૦૦૦ જેટલી વસ્તી ધરાવતું ગામ છે. તેમાં લોકોની સેવા માટે સામૂહિક આરોગ્ય કેન્દ્રને એમ્બ્યુલન્સ વાન ફાળવાઈ હતી. પરંતુ છેલ્લા બે વર્ષથી ડ્રાઇવરના અભાવે આ એમ્બ્યુલન્સ કાર્યરત કરવામાં આવી નથી. ફાળવ્યા બાદ એમ્બ્યુલન્સ જાણે ભંગાર સ્થિતિમાં મૂકેલી હોય તેવી હાલત થઈ ગયેલી છે. નાગરિકોને સેવા મળી રહે માટે ફાળવેલી એમ્બ્યૂલન્સ ડ્રાઈવરના અભાવે બે વર્ષથી ધૂળ ખાઈને ભંગાર હાલતમાં પડી છે. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, ડ્રાઈવરનું મહેકમ ઉભું કરવા માટે તેમજ ડ્રાઈવરની ભરતી કરવા માટે મંજૂરી માગેલી છે, મંજૂરી આવેથી ડ્રાઈવરની ભરતી કરવામાં આવશે. તાલુકાનું મુખ્ય મથક હોવાના કારણે તેમજ હાઈવે હોવાના લીધે વારંવાર અકસ્માતની ઘટના બનતી હોય છે તેમજ પ્રસુતિ માટે પણ આસપાસના ગામોમાંથી અહીંયા સેવા માટે આવતા હોય છે.



### ઉનાવા અને વાસણગામમાંથી જુગાર રમતા નવ જુગારીઓ ઝડપાયા

(એજન્સી) ગાંધીનગર | તા.12

જિલ્લામાં શ્રાવણ શરૃ થતાની સાથે જુગાર પણ શરૃ થઈ ગયો છે ત્યારે પેથાપુર પોલીસે ઉનાવા અને વાસણ ગામમાં દરોડો પાડીને જુગાર રમતા નવ જુગારીઓને ઝડપી લીધા છે. જેમની સામે જુગારધારા હેઠળ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પેથાપુર પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, ઉનાવા ગામમાં રાવળવાસ ખાતે સુલેશ્વરી માતાના મંદિર સામે ઝાડની નીચે કેટલાક ઈસમો ભેગા થઈને તીન પત્તીનો જુગાર રમી રહ્યા છે. જે બાતમીના પગલે પોલીસ ટીમ દ્વારા અહીં દરોડો પાડવામાં આવતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી અને પોલીસ અહીંથી જુગાર રમતા ઉનાવા ગામના જીલુજી જવાનજી ઠાકોર, હાદક જયેશભાઈ મહેતા, મેલાભાઈ ચતુરભાઈ રાવળ, રોહિતસિંહ લક્ષ્મણસિંહ ડાભી, અશ્વિન રમણભાઈ પટેલ અને કલ્યાણસિંહ અરજણસિંહ ડાભીને ઝડપી લીધા હતા.



### જિલ્લામાં લાંબા સમયથી ગેરહાજર રહેતાં તથા વિદેશમાં મ્હાલતાં શિક્ષકોની તપાસનો આદેશ

(એજન્સી) ગાંધીનગર | તા.12

લાંબા સમયથી ગેરહાજર રહેતા તથા વિદેશમાં મ્હાલતા શિક્ષકોની તપાસ ગાંધીનગર જિલ્લામાં પણ શરૃ કરવામાં આવી છે. તેના અંતર્ગત સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની સાથે સરકારી અનુદાન મેળવતી શાળાઓમાં પણ તપાસના આદેશ અપાયા છે. ચારે તાલુકામાં આવા કિસ્સામાં જુની ફાઈલો ખોલીને વિગતો મેળવવા માટે અધિકારીઓ દ્વારા તંત્રને દોડતું કરી દેવામાં આવ્યું છે અને ક્ષતિ જણાયે તેમાં કાયદેસરની કાર્યવાહી કરાશે. મહેસાણા સહિત જિલ્લામાં ચાલુ નોકરીએ રજા મુકીને શિક્ષકો વિદેશ જતાં રહ્યાના અને તેઓ ગેરહાજર હોવા છતાં હાજર દર્શાવાઇ રહ્યાના કિસ્સા સમો આવ્યાની સાથે તંત્ર ઉંઘતા રહ્યાં હોવાના આક્ષેપ થયાના પગલે સરકાર સફાળી જાગી છે. ત્યારે નોંધવું રહેશે, કે ગાંધીનગર સહિત કોઇ જિલ્લા આવાં તરકટોથી મુક્ત રહેલાં નથી. ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તંત્રમાં ભૂતકાળમાં આવા બનાવો ચર્ચાનો વિષય બનવાની સાથે સત્તાવાર સરકારી ચોપડે ચઢી ચૂકેલા છે.



### બાલાસિનોરમાં મહિલા સહિત 4 શખ્સો હાથીદાંત સાથે ઝડપાઇ ગયા

(એજન્સી) બાલાસિનોર | તા.12

મહીસાગર જિલ્લામાં હાથીના દાંતની તસ્કરીની પ્રથમ ઘટના સામે આવી હતી. જેમાં વાઇલ્ડ લાઈફ કંટ્રોલ બ્યુરો મુંબઈના કર્મચારીઓ વેપારી બની હાંથી દાંત લેવા માટે સમગ્ર ગુજરાતમાં કાર્યશીલ બનતા ૨૦ લાખ રૂપિયામાં હાથીદાંત વેચવાના સોદામાં તૈયાર થયેલા બાલાસિનોરના હાથીદાંત વેચાણ કરનાર ત્રણ ઈસમો અને એક મહિલા હાથીદાંતના ચાર ટૂકડા સાથે રંગે હાથ ઝડપાઈ ગયા હતા. જ્યારે એક ઈસમને વોન્ટેડ જાહેર કરાયો હતો. મહીસાગર જિલ્લાના બાલાસિનોર ખાતે હાથીના દાંતની તસ્કરી થઈ રહી હોવાની બાતમીના આધારે મહીસાગર વન વિભાગની ટીમ, બાલાસિનોર રેન્જ સાથે રાખીને વાઇલ્ડ લાઈફ ક્રાઈમ કંટ્રોલ મુંબઈના કર્મચારીઓએ વેપારી બની છટકુ ગોઠવ્યું હતું. જેમાં હાથી દાંત વેચનારા ઈન્દ્રિશ મહમંદ શેખને મળ્યા હતા, પરંતુ ઈદ્રિશને શંકા જતાં હાથીદાંતની ડીલ કેન્સલ કરી હતી. જેથી બાદમાં ઉપરોક્ત વિભાગોની ટીમે સ્થાનિક પોલીસને સાથે રાખીને ઈદ્રીશના ઘરે દરોડો પાડયો હતો.

## ગાંધીનગરના સેક્ટર-28/29 પાસે રહેતી

# સગીરાનું અપહરણ અને બળાત્કાર કેસમાં આરોપીને ત્રણ વર્ષની કેદ

(એજન્સી) ગાંધીનગર | તા.12

ગાંધીનગરના સેક્ટર ૨૮ ૨૯ પાસેથી સગીરાનુ અપહરણ કરીને નજીકના સરકારી બંધ મકાનમાં લઈ જઈ બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો.જે સંદર્ભે ગુનો દાખલ થયા બાદ ગાંધીનગર સ્પેશિયલ પોક્સો કોર્ટમાં કેસ ચાલ્યો હતો અને સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટ દ્વારા પોક્સોના ગુનામાં આરોપીને ત્રણ વર્ષની સખત કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.

આ કેસની મળતી વિગતો પ્રમાણે મૂળ પાટણ જિલ્લાના સાતલપુર તાલુકાના રાણીસર ગામના વતની યુવાન લાખીયાર જાનમહંમદ ભટ્ટી અને જીઈબી કોલોની પાસે છાપરામાં રહેતા તેના મિત્ર દ્વારા ગત ૨૦ સપ્ટેમ્બરના રોજ સેક્ટર ૨૮ ૨૯ પાસેથી બાઈક ઉપર સગીરાનું અપહરણ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ સેક્ટર ૨૯ ના સરકારી બંધ મકાનમાં લઈ જઈને લાખીયાર પટ્ટી દ્વારા આ સગીરા ઉપર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો ત્યારબાદ તેણીને મહેસાણા ખાતે પણ લઈ જવામાં આવી હતી જે સંદર્ભે આ બંને આરોપીઓ સામે સેક્ટર ૨૧ પોલીસ મથકમાં યુવાન સામે પોકસો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

જે કેસ જે કેસ ગાંધીનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં બીજા એડિશનલ સેશન્સ જજ એસ.ડી મહેતાની કોર્ટમાં ચાલ્યો હતો. જ્યાં સરકારી વકીલ સુનિલ.એસ.પંડયા દ્વારા ભોગ બનનાર સગીરા અને અન્ય સાહેદોની જુબાની લેવામાં આવી હતી . ત્યારબાદ વકીલે રજૂઆત કરી હતી કે, ભોગ બનનાર દીકરીની ઉંમર નાની હતી અને તેમ છતાં આરોપી દ્વારા ગંભીર પ્રકારનો ગુનો આચરવામાં આવ્યો છે.

## હીરા ઉદ્યોગમાં મંદીની અસર

# ભાવનગરના હીરા ઉદ્યોગના ઈતિહાસમાં પહેલીવાર સાતમ-આઠમમાં મોટું વેકેશન

(એજન્સી) ભાવનગર | તા.12

કોરોના અને તે પછી રશિયા-યુક્રેન તથા ઈઝરાયલ-ઈરાનના યુદ્ધથી હીરા ઉદ્યોગમાં સંકટના વાદળો ઘેરાયેલા છે. ભાવનગરનો હીરા ઉદ્યોગ પણ મંદીનો સામનો કરી રહ્યું છે. એવું કહેવાય છે કે, રશિયા-યુક્રેનમાં પહેલો બોમ્બ ફુટયો અને આપણે ત્યાં હીરા ઉદ્યોગમાં હીરાની ચમક ઝાંખી થઈ ગઈ, રફ ડાયમંડના ઉંચા ભાવ અને પોલિશ ડાયમંડની ઓછી કિંમતોના લીધે હીરા ઉદ્યોગમાં પ્રોડક્શન ૫૦ ટકા સુધી ઘટી ગયું છે અને તેના કારણે ભાવનગરના હીરા ઉદ્યોગના ઈતિહાસમાં પહેલીવાર એવું બન્યું છે કે કોરોના અને તે પછી રશિયા-યુક્રેન તથા ઈઝરાયલ-ઈરાનના યુદ્ધથી હીરા ઉદ્યોગ મંદીનો સામનો કરી રહ્યું છે. એવું કહેવાય




છે કે, રશિયા-યુક્રેનમાં પહેલો બોમ્બ ફુટયો અને આપણે ત્યાં હીરા ઉદ્યોગમાં હીરાની ચમક ઝાંખી થઈ ગઈ, રફ ડાયમંડના ઉંચા ભાવ અને પોલિશ ડાયમંડની ઓછી કિંમતોના લીધે હીરા ઉદ્યોગનું પ્રોડક્શન ૫૦ ટકા સુધી ઘટી ગયું છે. ભાવનગર જિલ્લામાં હીરાની ઓફિસ અને કારખાના મળી કુલ ૪૦૦૦ યુનિટ છે તેમાંથી ૧૦ ટકા એટલે કે ૪૦૦ યૂનિટ બંધ હાલતમાં છે. કાચા માલની કિંમતમાં વધારો સાથે ઓછું વેચાણ થતાં વેપારીઓ શનિ-રવિ રજા રાખીને તથા કામના કલાકો ઘટાડીને પોતાનો ખર્ચ ઓછો કરવાનો પ્રયત્ન કરે છે અને તેની સીધી અસર રત્ન કલાકારોની રોજગારી પર પડે છે અને જો આગામી દિવસોમાં માર્કેટમાં સુધારો કે ફેરફાર નહી થાય તો અમુક વેપારીઓ આ સાતમ-આઠમનું વેકેશન દિવાળી સુધી લંબાવે તો નવાઈ નહી તેવી ચર્ચાઓ પણ છે. હાલની પરિસ્થિતિએ હીરાના વેપારમાં પડતર વધારે અને વેચાણ ઓછું હોવાથી વેપારીઓ પ્રોડક્શન વધારી રહ્યાં નથી. આગામી દિવસોમાં પણ જો આવી જ પરિસ્થિતિ રહી તો હાલ જિલ્લામાં ૧૦ ટકા હીરાના યૂનિટો બંધ છે જે સાતમ-આઠમ બાદ વધે તો પણ નવાઈ નહી.

### નડિયાદ ડાકોર રોડ પરથી કારમાંથી 3.31 લાખનો દારૂ ઝડપાયો


(એજન્સી) નડિયાદ | તા.12

વિદેશી દારૂ ભરીને જતી ઈનોવા કારને ઝડપી પાડી ફુલ રૂ.૧૧,૩૧,૨૩૦ નો મુદ્દા માલ કબજે કર્યો હતો. આ બનાવ અંગે ચકલાસી પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સ્ટેટ મોનિટરિંગ સેલ ગાંધીનગર પોલીસ પેટ્રોલિંગમાં નીકળી હતી. આ દરમિયાન બાતમી મળેલ કે આડીનાર ચોકડી પરથી વિદેશી દારૂ ભરેલ ઈનોવા ગાડી પસાર થનાર છે. જેથી પોલીસે આડીનાર ચોકડી પર વોચ ગોઠવી હતી આ દરમિયાન પુરઝડપે આવતી ગાડીને ઉભી રાખવા ઈશારો કરતા ગાડીના ચાલકે ગાડી હંકારી મૂકી હતી. પોલીસે ગાડીનો પીછો કરી ઝડપી પાડી ગાડીના ચાલકની પૂછપરછ કરતા કરણ ઉર્ફે રવિસિંહ સિસોદિયા (રહે. કપૂર વટો ક વાડા જિલ્લા ઉદયપુર રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. આ ઈનોવા કારની તલાસી લેતા વિદેશી દારૂની બોટલ નંગ ૧૮૩૦ કિંમત રૂ.૩,૩૧,૨૩૦/- નો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે વિદેશી દારૂ તેમજ ઈનોવા ગાડી કિંમત રૂ. ૮ લાખની મળી કુલ રૂ.૧૧,૩૧,૨૩૦/- નો મુદ્દામાલ કબજે કર્યો હતો.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે.




**વૃષભ (બ,વ,ઉ)**
વેપારીઓને આજે પોતાના ઘરના તે સભ્યોથી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પાછા નથી આપતા.




**મિથુન (ક,છ,ઘ)**
અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમયમાં તકલીફ થઇ શકે છે.




**કર્ક (ડ,હ)**
આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે.




**સિંહ (મ,ટ)**
જીવનને માણવા માટે ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક તથા સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો.




**કન્યા (પ,ઠ,ણ)**
બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દ્રઢતા બક્ષશે.




**તુલા (ર,ત)**
સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે.




**વૃશ્ચિક (ન,ય)**
સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.




**ધન (ભ,ધ,ફ)**
જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.



**મકર (ખ,જ)**
તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, સલાહથી ધનલાભ થાય.



**કુંભ (ગ,શ,સ)**
ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. જીવનસાથી સાથે નુકસાન થઇ શકે.



**મીન (દ,ચ,ઝ,થ)**
સારી તબિયત તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે.

# હિંડનબર્ગના રિપોર્ટ બાદ અદાણી ગ્રુપના 8 શેરમાં ઘટાડો: સેન્સેક્સ 56 પોઈન્ટ ઘટીને 79,648 પર બંધ થયો

(એજન્સી) મુંબઈ તા 12

અમેરિકન કંપની હિંડનબર્ગ અને સેબીના ચેરપર્સન માધબી પુરી બુચ વચ્ચેના વિવાદની બજાર પર કોઈ અસર થઈ નથી. સેન્સેક્સ 56 પોઈન્ટના સામાન્ય ઘટાડા સાથે 79,648 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 20 પોઈન્ટનો ઘટાડો થયો હતો. તે 24,347ના સ્તરે બંધ થયો હતો. અદાણી ગ્રુપના 10 શેરમાંથી 8 ઘટ્યા અને 2માં તેજી રહી હતી. અદાણી વિલ્મરમાં સૌથી વધુ 4.10%નો ઘટાડો નોંધાયો હતો. ટોટલ ગેસ અને એનર્જી સોલ્યુશન્સ 3%થી વધુ ઘટ્યા. ગ્રુપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝના શેરમાં 1.61%નો ઘટાડો થયો હતો. ગ્રીન એનર્જી અને અંબુજા સિમેન્ટમાં નજીવો વધારો હતો. એશિયન માર્કેટમાં આજે મિશ્ર કારોબાર એશિયન માર્કેટમાં આજે મિશ્ર કારોબાર જોવા મળી રહ્યો છે. હોંગકોંગનો હેંગસેંગ 0.31%ના ઘટાડા સાથે 17,036 પર કારોબાર કરી રહ્યો છે. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.013% અને કોરિયાનો કોસ્પી 1.07% ઘટ્યો હતો. શુક્રવારે યુએસ માર્કેટનો ડાઉ જોન્સ 0.13% વધીને 39,497 પર બંધ થયો હતો.




Nasdaq પણ 0.51% વધીને 16,745 પર બંધ થયો. S&P500 0.47% વધીને 5,344 પર બંધ થયો. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) એ 9 ઓગસ્ટના રોજ 406.72 કરોડના શેર ખરીદ્યા હતા. આ સમયગાળા દરમિયાન, ડોમેસ્ટિક ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ (DII) એ પણ 3,979.59 કરોડના શેર ખરીદ્યા હતા. એટલે કે વિદેશી રોકાણકારે ગયા સપ્તાહના અંતિમ દિવસે ખરીદી કરી હતી. સરસ્વતી સાડી ડેપોનો IPO આજથી ખુલશે પ્રારંભિક જાહેર ઓફર એટલે કે સરસ્વતી સાડી ડેપો લિમિટેડનો IPO આજે એટલે કે 12મી ઓગસ્ટે ખુલશે. રોકાણકારો આ IPO માટે 14 ઓગસ્ટ સુધી બિડ કરી શકશે. કંપનીના શેર 20 ઓગસ્ટે બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર લિસ્ટ થશે.

## 'જેટલું ચલાવો-એટલું ચૂકવો'થી બચાવો વીમાના પૈસા: ગાડી ઓછી ચાલે તો કિલોમીટરના હિસાબે ચૂકવો પ્રીમિયમ

મુંબઈ તા 12

ભારતમાં મોટી સંખ્યામાં લોકોએ 'પે એઝ યુ ડ્રાઈવ' વાહન વીમો અપનાવવાનું શરૂ કર્યું છે. આમાં, તમારું વાહન એક વર્ષમાં કેટલું ચાલે છે તેના આધારે વીમા પ્રીમિયમ નક્કી કરવામાં આવે છે. જેઓ તેમના વાહનનો ઓછો ઉપયોગ કરે છે તેમના માટે 'પે એઝ યુ ડ્રાઈવ' ફાયદાકારક બની શકે છે. જો કે, જેઓ એક વર્ષમાં 10,000 કિમીથી વધુ ડ્રાઈવ કરે છે તેમના માટે તે ફાયદાકારક નથી. તે કોના માટે ફાયદાકારક છે: કૉલેજના વિદ્યાર્થીઓ, વરિષ્ઠ નાગરિકો, જે લોકો સાર્વજનિક પરિવહનમાં ખૂબ મુસાફરી કરે છે અથવા જે લોકો બહુવિધ વાહનો ધરાવે છે અને તેમને પ્રસંગોપાત બહાર લઈ જાય છે. તેમાં હાઈબ્રિડ કર્મચારીઓ અને નાના શહેરોમાં ટૂંકા અંતરની મુસાફરી કરતા લોકોનો પણ સમાવેશ થાય છે. એક અભ્યાસ મુજબ, આ વીમા લેનારાઓમાંથી 35% હાઈબ્રિડ કામ કરે છે, એટલે કે તેઓ અઠવાડિયામાં માત્ર 2 કે 3 દિવસ ઓફિસથી કામ કરે છે. પ્રીમિયમ ગણતરી: પે એઝ યુ ડ્રાઈવ વીમામાં ત્રણ પૂર્વ-નિર્ધારિત સ્લેબ છે: 2500 કિમી, 5000 કિમી અને 7500 કિમી. કવરેજ ખરીદતી વખતે, તમારે સ્લેબ પસંદ કરવો પડશે. પસંદ કરેલ સ્લેબ સિવાય કારના મેક, મોડેલ અને ડ્રાઈવરની પ્રોફાઈલના આધારે પ્રીમિયમની ગણતરી કરવામાં આવે છે. કેટલી બચત થશે: જો સામાન્ય વીમામાં કુલ પ્રીમિયમ રૂ. 10,000 છે. જો તમે 2,500 કિમીનો સ્લેબ પસંદ કરો છો, તો પ્રીમિયમ લગભગ રૂ. 4,500 હશે, જો તમે 5,000 કિમી પસંદ કરો છો, તો તે રૂ. 3,500 અને 7,500 કિમીના સ્લેબ માટે રૂ. 2,500 હશે. અને 10,000 કિમી સ્લેબમાં રૂ.2,000.બચી શકે છે.જો તમે વધુ પડતું વાહન ચલાવો તો ટોપ-અપઃ જો તમે નિર્ધારિત સંખ્યામાં કિલોમીટર સુધી વાહન ચલાવો છો, તો વીમા કંપની તમને ગ્રેસ જો તમે તે પણ ખર્ચો છો તો ટોપ અપ કરવું જરૂરી છે. નહિંતર, જો તમે કોઈ અકસ્માતનો ભોગ બનશો, તો તમારા દાવાને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. જો તમે પહેલાથી જ ટોપ-અપ કર્યું હોય તો જ તમારો દાવો માન્ય રહેશે.

## NEWS BRIEF

### એઆઇ અને રોબોટિક્સમાં પથદર્શક ઈનોવેશન્સ બતાવવા માટે ઓટોમેશન પર સાઉથ એશિયાનો સૌથી વિશાળ એક્સપો

ઉદ્યોગ માટે ભારતનું સૌથી મોટું પ્રદર્શન ઓટોમેશન એક્સપોએ 17મા ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કોન્ફરન્સ પરથી પડદો ઊંચક્યો. આ સીમાચિહનરૂપ ઈવેન્ટ 21-24 ઓગસ્ટે બોમ્બે એક્ઝિબિશન સેન્ટર (બીઈસી), નેસ્કો, મુંબઈ ખાતે યોજાશે. આ પ્રદર્શન ભારતના ઓટોમેશન ઉદ્યોગમાં ઝડપી વૃદ્ધિ અને ઈનોવેશન દર્શાવવા માટે નોંધપાત્ર સિદ્ધ છે. ઓટોમેશન એક્સપો 2024 પ્રોસેસ અને ફેક્ટરી ઓટોમેશન પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અને રોબોટિક્સના પરિવર્તનકારી પ્રભાવને આલેખિત કરશે. પારંપરિક રોબો તેમનું ખર્ચ કિફાયતીપણું અને પ્રોગ્રામેબિલિટી માટે લાંબા સમયથી પ્રચલિત છે. જોકે પ્રોડક્શન ડેટા સાથે એઆઈને જોડવાથી ઓટોમેશન નવી ઊંચાઈએ પહોંત્યું છે, પ્રેડિક્ટિવ મેઈનટેનન્સમાં પ્રગતિ આવી છે, મટીરિયલ વેસ્ટ ઓછું થયું છે અને ડિમાન્ડ ફોરકાસ્ટિંગ બહેતર બન્યું છે. આ વર્ષનું પ્રદર્શન એમએસએમઈ ક્ષેત્રને ઈનોવેટિવ સ્ટાર્ટઅપ્સ અને સ્થાપિત ઉદ્યોગના આગેવાનોનો સમાવેશ ધરાવતી નવીન ટેકનોલોજીઓ અને સમાધાનનો વ્યાપક નજરિયો મુલાકાતીઓને પ્રદાન કરશે. ભારતનું ઔદ્યોગિક ઓટોમેશન ક્ષેત્ર વૃદ્ધિને પંથે છે, જે 2029 સુધી 15 અબજ ડોલર પરથી 29.5 અબજ ડોલર સુધી પહોંચવાની ધારણા છે.

### રેલવેની આ કંપની દરેક શેર પર આપશે આટલા રૂપિયાનું ડિવિડન્ડ

આ રેલવે કંપનીએ આ અઠવાડિયે સ્ટોક માર્કેટ એક્સચેન્જને જણાવ્યું હતું કે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની એક મહત્વપૂર્ણ બેઠક 12 ઓગસ્ટ, 2024ના રોજ યોજાવા જઈ રહી છે. તમને જણાવી દઈએ કે કંપની સામાન્ય રીતે બજાર બંધ થયા પછી એટલે કે બપોરે 03.30 વાગ્યા પછી જ નાણાકીય પરિણામો જાહેર કરે છે. શેરબજારમાં લિસ્ટેડ ઘણી કંપનીઓ નાણાકીય વર્ષ 2024-25 ના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે તેમના નાણાકીય પરિણામો જાહેર કરી રહી છે. નાણાકીય પરિણામો જાહેર કરવાનો આ વલણ આગળ પણ ચાલુ રહેશે. તે દરમિયાન, સરકારી કંપની ઈન્ડિયન રેલવેની આ કંપની પણ ટૂંક સમયમાં નાણાકીય વર્ષ 2024-25ના પ્રથમ ત્રિમાસિક ગાળાના પરિણામો જાહેર કરવા જઈ રહી છે. IRFC એ આ અઠવાડિયે સ્ટૉક માર્કેટ એક્સચેન્જને જણાવ્યું હતું કે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની એક મહત્વપૂર્ણ બેઠક 12 ઓગસ્ટ, 2024ના રોજ યોજાવા જઈ રહી છે.મીટિંગ પછી, કંપની પ્રથમ ત્રિમાસિક (એપ્રિલ 1 થી જૂન 30, 2024) માટે પરિણામો જાહેર કરશે.

### 140 રૂપિયા પર જશે EV કંપનીનો આ શેર, ખરીદવામાં ઘસારો

બજાર નિષ્ણાતોનું માનવું છે કે આગામી દિવસોમાં કંપનીના શેરમાં વધુ ઉછાળો આવી શકે છે. એક અગ્રણી બ્રોકરેજ ફર્મના જણાવ્યા અનુસાર આ ઈલેક્ટ્રિકના શેર આગામી 12થી 18 મહિનામાં 140 રૂપિયા સુધી જઈ શકે છે. કંપનીનો 6,145 કરોડ રૂપિયાનો IPO ઓફરના છેલ્લા દિવસે મંગળવારે 4.27 વખત સબસ્ક્રાઈબ થયો હતો. સોફ્ટબેંક દ્વારા સમર્થિત આ ઈલેક્ટ્રિક મોબિલિટીના શેર ગયા શુક્રવારે એટલે કે 09 ઓગસ્ટના રોજ બજારમાં લિસ્ટ થયા હતા. કંપનીના શેરનું ફ્લેટ લિસ્ટિંગ હતું, પરંતુ ટ્રેડિંગ દરમિયાન જ આ શેર 20 ટકા વધીને 91.18 રૂપિયા થઈ ગયો. 76 રૂપિયાની IPO કિંમત સામે 20 ટકા નફો થયો હતો. હવે બજાર નિષ્ણાતોનું માનવું છે કે આગામી દિવસોમાં કંપનીના શેરમાં વધુ ઉછાળો આવી શકે છે. એક અગ્રણી બ્રોકરેજ ફર્મના જણાવ્યા અનુસાર, આગામી 12થી 18 મહિનામાં આ ઈલેક્ટ્રીકના શેર 140 રૂપિયા સુધી જઈ શકે છે. એક ખાનગી સમાચાર પોર્ટલ મુજબ, વેન્ચ્યુરા સિક્યોરિટીઝના ઈક્વિટી રિસર્ચ હેડ વિનીત બોલિંજકરનું માનવું છે કે ઓલા ઈલેક્ટ્રિકનું માર્જિન નોંધપાત્ર રીતે વધશે. સૌથી મહત્વનો ભાગ એ છે કે નફાકારકતાના પ્રારંભિક સંકેતો H2FY27 પછી જોવા મળે છે. આ તમામ બાબતોને એકસાથે લઈને તેમનું માનવું છે કે આગામી 12થી 18 મહિનામાં સ્ટોક રૂ. 140થી વધુની સપાટીએ પહોંચી શકે છે.

# 'સેબીના ચેરપર્સને ઘણી વસ્તુઓ સ્વીકારી' હિંડનબર્ગે બુચ દંપતી પર નવા પ્રશ્નો ઉભા કર્યા

(એજન્સી) મુંબઈ તા 12

અમેરિકન શોર્ટ સેલર હિંડનબર્ગે જણાવ્યું હતું કે અમારા અહેવાલનો જવાબ આપતાં સેબીના ચેરપર્સન માધબી બુચે ઘણી બાબતોનો સ્વીકાર કર્યો છે, જેનાથી ઘણા નવા પ્રશ્નો ઉભા થયા છે. હિંડનબર્ગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું- બુચની પ્રતિક્રિયાથી બરમૂડા/મોરેશિયસના એક અન-ક્લિયર સ્ટ્રક્ચરમાં વિનોદ અદાણીના રોકાણની પુષ્ટિ થાય છે. આ સિવાય તેના દ્વારા કથિત રીતે ઉચાપત કરાયેલા નાણાંની પણ પુષ્ટિ થાય છે. તેમણે એ વાતની પણ પુષ્ટિ કરી કે આ ફંડ તેમના પતિના બાળપણના મિત્ર દ્વારા ચલાવવામાં આવ્યું હતું, જે તે સમયે અદાણીના ડિરેક્ટર હતા. સેબીને અદાણી કેસ સંબંધિત રોકાણ ભંડોળની તપાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું, જેમાં માધબી પુરી બુચ વતી રોકાણ કરવામાં આવ્યું હતું. હિંડનબર્ગે બુચ દંપતી પર નવા પ્રશ્નો ઉભા કર્યા બુચે દાવો કર્યો છે કે 2017માં સેબીમાં નિયુક્ત થતાંની સાથે જ તેમણએ બંને કન્સલ્ટિંગ કંપનીઓ છોડી દીધી હતી, પરંતુ માર્ચ 2024 સુધીનું શેરહોલ્ડિંગ દર્શાવે છે કે માધબી અગોરા એડવાઈઝરી (ભારત)માં 99% હિસ્સો ધરાવે છે. આ કંપની હજુ પણ કમાણી કરી રહી છે. માધબીએ 16 માર્ચ, 2022 સુધી અગોરા પાર્ટનર્સ સિંગાપોરમાં 100% હિસ્સો રાખ્યો હતો, એટલે કે જ્યાં સુધી તેઓ સેબીના સંપૂર્ણ સમયના સભ્ય હતા ત્યાં સુધી. સેબીના ચેરપર્સન બન્યાના બે અઠવાડિયા પછી તેમણે તેના પતિના નામે તેના શેર ટ્રાન્સફર કર્યા હતા. અગોરા એડવાઈઝરીએ નાણાકીય વર્ષોમાં (22,23, 24) રૂ. 2.3 કરોડની સેબીના અધ્યક્ષ હતા. તે પણ નોંધપાત્ર। છતાં, તેમના અંગત ઈ-મેલ આઈડી પરથી તેમના પતિના નામનો ઉપયોગ કરીને બિઝનેસ કરતા હતા.



## સ્ટારલાઇનપ્સ એન્ટરપ્રાઇઝ લિમિટેડના બોર્ડની 1:5 સ્ટોક સ્પ્લિટ અને બોનસ ઇશ્યૂને મંજૂરી

મુંબઈ તા 12

સ્ટારલાઈનપ્સ એન્ટરપ્રાઇઝ લિમિટેડ (BSE: 540492) કિંમતી પથ્થરોના વ્યવસાય સાથે સંકળાયેલી અગ્રણી કંપનીએ જાહેરાત કરી છે કે તેના બોર્ડે 8 ઓગસ્ટ, 2024ના રોજ મળેલી તેની મીટિંગમાં કંપનીની અધિકૃત શેર મૂડીમાં રૂ. 22 કરોડથી રૂ. 37સુધીનો વધારો કરવાની મંજૂરી આપી છે. આ વધારો શેરધારકોની મંજૂરીને આધીન છે, જે પોસ્ટલ બેલેટ દ્વારા માંગવામાં આવશે. શેરની તરલતા વધારવા અને તેને નાના રોકાણકારો માટે વધુ સુલભ બનાવવા માટે, કંપનીએ સ્ટોક સ્પ્લિટને પણ મંજૂરી આપી છે. રૂ.5ની ફેસ વેલ્યુ સાથેનો દરેક વર્તમાન ઈક્વિટી શેર રૂ.1ના પાંચ ઈક્વિટી શેરમાં પેટાવિભાજિત કરવામાં આવશે. આ સ્ટોક સ્પ્લિટની રેકોર્ડ ડેટ નિયત સમયે જાહેર કરવામાં આવશે. તદુપરાંત બોર્ડે 1:5 રેશિયોમાં બોનસ શેર ઈશ્યુ કરવાની મંજૂરી આપી છે, એટલે કે શેરધારકોને રાખવામાં આવેલા દરેક પાંચ શેર માટે એક વધારાનો શેર મળશે. આ પહેલ પોસ્ટલ બેલેટ દ્વારા શેરધારકોની મંજૂરી માટે પણ બાકી છે, તેના રોકાણકારોને પુરસ્કાર આપવાની કંપનીની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. આ જાહેરાત મજબૂત નાણાકીય કામગીરીને અનુસરે છે, જેમાં કંપનીએ વાર્ષિક આવકમાં 48.17% નો વધારો નોંધાવ્યો છે.

## એક્સિસ બેંક અને વિઝાએ ભારતના ઉચ્ચ વર્ગ માટે અલ્ટ્રા લક્ઝરી ક્રેડિટ કાર્ડ 'PRIMUS' રજૂ કર્યું

મુંબઈ તા 12

ભારતમાં ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેંકોમાંની એક એક્સિસ બેંકે ડિજિટલ પેમેન્ટ્સમાં વિશ્વની અગ્રણી વિઝા સાથે હાથ મિલાવીને અલ્ટ્રા-પ્રીમિયમ ક્રેડિટ કાર્ડ 'Primus' લોન્ચ કર્યું છે જે લક્ઝરીને ફરીથી વ્યાખ્યાયિત કરવા માટે બનાવાયું છે. આ નવું સુપર-પ્રીમિયમ કાર્ડ Primus એક્સિસ બેંકના પસંદગીના અલ્ટ્રા-હાઈ નેટવર્થ ગ્રાહકોને જ બાય ઈન્વિટેશન જ ઓફર કરવામાં આવશે. ભારતમાં પ્રથમ વખત ગ્રાહકોને વિઝા ઈન્ફાઈનાઈટ પ્રિવિલેજ ઓફરિંગ હેઠળ ખાસ બનાવાયેલા વૈશ્વિક સ્તરે વખાણાયેલા વિશિષ્ટ પ્રિવિલેજીસ અને લાભો મળશે. ભારતનો જીડીપી આશરે 3.5 ટ્રિલિયન ડોલર [1] સુધી વધ્યો છે, જે તેને વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં સ્થાન આપે છે.




આ આર્થિક વૃદ્ધિના પગલે વિક્રમજનક સંપત્તિ સર્જન થયું છે અને ફોર્બ્સ 2024ની વિશ્વના અબજોપતિઓની યાદી[2]માં રેકોર્ડ સર્જતા 200 ભારતીયોએ સ્થાન મેળવ્યું છે અને ભારતમાં 2026[3] સુધીમાં અંદાજે 16.3 લાખ કરોડપતિઓ હશે. તાજેતરના અહેવાલ મુજબ, 30 મિલિયન ડોલરથી વધુ નેટવર્થ સાથે ભારતના અલ્ટ્રા-હાઈ-નેટવર્થ લોકો (UHNWI) આગામી પાંચ વર્ષમાં અડધાથી વધુ (58.4 ટકા)ના દરે વધશે. અલ્ટ્રા-હાઈ નેટવર્થ લોકો પાસે અલગ અને જટિલ બેંકિંગ જરૂરિયાતો હોય છે.

# આધાર કાર્ડ અપડેટ કરવા માટે આ સ્ટેપ ફોલો કરવા પડશે, જાણો પ્રોસેસ

નવી દિલ્હી તા 12

ભારતીય નાગરિકો માટે સૌથી મહત્વપૂર્ણ દસ્તાવેજ ઓફલાઈન અને ઓનલાઈન બંને રીતે આધારકાર્ડમાં સુધારા કરી શકો

સ્ટેપ ફોલો કરીને પણ તમારું આધાર કાર્ડ સુધારી શકો છો આધારકાર્ડ ભારતીય નાગરિકો માટે સૌથી મહત્વપૂર્ણ દસ્તાવેજ ગણાય છે.આધાર કાર્ડમાં જન્મતારીખ, સરનામું અને બાયોમેટ્રિક ડેટા જેવી મહત્વપૂર્ણ વિગતો હોય છે.પરંતુ જો તમારા આધાર કાર્ડમાં ખોટી માહિતી હશે તો તમે મહત્વપૂર્ણ સરકારી યોજનાઓનો લાભ નહીં મેળવી શકો. જો તમારા આધારકાર્ડમાં પણ કોઈ માહિતીમાં ભૂલ હોય તો કેટલાક સરળ સ્ટેપ ફોલો કરીને પણ તમારું આધાર સુધારી શકો છો. તમે ઓફલાઈન અને ઓનલાઈન બંને રીતે આધારકાર્ડમાં સુધારા કરી શકો છો. ઓફલાઈન આધારકાર્ડ સુધારવાની પ્રક્રિયા સુધારણા ફોર્મ મેળવવા માટે સૌ પ્રથમ તમારે નજીકના આધાર નોંધણી કેન્દ્રની મુલાકાત લેવી પડશે. અહીં તમારે સુધારણા ફોર્મમાં તમારો 12-અંકનો આધાર નંબર, નામ અને અન્ય મહત્વપૂર્ણ વિગતો ભરવાની રહેશે અને તમારે જણાવવું પડશે કે તમે તમારી કઈ વિગત બદલવા માંગો છો. જન્મ પ્રમાણપત્ર અથવા પાન કાર્ડ જેવા દસ્તાવેજોમાંથી એકની ફોટોકોપી ફોર્મ સાથે જોડવામાં આવશે. દસ્તાવેજો સાથે ભરેલું ફોર્મ સબમિટ કરવાનું રહેશે આધાર નોંધણી કેન્દ્રના અધિકારીઓને દસ્તાવેજો સાથે ભરેલું ફોર્મ સબમિટ કરવાનું રહેશે. તે અધિકારી તમારા બાયોમેટ્રિક્સની ચકાસણી કરશે અને ફોર્મ અને દસ્તાવેજની ચોકસાઈ માટે તપાસ કરશે. તમારા આધાર કાર્ડ પર જન્મ તારીખ અપડેટ કરવા માટે 50 રૂપિયા ફી લેવામાં આવે છે. એકવાર સબમિટ




## FPI: વિદેશી રોકાણકારોએ 7 દિવસમાં માર્કેટથી આટલા કરોડો ઉપાડયા

નવી દિલ્હી તા 12

આ વર્ષે ભારતીય ઈક્વિટી બજારમાં 22,134 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે અમેરિકામાં મંદીની આશંકાની વચ્ચે એફપીઆઈએ આ પૈસા ઉપાડયા અનિશ્ચિતતા જેવા કારકોથી પણ ભારતીય બજારમાંથી ઉપાડ થયો વિદેશી પોર્ટફોલિયો રોકાણકાર (FPI) એકવાર ફરીથી વેચાઈ ગયું છે. તે પોતાના નાણાં ભારતીય બજારમાંથી કાઢી રહ્યા છે. ઓગસ્ટ મહિનામાં અત્યાર સુધી ભારતીય ઈક્વિટી બજારમાંથી 13,400 કરોડ રૂપિયાથી વધુ ઉપાડી લીધા છે. એટલે કે, માત્ર સાત જ દિવસના ટ્રેડિંગ-ડેમાં એટલી વેચવાલી નીકળી. ઉલ્લેખનીય છે કે, બે માસમાં ભારતીય માર્કેટમાં રોકાણ કરનારા વિદેશી પોર્ટફોલિયો રોકાણકાર હવે પ્યોર સેલર્સ બની ગયા છે. ડિપોઝિટરીના આંકડાઓથી જાણવા મળે છે કે, આ વર્ષ અત્યાર સુધી એફપીઆઈએ ભારતીય ઈક્વિટી બજારમાં 22,134 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. શા માટે પૈસા ઉપાડી રહ્યા છે અમેરિકામાં મંદીની આશંકાની વચ્ચે એફપીઆઈએ આ પૈસા ઉપાડયા છે. જાપાન દ્વારા વ્યાજ દર 0.25 ટકા વધારવા અને અમેરિકામાં મંદીની આશંકા વચ્ચે યેન કેરી ટ્રેડ બંધ હોવાથી ઓગસ્ટમાં પૈસા ઉપાડવાનું શરૂ થયું છે. રાજકીય તણાવ વધવા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા સંઘર્ષને લીધે આમાં વધારો થયો છે. આના લીધે વિદેશી રોકાણકારોએ પોતાના જોખમને ઓછું કરી દીધું છે. આ ઉપરાંત ભારતીય બજારના ઉચ્ચ મૂલ્યાંકનને જોતા વિદેશી રોકાણકાર નફો કમાવવા માટે પ્રેરિત થયા. નબળા રોજગાર આંકડાઓથી અમેરિકામાં મંદીની આશંકાએ જોર પકડયું છે. વ્યાજદરોમાં કાપના સમયને લઈ અનિશ્ચિતતા જેવા કારકોથી પણ ભારતીય બજારમાંથી ઉપાડ થયો હતો.

## એમેઝોને તેના ટ્રાન્સપોર્ટ નેટવર્કને ડિકાર્બોનાઇઝ કરવા અને તેમાં પરિવર્તન લાવવા લાંબા ગાળાની પ્રતિબદ્ધતાના ભાગરૂપે ભારતમાં નવા ઇલેક્ટ્રિક વ્હીકલ્સ ઉમેરવા માટે જેન્ટારી સાથે હાથ મિલાવ્યા



મુંબઈ તા 12

એમેઝોન ઈન્ડિયા અને જેન્ટારી ગ્રીન મોબિલિટી બિઝનેસે (જેન્ટારી) આજે ભારતમાં ઝીરો-ટેલપાઈપ એમિશન ડિલિવરી વધારવાના ધ્યેય સાથે વ્યૂહાત્મક ફ્લીટ મેનેજમેન્ટ ભાગીદારીની જાહેરાત કરી છે. આ ભાગીદારી એમેઝોનના લાસ્ટ-માઈલ ઈલેક્ટ્રિક ફ્લીટ પ્રોગ્રામને સ્થાનિક સ્તરે ટેકો આપશે તથા એમેઝોન ડિલિવરી માટે વધુ થ્રી-વ્હીલર ઈવીની ડીએસપીને એક્સેસ આપશે. છેલ્લા એક દાયકામાં એમેઝોને ભારતમાં 400થી વધુ શહેરોમાં તેની કામગીરીમાં ઈવી અપનાવવાના સ્કેલ માટે ઉત્પાદકો, ડિલિવરી સર્વિસ પ્રોવાઈડર્સ, ચાર્જિંગ પોઈન્ટ ઓપરેટર્સ અને નાની-મોટી ફાઈનાન્સિંગ કંપનીઓ સાથે સહયોગ કર્યો છે. 2023માં 7,200થી વધુ ઈવીનો ઉપયોગ કરવા સાથે, એમેઝોન 2025 સુધીમાં તેના ભારતમાં ડિલિવરી ફ્લીટમાં 10,000 ઈવી તૈનાત કરવાના તેના લક્ષ્યને હાંસલ કરવાના માર્ગ પર છે. ભાગીદારીના ભાગરૂપે, જેન્ટારી આગામી ત્રણ વર્ષમાં સેંકડો ઈલેક્ટ્રિક વાહનોની ખરીદી અને તૈનાત કરવાનું લક્ષ્ય રાખશે. આ ઈવી વ્યૂહાત્મક રીતે ભારતના વિવિધ શહેરોમાં તૈનાત કરવામાં આવશે, અને જેન્ટારી ડીએસપીને વ્યાપક ફ્લીટ મેનેજમેન્ટ સર્વિસીઝ પણ પ્રદાન કરશે, જે ઈવી ફ્લીટની સરળ કામગીરી અને જાળવણીને સુનિશ્ચિત કરવામાં મદદ કરશે, જેનાથી એમેઝોનની ડિલિવરી સેવાઓની વિશ્વસનીયતામાં વધારો થશે.

## દેવ આઈટીના સંકલિત નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિક કર બાદ નફામાં 102%નો વધારો થયો

મુંબઈ તા 12

દેવ ઈન્ફર્મેશન ટેક્નોલોજી લિમિટેડ, (NSE - DEVIT, BSE - INE060X01026), જે ક્લાઉડ સર્વિસિસ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, એન્ટરપ્રાઈઝ એપ્લિકેશન્સ અને મેનેજડ આઈટી સર્વિસિસ પૂરી પાડતી વૈશ્વિક આઈટી સર્વિસિસ કંપની છે, જેના ઉત્પાદનોમાં ટેલિજન્સ અને બાઈટસાઈનર જેવા ઉત્પાદનો શામેલ છે, તેણે નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. પ્રદર્શન અંગે ટિપ્પણી કરતાં, ફાઉન્ડર અને ચેરમેન શ્રી પ્રણવ પંડ્યાએ જણાવ્યું, 'અમને કર બાદ નફામાં નોંધપાત્ર વધારા સાથે અસાધારણ ત્રિમાસિકની જાણ કરતા આનંદ થઈ રહ્યો છે, જે અમારા વ્યૂહાત્મક ધ્યાન અને કાર્યકારી શ્રેષ્ઠતાને દર્શાવે છે. આ પ્રભાવશાળી વૃદ્ધિ કંપની દ્વારા પ્રાપ્ત થયેલા કેટલાક નોંધપાત્ર ઓર્ડરને આભારી છે. આગળ જોતાં, અમને વિશ્વાસ છે કે આ વૃદ્ધિનો માર્ગ ટકાઉ છે. અમે રાજકિસાન સાથી પોર્ટલ માટે રાજકોમ્પ ઈન્ફો સર્વિસિસ લિમિટેડ સાથે એક મોટો પ્રોજેક્ટ મેળવ્યો છે.

# વિશ્વમાં જિયો-પોલિટિકલ ટેન્શન છતાં સોનાના ભાવમાં ઘટાડો, કારણ જાણી લો

અમેરિકા તા 12

અમેરિકામાં મંદીની ચિંતા વચ્ચે ભારતમાં સોનાના ભાવ ઘટયા કેન્દ્રીય બજેટમાં સોનામાં કસ્ટમ ડ્યૂટી ઘટાડતા ભાવમાં કડાકો બોલાયો અમેરિકા અને ચીન વચ્ચે સતત ટકરાતું ટ્રેડ વોર છતાં સોનાના ભાવ સ્થિર અમેરિકામાં મંદીની ચિંતા વચ્ચે વિશ્વમાં વધતા જિયો-પોલિટિકલન ટેન્શન અને અમેરિકા-ચીન વચ્ચે વધતું ટ્રેડ વોર છતા સોનાના ભાવ સ્થિર બન્યા છે. જ્યારે થવું એવું જોઈતું કે, સોનાના ભાવમાં તેજી આવવી જોઈતી. આખરે આવું શા માટે થઈ રહ્યું છે. શું સોનાના ભાવમાં તેજી આવશે કે ઘટાડો નોંધાશે? તમને જણાવીએ બજેટમાં કસ્ટમ ડ્યૂટી ઓછી કરતા સોનાના ભાવમાં ભારે ઘટાડો આવ્યો હતો. જાણો આગળ સોનામાં શું થઈ શકે છે.

અમેરિકામાં મંદીના ભણકારા છતાં સોનું સસ્તું અમેરિકામાં મંદીની ચિંતા વચ્ચે વિશ્વમાં વધતા જિયો-પોલિટિકલન ટેન્શન અને અમેરિકા-ચીન વચ્ચે વધતું ટ્રેડ વોર છતા સોનાના ભાવ સ્થિર બન્યા છે. જ્યારે થવું એવું જોઈતું કે, સોનાના ભાવમાં તેજી આવવી જોઈતી. આખરે આવું શા માટે થઈ રહ્યું છે. શું સોનાના ભાવમાં તેજી આવશે કે ઘટાડો નોંધાશે? તમને જણાવીએ બજેટમાં કસ્ટમ ડ્યૂટી ઓછી કરતા સોનાના ભાવમાં ભારે ઘટાડો આવ્યો હતો. જાણો આગળ સોનામાં શું થઈ શકે છે. તો વળી ગત સપ્તાહના અંતે 2,486 રૂપિયાના બંધ ભાવ કરતાં ટ્રોય દીઠ 16 ડોલર ઓછું છે. સોનાના ભાવમાં ગયા અઠવાડિયે થયેલી હિલચાલ મોટાભાગના સોનાના રોકાણકારો માટે આશ્ચર્યજનક છે કારણ કે વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે પીળી ધાતુના ભાવમાં મોટો ઉછાળો અપેક્ષિત હતો. જો કે, તેનાથી વિપરિત, સોનાના ભાવમાં શેરબજારની હિલચાલને અનુસરવામાં આવી હતી. શું સોનાના ભાવમાં તેજી આવશે?

ોમોડિટી બજારથી મળતી માહિતી અનુસાર, આગામી મહિનાઓમાં સોનાના ભાવમાં મોટા ફેરફાર જોવા નહીં મળે. સોનું એક રેંજ બાઉન્ડમાં ટ્રેડ કરશે. આના લીધે ઓગસ્ટ મહિનાના શરૂઆતના ગાળામાં સોનાની કિંમત જુલાઈના રેકોર્ડ કરતા ઓછો હતો. આ ઉપરાંત સોનામાં આગામી ત્રણ દિવસમાં ઘટાડો આવ્યો જે અપ્રત્યક્ષ રીતે લાંબા સમય સુધી વેચાણમાં ઘટાડાના સંકેત છે. જ્યારે વિશ્વમાં સેન્ટ્રલ બેંક સોનાની ખરીદી ધીમી કરી દીધી છે. પરંતુ છૂટક બજારમાં વેચાણ ચાલુ હોવાથી શક્યતા છે. આ બધા પરિબળોને જોતા એવું અનુમાન છે.



## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2079, શ્રાવણ સુદ-09

# અસ્થિર પડોશીઓથી ઘેરાતું ભારત

બાંગ્લાદેશમાં થયેલ તખ્તાપલટના મુદ્દે ભારતીય સંસદના બંને સદનોમાં વિદેશ મંત્રી જયશંકરે પોતાના વક્તવ્યમાં કહ્યું કે પાંચ ઓગસ્ટે વડાપ્રધાન શેખ હસીનાએ સુરક્ષા પ્રતિષ્ઠાનો સાથે બેઠક બાદ સ્પષ્ટ રૂપે રાજીનામું આપવાનો નિર્ણય કર્યો અને 'થોડા સમય માટે' તેમણે ભારત આવવાની મંજૂરી માગી. પૂર્વ વડાપ્રધાન શેખ હસીના હવે ભારતમાં છે એું માનવામાં આવે છે કે કોઈ ત્રીજા દેશમાં શરણ મળ્યા સુધી અહીં રહેશે. જો આ હાલતને ભારતીય દ્દષ્ટિકોણથી જોવામાં આવે તો આ એક અસાધારણ સ્થિતિ છે, જ્યાં ભારતને કેટલાક આકરા નિર્ણયો લેવા પડશે, જેમાં પડોશી પ્રથમ નીતિ અંતર્ગત મદદ પણ કરવી પડશે. બાંગ્લાદેશમાં ફસાયેલા હજારો ભારતીયોની સુરક્ષા સાથે એ વાત સુનિશ્ચિત કરવાની છે કે કોઈ અનધિકૃત રૂપે સીમા પાર કરીને ભારતમાં પ્રવેશ ન કરી શકે. આ સમગ્ર ઘટનાક્રમથી દેશ માટે એક અભૂતપૂર્વ સુરક્ષા સ્થિતિ પેદા થઈગઈ છે. ભારત સમક્ષ ૧૯૭૧વાળી સ્થિતિ ફરી એક વાર આવી ગઈ છે. બાંગ્લાદેશમાં રહેતા તમામ અલ્પસંખ્યક સમૂહો ખાસ કરીને મોટી સંખ્યામાં હિંદુ ભારતમાં શરણાર્થી તરીકે આવવાની અરજ કરી શકે છે. એનાથી બાંગ્લાદેશની સીમા સાથે જોડાયેલા બંગાળ અને ત્રિપુરા જેવા રાજ્યોમાં ચિંતાજનક હાલત પેદા થઈ શકે છે. જો બાંગ્લાદેશની વચગાળાની સરકારમાં કટ્ટરપંથીઓનો દબદબો વધે છે, જેની ભરપૂર આશંકા છે તો ભારતના પડકારો ઓર વધી જવાના છે, કારણ કે તેમાંથી કેટલાક જૂથોને પાકિસ્તાનનું સમર્થન મળતું રહ્યું છે. તેને કારણે એ સતત ભારત વિરોધી ગતિવિધિઓ ચલાવતા રહ્યા છે. પાકિસ્તાન આજ સુધી ભારતને પોતાના વિભાજન એટલે કે બાંગ્લાદેશના નિર્માણનું કારણ માનતું રહ્યું છે અને તે કોશિશ કરશે કે બાંગ્લાદેશના ઈસ્લામિક કટ્ટરપંથી જૂથો સાથે મળીને ભારત વિરુદ્ધ આતંકી અને અસામાજિક તત્ત્વોને સક્રિય કરવામાં આવે. બાંગ્લાદેશમાં અરાજકતા વચ્ચે દિક્ષણ એશિયામાં અસ્થિરતા વધી ગઈ છે, જે ભારતના હિતમાં બિલકુલ નથી. ભારતની સુરક્ષા માટે ચોતરફી પડકારો વધી રહ્યા છે. ગત દિવસોમાં જ નેપાળમાં ચીન સમર્થક સરકાર બની છે, જેનું નેતૃત્વ વડાપ્રધાન કેપી શર્મા ઓલી કરી રહ્યા છે.

## દેવગઢબારીયા તાલુકાના પીપલોદ ખાતે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત પંચાયત અને કૃષિ મંત્રીશ્રી બચુભાઇ ખાબડની પ્રેરક ઉપસ્થિતમાં તિરંગા યાત્રા યોજાઇ

દિપક રાવલ, દાહોદ

પીપલોદ ખાતે તિરંગા રેલીમાં પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડે જણાવ્યું હતું કે, તિરંગા અભિયાન થકી જન-જનમાં રાષ્ટ્રભક્તિ વધુ બળવત્તર બની છે અને આ મહાઅભિયાન ઘર-ઘર સુધી પહોચ્યું છે.તિંરગો આપણને પ્રેરણા આપે છે, જેનાથી આપણે રાષ્ટ્ર માટે શ્રેષ્ઠ યોગદાન આપી શકવા તત્પર બનીએ છીએ. મંત્રી શ્રી બચુભાઈ ખાબડે ઉમેર્યું હતું કે, સમગ્ર દેશ હર ઘર તિરંગા અભિયાનની ઉત્સાહપૂર્વક ઉજવણી કરી રહ્યો છે. વધુમાં તેમણે આપણો રાષ્ટ્ર ધ્વજ આપણી શાન આપણું ગૌરવ છે તેમ જણાવી દરેક નાગરિક આ અભિયાનમાં જોડાય તે માટે અપીલ કરી હતી. મંત્રીશ્રી ઉમેર્યું હતું કે 78 મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત હર ઘર તિંરગા અભિયાનની ઉજવણી થઇ રહી છે. સમગ્ર દેશમાં આપણો રાષ્ટ્ર ધ્વજ આપણી શાન અને આપણું ગૌરવની લાગણી સાથે તિરંગા યાત્રાઓ યોજાઇ રહી છે. આજે સમગ્ર દેશના નાગરિકો પોતાના ઘર પર તિંરગો લહેરાવી આ પર્વની ઉજવણી કરી રહ્યો છે.ત્યારે સમગ્ર દેશ દુનિયમાં ખુબ મોટો સંદેશો જવાનો છે.

## આટ્‌ર્સ કોલેજ લીમખેડા ખાતે વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી

દિપક રાવલ, દાહોદ : લીમખેડા વિભાગ યુવક એજ્યુકેશન સોસાયટી સંચાલિત આટ્‌ર્સ કોલેજ લીમખેડામાં આજ રોજ સંસ્થાના મંત્રીશ્રી ભરતભાઈ ભરવાડ સાહેબના અધ્યક્ષ સ્થાને વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી ત્યારબાદ સંસ્થાના આચાર્યશ્રી પ્રા. અશ્વિનભાઈ પટેલ સાહેબ દ્વારા ઉપસ્થિત



મહેમાનોનું શાબ્દિક સ્વાગત તેમજ પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યું. ત્યારબાદ કોલેજના અધ્યાપકશ્રીઓ પ્રા. જયંતીભાઈ આર પરમાર, ડો.જી.એમ. ચંદેલ, પ્રા. કમલેશ બી અમીન દ્વારા વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીની મહત્તા સમજાવતા અને આદિવાસી ઈતિહાસ, સંસ્કૃતિને લગતા વ્યાખ્યાનો અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી. ત્યારબાદ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ આદિવાસી લોક નૃત્યો રજૂ કરવામાં આવ્યા આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓ તેમજ સમગ્ર કોલેજ સ્ટાફ જોડાયા હતા, આ કાર્યક્રમનું ખુબ સુંદર સંચાલન પ્રા. બાબુભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## રાષ્ટ્રધ્વજની ગરિમા બુલંદ કરવાનો અનેરો અવસર એટલે હર ઘર તિરંગા અભિયાન



વિશાલ જે હરવરા, જામનગર : રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માન અને દેશ પ્રત્યે ગર્વની ભાવના જાગે તે હેતુથી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે જામનગર જિલ્લાના જોડિયા તાલુકામાં તિરંગા યાત્રા યોજવામાં આવી હતી. બાળકો થી માંડીને વૃદ્ધો તિરંગા યાત્રામાં જોડાયા હતા. માત્ર બે વર્ષની બાળકીએ હાથમાં ફુગ્ગાઓ રાખી ભારત માતા કી જયનો નાદ કરતા વાતવરણમાં જાણે નવી તાજગીનો અનુભવ થયો હતો. માતૃભૂમિમાં આઝાદીના રંગો ચમકાવી તિરંગો લહેરાવી મહાનુભાવો સહિત લોકો જે રીતે દેશ માટેના પ્રેમને નતમસ્તક કરી રહ્યા છે. તે જ રીતે આ બાળકીના મોઢા પરનું તેજ અને નાની વયમાં દેશ પ્રત્યેનો પોતાનો પ્રેમ જોઈ સૌ કોઈએ ગર્વની લાગણી અનુભવી હતી.

## નર્મદા જિલ્લા કલેકટર તરીકે હવાલો સંભાળતા એસ.કે.મોદી

ભરત શાહ દ્વારા, રાજપીપળા : રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.મોદી(IAS)ની નર્મદા જિલ્લા કલેકટર તરીકે બદલી સાથે નિમણૂંક કરતાં નવનિયુક્ત જિલ્લા કલેકટર એસ.કે. મોદીએ આજે તા.૧૨ ઓગષ્ટ,૨૦૨૪ ને સોમવારના રોજ નર્મદા જિલ્લા કલેકટર તરીકેનો હવાલો સંભાળ્યો છે. નર્મદાના તત્કાલિન કલેકટર શ્વેતા તેવતિયા (IAS)ની ડાયરેક્ટર, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ, વડોદરા તરીકે બદલી થતાં તેવતિયા ગઇકાલે નર્મદા જિલ્લા કલેકટરની ફરજમાંથી મુક્ત થયા છે. નર્મદા



જિલ્લાના નવનિયુક્ત કલેકટર એસ.કે. મોદીએ સૌ પહેલાં ગુજરાત જાહેર સેવા આયોગમાં પસંદગી પામી વિવિધ વિભાગોમાં સેવાઓ આપી હતી. ત્યારબાદ સને-૨૦૧૨ની સાલમાં ભારતીય વહિવટી સનદી સેવાઓ માટે પસંદગી પામી ગુજરાત કેડરમાં જોડાઇને તેમની યશસ્વી કારકિર્દિનો પ્રારંભ કર્યો હતો.

# નર્મદા ડેમના 9 દરવાજા ખોલી 1.35 લાખ ક્યુસેક પાણી છોડાયું : કુલ આઉટફ્લો 2.02 લાખ ક્યુસેક



ભરત શાહ , રાજપીપળા

ઉપરવાસ માંથી પાણીની આવક વધતા સરદાર સરોવર બંધની સપાટીમાં સતત વધારો નોંધાયો છે. પરિણામસ્વરૂપે તા. ૧૨/૦૮/૨૦૨૪ ના રોજ ૦૯ દરવાજા ખોલીને પાણી છોડાયું છે. જેને કારણે નીચલા વિસ્તારમાં ૧,૩૫,૦૦૦ ક્યુસેક પાણી વહેશે. વધુમાં નદી તળ વિધુત મથક (R.B.P.H) ના ૦૬ મશીનો અને સરદાર સરોવર બંધનાં દરવાજાના સંચાલનને કારણે નર્મદા નદીમાં કુલ ૨,૦૨,૧૬૫ (૬૭,૧૬૫ + ૧,૩૫,૦૦૦) ક્યુસેસ પાણી છોડવામાં આવેલ છે. સાંજે ૫:૦૦ કલાકની સ્થિતિએ ડેમનું લેવલ ૧૩૫.૮૫ મીટર પર હતું. સરદાર સરોવર બંધનાં નીચાણવાળા વિસ્તારમાં કોઈ દુર્ઘટના કે જાનહાની ના થાય તે માટે જરૂરી સુરક્ષા પગલાં લેવા અને નાગરિકોને સચેત રહેવા જણાવાયું છે. અસરગ્રસ્ત કરતા નાંદોદ તાલુકાના સિસોદરા, ભદામ, માંગરોલ, ગુવાર, રામપુરા, રાજપીપળા, ઓરી, નવાપુરા, ધમણાચા, ધાનપોર, ભચરવાડા, હજરપુરા, શહેરાવ, વરાછા, પોઈચા, રૂંઢ ગામો અને ગરૂડેશ્વર તાલુકાના સાંજરોલી, અંકતેશ્વર, સુરજવડ, ગોરા, ગરૂડેશ્વર, ગંભીરપુરા, વાંસલા તેમજ તિલકવાડા તાલુકાના વાસણ, તિલકવાડા, વડીયા, વિરપુર, રેંગણ ગામોના નાગરિકોને સચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

## ડેડીયાપાડા ના યાલ - બીતાડા નો પુલ એકજ મહિનામાં બીજી વખત તૂટી જતા સ્થાનિકો ને મુશ્કેલી

ભરત શાહ દ્વારા, રાજપીપળા



નર્મદા જિલ્લામાં હાલમાં છૂટો છવાયો વરસાદ પડતાં રસ્તાઓના ધોવાણ થયા હતા. ગત જુલાઇ મહિના માં કરજણ નદીમાં પુરની પરિસ્થિતિ સર્જાતા મોવી થી ડેડીયાપાડા જતા યાલ - બીતાડા ગામ નજીક એક જૂનો બ્રિજ નદીમાં પાણીના પ્રવાહ વધતા તૂટી ગયો તેના ત્રણ ટુકડા થઈ ગયા હતા. જેને કારણે વાહન વ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો હતો. અને નેત્રંગ રોડ પરથી ડાયવર્ઝન આપવામાં આવ્યું હતું, મુવી થી ડેડીયાપાડા જતા આજુબાજુના કેટલાક ગામોના ગ્રામજનો ને મોટી મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો હતો. આ નાડું તૂટવાને કારણે સ્થાનિકો ને 30 થી 40 કિલોમીટર ફરીને જવાનો વારો આવ્યો હતો જેના માટે આ ફેરો ફરવા નહિ ઈચ્છતા લોકો નદીના પાણીમાં ઉતરીને કે બાઈક પસાર કરીને સામે કિનારે જઈ ને મોવી પહોચી રાજપીપળા તરફ જાય જતા હોય છે. ઘરનો જીવન જરૂરી સામાન લેવા સ્કૂલ કોલેજ માં જવા સ્થાનિક લોકો જીવના જોખમે આ નદી પસાર કરીને જઈ રહ્યા હતા, એ ક્યારેક જીવલેણ સાબિત થાય એમ હતું ત્યારે સ્થાનિકો ની માંગ અને જરૂરિયાત ને ધ્યાને રાખી તંત્ર દ્વારા તૂટેલા પુલ પર કામગીરી કરી કામ ચલાઉ પુલ તૈયાર કરાયો નથી સ્થાનિકો એ રાહત અનુભવી હતી પરંતુ આ કામ ચલાઉ તૈયાર કરેલો પુલ વરસાદ ના કારણે આજે ફરી તૂટી જતા સ્થાનિકો બીજીવાર મુશ્કેલી માં મુકાયા છે.

## રાજપીપળા માં સામાજિક કાર્યકર અને બાળ વિભાગ દ્વારા બે બાળકો ને ઓળખ કરી ચિલ્ડ્રન હોમ માં મૂક્યા

ભરત શાહ દ્વારા, રાજપીપળા

રાજપીપળા શહેર ભાજપ મહામંત્રી અને નર્મદા જીલ્લાના સામાજીક કાર્યકર અજીતભાઇ પરીખ તેમજ જીલ્લા બાળ સુરક્ષા એકમ, નર્મદાના દ્વારા કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા ૦૨ બાળકો (૦૧ દીકરો+૧



દીકરી) ની ઓળખ કરવામા આવી હતી, બાળકોની માતા પુન:લગ્ન કરી બાળકોને તરછોડીને જતી રહી અને હાલમા માતાનો ક્યાંય પત્તો નથી, જ્યારે બાળકોના પિતા આખો દિવસ ભંગાર વીણી, ગમે તે જ્ગ્યા પર બાળકોને રાખી ગુજરાન ચલાવતો હતો. 14ના રોજ બાળ સુરક્ષા વિભાગે બાળકનો હવાલો મેળવી બાળ કલ્યાણ સમિતી નર્મદા સમક્ષ બાળકોને રજુ કરીને બાળકોની ઉંમર ૦૬ વર્ષ કરતા નાની હોવાનું જણાતા ભરૂચ SAA સંસ્થા ખાતે તબદીલ કરવામા આવ્યા, તા.12/08/2024 ના રોજ ચિલ્ડ્રન હોમ સંસ્થા ખાતે લાવવામાં આવ્યા.

## જોડિયા તાલુકામાં કેબિનેટ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલની આગેવાનીમાં તિરંગા યાત્રા યોજાઇ

પ્રદિપસિંહ જી, રાઠૌર જામનગર

જામનગર તા.૧૨ ઓગસ્ટ, સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં સ્વતંત્રતા સપ્તાહની ઉજવણી અંતર્ગત તિરંગા યાત્રાનું આયોજન થઈ રહ્યું છે. ત્યારે રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલની આગેવાનીમાં જામનગર જિલ્લાના જોડિયા તાલુકામાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જોડિયા તાલુકા કન્યા શાળાથી હુન્નર શાળા થઈ શાક માર્કેટ બાદ તાલુકા પંચાયત ખાતે યાત્રા પૂર્ણ થઈ હતી. તિરંગા યાત્રામાં શાળાની વિદ્યાર્થીનીઓના તિરંગાને અનુરૂપ પોશાક અને ફુગ્ગાઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સમગ્ર રૂટ દેશભક્તિના ગીતો અને ભારત માતા કી જયના નારાથી ગુંજી ઊઠ્યો હતો. દેશના વીર જવાનોની શૌર્યગાથાને બિરદાવવા મંત્રીશ્રીએ તમામ લોકોને પોતાના ઘર પર રાષ્ટ્રધ્વજ ફરકાવવા અપીલ કરી હતી. તિરંગા યાત્રામાં જિલ્લા કલેકટરશ્રી બી.કે. પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિકલ્પ ભારદ્વાજ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી રસીલાબેન ચનિયારા, ધી જામનગર ડિસ્ટ્રીક્ટ કો - ઓપરેટિવ બેંકના ડાયરેક્ટરશ્રી ધરમશીભાઈ ચનીયારા, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ગઢવી, અગ્રણીશ્રીઓ, અધિકારીશ્રીઓ, શાળાના વિદ્યાર્થીઓ, પોલીસ જવાનો, આંગણવાડીના બહેનો તથા ગ્રામજનો વિશાળ સંખ્યામાં જોડાયા હતા.

## કેવડિયામાં બે આદિવાસી યુવાનોની હત્યા બાદ આજે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાશે: ચૈતર વસાવા

ભરત શાહ દ્વારા, રાજપીપળા



કેવડિયામાં બે આદિવાસી સમાજના યુવકોના હત્યા કરવામાં આવી હતી. આ બંને યુવકોના પિતાઓને ગેરમાર્ગે દોરીને કેટલાક લોકોએ ખોટા વિડીયો બનાવીને વાયરલ કર્યા છે. ત્યારબાદ આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા પોતાની ટીમ સાથે તે પરિવારને મળ્યા અને ત્યારબાદ ચૈતરભાઈ વસાવાએ મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે સાત તારીખે જયેશભાઈનું મોત થયું હતું અને આઠ તારીખે સંજય ભાઈ નું મોત થયું. અને એ જ દિવસે અહીંના ધારાસભ્ય, જિલ્લા પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ તડવીભાઈ, રણજીતભાઈ તડવી નિરંજનભાઈ વસાવા અને અમે સૌએ સાથે મળીને નિર્ણય લીધો હતો કે 9 ઓગસ્ટના રોજ કેવડીયા ગરુડેશ્વર બંધ રહેશે અને તે કાર્યક્રમ શાંતિપૂર્વક યોજાયો હતો. 13 તારીખે શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ રાખવાનો હતો અને એસપીની સહમતિ બાદ અમે લોકોને જાણ કરી છે અને આજનો અમારો કાર્યક્રમ થવાનો છે. પરંતુ ગઈકાલે બંને મૃતકોના પિતાઓને કેટલાક લોકો દ્વારા ગેરમાર્ગે દોરીને કે ડરાવીને કહ્યું કે 'તમારી સહાયની રકમ પાછી લઈ લેવામાં આવશે તમને જેલ કરવામાં આવશે અને તમે અમે કહીએ તેમ સ્ટેટમેન્ટ આપી દો' તેમ કહીને બાજુમાં ઊભા રાખીને બે વિડીયો બનાવવામાં આવ્યા છે.

# રાજ્ય સરકારનું પ્રવાસન વિભાગ અને ડાંગ વહીવટી તંત્ર આળસ ખંખેરી પ્રવાસીઓનાં હિતમાં કામગીરી કરે તેવી માંગ

સુશીલ પવાર.ડાંગ

એકતરફ સાપુતારા ખાતે મોન્સૂન ફેસ્ટિવલનો ફિયાસ્કો તો બીજી તરફ બોટીંગ અને રોપવે જેવી પ્રવૃત્તિઓ બંધ રહેતા પ્રવાસીઓ માત્ર હવાખાવા પૂરતા સીમિત બન્યા.ગિરિમથક સાપુતારામાં પ્રવાસન ને વેગ મળે તે માટે રાજ્યનાં પ્રવાસન વિભાગ દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે મોન્સૂન ફેસ્ટિવલનું આયોજન કર્યુ છે.પરંતુ ફેસ્ટિવલમાં સ્થાનિક સાંસ્કૃતિક કાર્યક્રમોની બાદબાકી થતા



ફેસ્ટિવલનો ફિયાસ્કો થવા પામ્યો છે.સાથો સાથ ગિરિમથકની શાન ગણાતા બોટિંગ , રોપવેની એક્ટિવિટી પણ કેટલાક સમયથી બંધ રહેતા હવે પ્રવાસીઓ માટે સાપુતારા માત્ર હવાખાવા પૂરતું જ સીમિત રહી ગયું હોય તેમ લાગી રહ્યું છે. રાજ્યનું એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે છેલ્લા એક દાયકાથી ચીફ ઓફિસરની જગ્યા ખાલી રહેતા સાપુતારાના વિકાસમાં બ્રેક લાગવાની સાથે અનેક સમસ્યાઓ ઉભી થવા પામી છે.સાપુતારામાં પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર બનેલ રોપવે તેમજ બોટિંગ પ્રવૃત્તિ હાલ કોઈ કારણોસર તંત્ર દ્વારા બંધ કરી દેવાઈ છે.

## 'કંગુવા'ના દમદાર ટ્રેલર સાથે સુર્યાએ પાન ઈન્ડિયામાં પ્રવેશ કર્યો!

મુંબઈ । તા.12

સ્ટુડિયો ગ્રીન દ્વારા નિર્મિત, કંગુવા નિ:શંકપણે 2024 ની સૌથી મોટી ફિલ્મોમાંની એક છે. તેના ઉત્તેજક પોસ્ટર અને ઈલેક્ટ્રીફાઈંગ 'ફાયર સોંગ' સાથે, ફિલ્મની ઉત્તેજના સતત વધી રહી છે. લાંબી રાહ જોયા બાદ આખરે કંગુવાનું પાવરફુલ ટ્રેલર રિલીઝ થયું છે અને તે ખરેખર અદ્‌ભુત છે. લાગે છે કે કંગુવા બોક્સ ઓફિસ પર હિટ સાબિત થશે. કંગુવાના ટ્રેલરે બતાવ્યું છે કે દક્ષિણ ભારતીય ફિલ્મ ઉદ્યોગ કંઈક નવું અને ભવ્ય બનાવવા માટે કોઈ કસર છોડી રહી નથી. કલ્કિ 2898 એડી પછી, કંગુવા એ દક્ષિણમાંથી આવતી મહાન સામગ્રીનું બીજું ઉદાહરણ છે. સુરૈયાનું પાત્ર એક નીડર સાહસી તરીકે દર્શાવવામાં આવ્યું છે. સુપરસ્ટાર પોતાના પાત્ર દ્વારા અખિલ ભારતીય બજારમાં તરંગો મચાવી રહ્યો છે.

# મિન્ટCFD ટ્રેડિંગ અનુભવ - સુરક્ષિત, સરળ, ઝડપી અને ફાયદાકારક

મુંબઈ । તા.12

મિન્ટCFD એક મલ્ટી-એસેટ ટ્રેડિંગ પ્લેટફોર્મ છે, જે ટ્રેડિંગ માટે નવી રીત પૂરી પાડે છે, અને તમામ પ્રકારની CFD ટ્રેડિંગ પ્રવૃત્તિઓ માટે એક ટોચની પસંદગી બની ગયું છે. વધતા જતાં ગ્રાહકો સાથે, કંપની પારદર્શક અને ગ્રાહક-કેન્દ્રિત દ્દષ્ટિએ અજોડ ગ્રાહક અનુભવ આપવા માટે પ્રતિબદ્ધ છે. પ્લેટફોર્મ ટ્રેડિંગને સરળ, સુલભ, સસ્તું, વિશ્વસનીય અને નફાકારક બનાવવા માટે નિશ્ચિત છે. મિન્ટCFDને અગ્રણી ઑનલાઈન ટ્રેડિંગ પ્લેટફોર્મ તરીકે ઓળખવામાં આવે છે, જે ટ્રેડિંગના વિવિધ વિકલ્પોમાં ઉચ્ચ-ગુણવત્તાવાળા ટ્રાન્ઝેક્શન પૂરા પાડે છે. પ્લેટફોર્મ ઈક્વિટીઝ, ફોરેક્સ, કોમોડિટીઝ, ઈન્ડિસિસ, અને



ક્રિપ્ટોકરન્સી જેવા વિવિધ એસેટ્સમાં ટ્રેડિંગની તક આપે છે. તે ભારતીય અને વૈશ્વિક બજારોમાં પ્રવેશ પૂરો પાડે છે. મિન્ટCFD ઝીરો-કમિશન મોડલ પર કાર્ય કરે છે. તે ટ્રેડર્સ અને ઈન્વેસ્ટર્સ માટે નફા વધારવાની કલ્પનાથી ડિઝાઈન કરવામાં આવ્યું છે. મિન્ટCFD સાથે, યુઝર્સ 100x લિવરેજનો પણ આનંદ લઈ શકે છે, અને સરળ ડોક્યુમેન્ટેશન પ્રક્રિયાથી ટ્રેડિંગ વધુ સરળ અને કાર્યક્ષમ બને છે. પ્લેટફોર્મનો યુઝર-ફ્રેન્ડલી ઈન્ટરફેસ ટ્રેડિંગ પ્રક્રિયાને સમજવામાં સહેલો બનાવે છે, જે યુઝર્સમાં વિશ્વાસ અને આત્મવિશ્વાસ વધારવા માટે મદદ કરે છે. વિવિધ ટ્રેડિંગ વિકલ્પો ઉપરાંત, પ્લેટફોર્મ 24/7 ડિપોઝિટ અને વિથડ્રૉલ વિકલ્પો પણ પૂરા પાડે છે, જેનાથી ઈન્વેસ્ટર્સને બજારની ઉથલપાથલ સાથે સરળતાથી સમન્વય રાખવામાં સહાય મળે છે. મિન્ટCFD પરિણામકારક જોખમ વ્યવસ્થાપન માટે પ્રતિબદ્ધ છે, ટ્રેડર્સને સંભવિત નુકસાનને મર્યાદિત કરવા અને જોખમોનું સંચાલન કરવા માટે અદ્યતન સ્ટોપ-લૉસ અને ટેક-પ્રોફિટ ફીચર્સ પૂરા પાડે છે.

## NEWS TRACK

### સાંસદ જશવંતસિંહ ભાભોરના અધ્યક્ષસ્થાને સિંગવડમાં તિરંગા યાત્રા નીકળી

દિપક રાવલ, દાહોદ : હર ઘર તિરંગા અભિયાન હેઠળ સાંસદ જશવંતસિંહ ભાભોરના અધ્યક્ષસ્થાને સિંગવડ ખાતે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. તિરંગા યાત્રામાં સ્થાનિક શાળાના વિદ્યાર્થીઓ તથા મોટી સંખ્યામાં



આગેવાનો ગ્રામજનો જોડાયા હતા. તિરંગા યાત્રા દરમિયાન ''ભારત માતા કી જય'' અને ''વંદે માતરમ''ના નારા સાથે દેશભક્તિના ગીતોથી સમગ્ર માહોલ દેશભક્તિમય બની ગયો હતો. આ પ્રસંગે સાંસદ જશવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશના લોકોને દેશદાઝ અને દેશ-પ્રેમ માટે જાગૃત કરવા તિરંગા યાત્રા આયોજિત કરવામાં આવી છે. દેશને એક રાખવા, દેશની ઉન્નતિ માટે દરેક ઘર-ઓફિસ પર તિરંગો લહેરાવી ભાઈચારાની આદર્શ મિશાલ રજૂ કરીએ.

### પણ ગામમાં જુવાર દળાવવા જતા રાહદારી ને બાઈક સવારે પાછળથી ટક્કર મારતાં મોત

ભરત શાહ, રાજપીપળા : નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના પણગામ



ગામની પ્રાથમિક શાળા પાસે થયેલા અકસ્માત માં એક વ્યક્તિ નું મોત થયું હતું મળતી માહિતી અનુસાર ગુલાબસીંગભાઈ બેડીયાભાઈ વસાવા, રહે.પણગામ પટેલ ફળીયુ. તા.દેડીયાપાડા, જી.નર્મદા નાઓ એ આપેલ ફરિયાદ મુજબ બેડીયાભાઈ બાબીયાભાઈ વસાવા રહે.પણગામ પટેલ ફળીયુ, તા.દેડીયાપાડા, જી.નર્મદા નાઓન નાઓ પોતાના ઘરેથી ચાલતા ચાલતા જુવાર દળાવવા સારૂ ગામમા જતા હતા તે વખતે ધર્મેશભાઈ ખાલપાભાઈ વસાવા નાઓએ પોતાના કબ્જાની હોન્ડા કંપનીની સાઈન મો.સા.નં. GJ-22-L-7923 ની પુરઝડપે હંકારી લાવી પાછળથી એક્સીડન્ટ કરી માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ પંહોચાડી સ્થળ ઉપર જ મોત નિપજાવતા ડેડીયાપાડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ધારાસભ્ય દિનેશજી ઠાકોરની ઉપસ્થિતિમાં ચાણસ્મા ખાતે હર ઘર તિરંગા યાત્રા યોજાઇ

ભા જ પ કોગ્રેશ ના અગ્રણી ઓ અધિકારીઓ વિદ્યાર્થી ઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો જોડાયા આઝાદી ના મહાપર્વ - 15 મી ઓગસ્ટ- 78 માં



સ્વાતંત્રય પર્વ ના અવસરે દેશવાસી ઓ માં રાષ્ટ્રપ્રેમ ની ભાવના પ્રબળ બનેં સ્વતંત્ર સેનાનીઓના સંઘર્ષ અને બલીદાન નું સ્મરણ થાય તેવા શુભ હેતું થી દેશભરમાં હર ઘર તિરંગા અભિયાન વેગવંતુ બન્યું છે ત્યારે ચાણસ્મા ખાતે સોમવારે ચાણસ્મા ના ધારાસભ્ય દિનેશજી ઠાકોર ની ઉપસ્થિતીમાં તિરંગા રેલી નું પ્રસ્થાન થાય તે પૂર્વે પાલિકાના પ્રાંગણ માં શાળાના બાળકો દ્વારા ભારતમાતા ની રંગોળી સૌ એ નિહાળી ભારત માતા કી જય શહીદવીરો અમર રહો ના નારા લગાવી શહીદ વિરો ને યાદ ઉપસ્થિત સૌએ દેશપ્રેમ વ્યકત કર્યો હતો.

### અરવલ્લીના મોડાસા ખાતે તિરંગા યાત્રા યોજાઇ

રાકેશ મહેતા, ધનસુરા : રાજ્ય સરકાર દ્વારા ૧૫ ઓગસ્ટ સુધી રાજ્યવ્યાપી 'હર ઘર તિરંગા' કાર્યક્રમની ઉજવણી કરવામા આવી રહી છે. હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત સમગ્ર રાજ્યમાં વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે મોડાસા ખાતે



'હર ઘર તિરંગા' અભિયાનની ભવ્ય ઉજવણી અંતર્ગત મંત્રીશ્રીની ઉપસ્થિતીમા તિરંગા યાત્રા યોજાઈ હતી. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાન અને રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવી રહેલા હર ઘર તિરંગા અભિયાનથી નાગરિકામાં દેશ દાઝની ભાવના વધુ દ્રઢ થઈ રહી છે. આજે મોડાસા ખાતે મંત્રીશ્રી સાથે અન્ય નાગરિકો અને મોટી સંખ્યમાં વિદ્યાર્થીઓ આ યાત્રામાં જોડાઈને દેશભક્તિમાં રંગાયા હતા.

### સિદ્ધપુર તાલુકાની વાધણા પ્રાથમિક શાળાના બાળકોએ હાથમાં ધ્વજ લઈ તિરંગા યાત્રા યોજી

પાટણ : આઝાદીના મહાપર્વ 15મી ઓગસ્ટ-78 મા સ્વાતંત્ર્ય પર્વના અવસરે દેશવાસીઓમાં રાષ્ટ્રપ્રેમની ભાવના પ્રબળ બને, સ્વાતંત્ર્ય સેનાનીઓના સંઘર્ષ અને બલિદાનનું સ્મરણ થાય એ હેતુથી દેશભરમાં હર ઘર તિરંગા અભિયાન વેગવંતુ બન્યું છે. પાટણ જિલ્લા અબાલ-વૃદ્ધો તમામ આ અભિયાનમાં શાનથી જોડાઈ રહ્યા છે. દરેકના દિલમાં દેશપ્રેમની જ્યોત પ્રગટાવી, તિરંગાને ગૌરવભેર લહેરાવવાના આશયથી પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાની વાધણા પ્રાથમિક શાળા ખાતે હર ઘર ત્રિરંગા યાત્રા યોજાઈ હતી. આ રેલી ઉપરાંત શાળામાં રંગપૂરણી, ચિત્રકામ અને રંગોળી સ્પર્ધા જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને રાષ્ટ્રધ્વજનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

### નાના નાના ભૂલકાઓને લાગ્યો દેશભક્તિનો રંગ: દાહોદની આંગણવાડીના નાના ભૂલકાઓએ તિરંગાના ચિત્રો દોર્યા

દિપક રાવલ, દાહોદ: આગામી સ્વાતંત્ર્ય પર્વ, ૧૫ મી ઓગસ્ટની ઉજવણી દેશભરમાં 'હર ઘર તિરંગા' અભિયાન દ્વારા થઈ રહી છે ત્યારે



દાહોદ જિલ્લો પણ રાષ્ટ્રભક્તિના રંગે રંગાયો છે. આજનું બાળક આવતીકાલના ભારતનો નાગરિક છે ત્યારે નાનપણ થી જ બાળકોમાં દેશભક્તિના ગુણો વિકસે તે માટે દાહોદના ઘાંચીવાડની આંગણવાડી ખાતે 'હર ઘર તિરંગા' અભિયાન હેઠળ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં આંગણવાડીના નાના નાના ભૂલકાઓએ દેશભક્તિ સંલગ્ન વિવિધચિત્રો દોરીને 'હર ઘર તિરંગા' અભિયાનમાં સહભાગી બન્યાં હતાં. આ ચિત્ર સ્પર્ધામાં ભુલકાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### જોડીયા ગામે ક્ષય રોગના દર્દીઓને પોષણ કીટનું વિતરણ કરાયું

વિશાલ જે હરવરા, જામનગર : મનુષ્ય શરીરની રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો થવાને કારણે ટી.બી. એટલે કે ક્ષય રોગ થવાની સંભાવના વધી જાય છે. જો નિયમિતપણે અને પૂરતા સમયગાળા માટેની દવા અને પૂરતા પ્રમાણમાં પ્રોટીન, વિટામિન મળે તો ટી.બી.રોગ નાબૂદ વહેલી તકે થઈ શકે તેમ છે. સમયસર



જરૂરિયાતમંદ ટી.બી.ના દર્દીઓને પ્રમાણસર પોષણ મળી રહે તેવા શુભહેતુથી નિષ્ણાંતો દ્વારા તૈયાર કરવામાં આવેલ રાશન કીટનું જામનગર જિલ્લામાં વિવિધ લાભાર્થીઓને વિતરણ કરવામાં આવતું હોય છે. જોડીયા ગામે જામનગર જિલ્લા ક્ષય અધિકારી ડો.પીઠડીયાના અધ્યક્ષ સ્થાને જોડીયા તાલુકા આરોગ્ય કચેરી ખાતે ટી.બી. ની સારવાર હેઠળના દર્દીઓને પોષણ કીટ વિતરણ કરવામાં આવી હતી.

### જામજોધપુર તાલુકામાં વિવિધ શાળાઓમાં નશામુક્ત ભારતની પ્રતિજ્ઞા લેવામાં આવી

પ્રદિપસિંહ જી રાઠૌર, જામનગર : ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની સુચના અનુસાર 78 મા સ્વાતંત્ર્ય પર્વની



ઉજવણી નિમિત્તે સમગ્ર રાજ્યમાં અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જે અન્વયે આજરોજ તારીખ 12 ઓગસ્ટના રોજ 'વિકસિત ભારત કા મંત્ર, ભારત હો નશે સે સ્વતંત્ર' થીમ આધારિત શાળા, કોલેજોમાં નશામુક્તિ અંગેના શપથ ગ્રહણ કરવામાં આવ્યા હતા. જેમાં જામજોધપુર તાલુકામાં આવેલ મેઘપર, જામવાડી, શેઠવડાળા, મેલાણ, માંડાસણ ગામે તાલુકા શાળાઓ અને પ્રાથમિક શાળાઓમાં આચાર્યશ્રી, શિક્ષક મિત્રો, વિદ્યાર્થીઓ અને હાજર ગ્રામજનો દ્વારા સામૂહિક પ્રતિજ્ઞા ગ્રહણ કરવામાં આવી હતી. તેમ તાલુકા વિકાસ અધિકારીશ્રી, જામજોધપુર દ્વારા જણાવાયું છે.

# તિરંગા કલરની બનાવો રેસિપી, બાળકો અને તમામને આવશે પસંદ

દેશભરમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ દિવસોમાં દેશભક્તિનો રંગ સર્વત્ર જોવા મળી રહ્યો છે. બજારમાં પણ તમે તિરંગાની થીમમાં કપડાં, પતંગ અને બીજી ઘણી વસ્તુઓ જોઈ શકો છો. સ્વતંત્રતા દિવસ શાળાઓ, ઓફિસો અને અન્ય તમામ જગ્યાએ ઉજવવામાં આવે છે.એ જ રીતે દેશભક્તિનો રંગ ભોજનમાં પણ જોવા મળે છે. આ દિવસોમાં બજારમાં કેસરી, સફેદ અને લીલા રંગમાં અનેક પ્રકારની વાનગીઓ ઉપલબ્ધ છે. જેને ટ્રાઈ કલર ડીશ પણ કહેવામાં આવે છે. તમે તેને ઘરે પણ બનાવી શકો છો.તમે ઘરે ટ્રાઈ કલરમાં કઈ વાનગી બનાવી શકો છો અને તમારા બાળકને પણ આ વાનગી ગમશે અને જો સ્વતંત્રતા દિવસ પર મહેમાનો આવશે તો તેમને પણ આ વાનગી ગમશે.15મી ઓગસ્ટે તમે તિરંગા થીમમાં સ્વાદિષ્ટ ભાત બનાવી શકો છો. તમારે તેને નારંગી, સફેદ અને લીલા રંગના 3 સ્તરોમાં વહેંચવાનું છે. તેને બનાવવા માટે તમે ગાજર અને પાલકની પેસ્ટ પણ તૈયાર કરી શકો છો.






15મી ઓગસ્ટે તમે તિરંગા થીમમાં સ્વાદિષ્ટ ભાત બનાવી શકો

ઘણા લોકો ઈડલી ઢોસા ખાવાનું પસંદ કરે છે. તમે પણ તેને નવો વળાંક આપીને તેને તિરંગા બનાવી શકો છો તેને બનાવવા માટે તમારે 2 વાડકી સોજી, 2 વાડકી છાશ, સ્વાદ અનુસાર મીઠું, 1/2 ચમચી સોડા પાવડરની જરૂર પડશે. રસોઈ માટે વપરાયેલ પાવડર અને લાલ રંગની જરૂર પડશે.હવે તેને બનાવવા માટે સોજીને સાફ કરો અને તેને છાશ સાથે મિક્સ કરો. ત્યારબાદ તેને 30 મિનિટ માટે રાખો. હવે આ પેસ્ટમાં સ્વાદ મુજબ મીઠું અને થોડો ખાવાનો સોડા ઉમેરીને બરાબર મિક્ષ કરી લો. ત્યાર બાદ સોજીના દ્રાવણને 3 જગ્યાએ અલગ કરો. હવે એક સિમ્પલ રાખો, બીજામાં લીલો અને ત્રીજામાં આછો લાલ રંગ ઉમેરો અને મિક્સ કરો.હવે તેને ઈડલી મેકરમાં મુકો અને થોડી વાર રહેવા દો. હવે ઈડલીના સ્ટેન્ડમાંથી મોલ્ડ કાઢી લો અને તેને ઠંડુ થવા માટે રાખો. તેને ચમચીની મદદથી બહાર કાઢો, ટ્રાઈ કલર ઈડલી તૈયાર છે. તેને સાંભર અથવા નારિયેળની ચટણી સાથે ખાઓ.

# રક્ષાબંધન પર બહેનને સૌથી હટકે ગિફ્ટ આપવું છે? તો તેને સોલો ટ્રિપ પર મોકલો



રક્ષાબંધન પર જો તમે તમારી બહેનને સૌથી હટકે ગિફ્ટ આપવા માગતા હોય તો તેને સોલો ટ્રિપ પર મોકલો. ખાસ કરીને જો તમારી બહેનને ફરવાનું પસંદ છે પરંતુ તે એકલા બહાર જવાથી ડરે છે તો તેને આ રક્ષાબંધન પર સોલો ટ્રિપની ટિકિટ આપો.ભાઈ-બહેનનો સંબંધ દરેક સંબંધોમાં સૌથી મજબૂત હોય છે. ભાઈ-બહેન જેટલા લડે-ઝઘડે છે, એટલો જ તેમની વચ્ચે પ્રેમ હોય છે. આ પ્રેમને બતાવવા માટે જ રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવે છે. રક્ષાબંધનના તહેવારના દિવસે બહેનો પોતાના ભાઈના કાંડા પર રાખડી બાંધીને તેમની લાંબી ઉંમરની કામના કરે છે, તો ભાઈ પોતાની બહેનને રક્ષાનું વચન આપીને તેમને ગિફ્ટ પણ આપે છે.જો તમે તમારી બહેનને સૌથી હટકે ગિફ્ટ આપવા માગતા હોય તો તેને સોલો ટ્રિપ પર મોકલો. ખાસ કરીને જો તમારી બહેનને ફરવાનું પસંદ છે પરંતુ તે એકલા બહાર જવાથી ડરે છે તો તેને આ રક્ષાબંધન પર સોલો ટ્રિપની ટિકિટ આપો. તેના માટે તેને આવવા-જવાની ટિકિટથી લઈને હોટલ પણ બુક કરી આપો. આવું કરવાથી તમારી બહેનનો આત્મ વિશ્વાસ વધશે. આ સાથે જ સોલો ટ્રિપ પર જઈને તેની હિંમત પણ વધશે. તમારી તરફથી બહેનને આ સૌથી ખાસ ભેટ હશે. ચાલો તમને તે જગ્યાઓ વિશે જણાવીએ, જ્યાં તમે તમારી બહેનને સોલો ટ્રિપ પર મોકલી શકો છો.

### ઋષિકેશ, ઉત્તરાખંડ

જો તમારું ઘર દિલ્હીની આસપાસ છે તો તમે તમારી બહેનને ઋષિકેશ મોકલી શકો છો. ઉત્તરાખંડનું આ નાનકડું શહેર ગંગા નદીના કિનારે વસેલું છે. અહીં તે યોગ, ધ્યાન અને રાફ્ટિંગનો આનંદ માણી શકે છે. આ જગ્યા મહિલાઓ માટે સુરક્ષિત માનવામાં આવે છે.






### જેસલમેર, રાજસ્થાન

જો તમારી બહેનને રાજસ્થાનનો ઈતિહાસ જાણવામાં રસ હોય તો તેને જેસલમેર ફરવા મોકલો. થારનું રણ, સુંદર કિલ્લાઓની સાથે સાથે અહીંની સ્થાનિક સંસ્કૃતિ અને કલા ખૂબ જ આકર્ષક છે. મહિલાઓ માટે પણ આ જગ્યા ખૂબ જ સારી માનવામાં આવે છે.

### હમ્પી, કર્ણાટક

ઘણી છોકરીઓને ઈતિહાસ વિશે જાણવામાં ખૂબ જ રસ હોય છે. જો તમારી બહેન પણ પ્રાચીન મંદિરો અને ઐતિહાસિક ઈમારતો વિશે જાણવા માગતી હોય તો તેને હમ્પીની ટ્રિપ ગિફ્ટ કરો.



**દાર્જિલિંગ, પશ્ચિમ બંગાળ:** જો તમે પ્રકૃતિના શોખીન છો તો તમે તમારી બહેનને દાર્જિલિંગ મોકલી શકો છો. દાર્જિલિંગના ચાના બગીચા અને હિમાલયના શિખરોનો નજારો અનોખો છે. અહીંના લોકો ખૂબ જ સરસ છે, તેથી આ જગ્યા છોકરીઓ માટે પણ એકદમ સુરક્ષિત છે.

**મેકલોડગંજ, હિમાચલ પ્રદેશ:** અહીંનુ હવામાન એકદમ સરસ છે. આવી સ્થિતિમાં તમે તમારી બહેનને મેકલોડગંજ મોકલી શકો છો. આ શહેર તેની તિબેટીયન સંસ્કૃતિ, મઠો અને કુદરતી સૌંદર્ય માટે પ્રખ્યાત છે. આ સ્થળ સોલો ટ્રિપ માટે સલામત અને શાંત છે.

### વારાણસી, ઉત્તર પ્રદેશ

યુપીનું આ શહેર ગંગા નદીના કિનારે વસેલું છે. અહીંનો આધ્યાત્મિક અનુભવ અને ગંગા આરતીનું દ્રશ્ય ખૂબ જ ખાસ હોય છે. અહીં જઈને તેને ચોક્કસપણે શાંકિ મળશે. જો તમારી બહેનને અલગ-અલગ પ્રકારનું ખાવાનું પસંદ હોય તો તમે તેને બનારસ પણ મોકલી શકો છો. બનારસનું ફૂડ દૂર દૂર સુધી પ્રખ્યાત છે.



# જન્માષ્ટમી માટે આ પ્રકારના શૂઝ કરો પસંદ, તહેવારમાં વટ પડશે

**જન્માષ્ટમી પહેલા લોકો નવા કપડાં અને નવા શૂઝની ખરીદી કરતા હોય છે. ત્યારે જન્માષ્ટમીમાં નવા જૂતાની ખરીદીમાં શું ધ્યાન રાખવું જોઇએ? અને કેવા જૂતાની પસંદગી કરવી જોઇએ? જન્માષ્ટમીનો તહેવાર આવી રહ્યો છે. લોકો તેની ખરીદી કરી રહ્યાં છે. તેમજ જન્માષ્ટમી નજીક આવતા લોકો બજારમાં ઉમટી પડશે. ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમી પહેલા લોકો નવા કપડાં, નવા જૂતાની ખરીદી કરતા હય છે.જન્માષ્ટમી એ ભગવાન કૃષ્ણના જન્મની ઉજવણીનો આનંદી તહેવાર છે. ત્યારે ક્યા પ્રકારની જૂતા ખરીદવા જોઇએ?.**



**આરામદાયક શૂઝ:** એવા પગરખાં પસંદ કરો જે ઊભા રહેવા, ચાલવા અને કદાચ નૃત્ય કરવા માટે આરામદાયક હોય. રંગ: વાદળી, પીળો અથવા લીલા જેવા ગતિશીલ રંગોમાં જૂતા પસંદ કરવા જોઈએ. જે ભગવાન કૃષ્ણ સાથે સંકળાયેલા છે.

**સ્ટાઈલ:** મોજડી અથવા જુતિ જેવા લાવણ્યના સ્પર્શવાળા જૂતાનો વિચાર કરવો જોઈએ. જે પરંપરાગત ભારતીય ફૂટવેર છે. સ્વચ્છતા: સ્વચ્છ અને પોલિશ્ડ શૂઝ પહેરવા જોઈએ. કારણ કે તમે સંભવતઃ મંદિરોની મુલાકાત લેતા હશો અથવા પૂજા સમારોહમાં ભાગ લેતા હશો.



**કપડાંને અનુરૂપ:** પરંપરાગત પોશાકને અનુરૂપ પગરખાંની પસંદગી કરવી જોઈએ. કુર્તા, જીન્સ, ટી શર્ટ અને તેના રંગના આધારે શૂઝની પસંદગી કરવી જોઈએ.



**હવામાન:** હવામાનની આગાહી તપાસો અને પરિસ્થિતિઓ માટે યોગ્ય પગરખાં પસંદ કરવા જોઈએ. વ્યક્તિગત પસંદગી: તમારી અંગત શૈલીને પ્રતિબિંબિત કરે અને તમને ઉત્સવની અનુભૂતિ કરાવે તેવા જૂતા પસંદ કરવા જોઈએ.

# ચોમાસું બીમારીઓથી બચાવશે આ નાનકડી શાકભાજી, દરરોજ ખાશો તો થશે લાભ



ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસા દરમિયાન નાના કદના ગોળ કારેલા જોવા મળે છે. જેને વાડ કારેલી તરીકે પણ ઓળખાય છે. તે સ્વાસ્થ્ય માટે લાભદાયક છે. તેમાં રહેલા ગુણ કારેલાના ગુણોને પણ ટક્કર મારે એવા છે.ચોમાસા દરમિયાન નાના કદના કારેલા જોવા મળે છે. જેને વાડ કારેલા તરીકે ઓળખાય છે. તે સ્વાસ્થ્ય માટે લાભદાયક છે. ઘણા લોકો આ વાતથી અજાણ હોય છે. તે ચોમાસું બીમારીઓ સામે રક્ષણ આપે છે.ઘણા લોકો આ શાકભાજી વિશે જાણતા હોતા નથી. તે ગ્રામ્ય વિસ્તારોના ખેતરોમાં વેલા પર ઉગે છે. ગામડાઓમાં મફતમાં મળતું આ શાક શહેરના બજારોમાં ઊંચા ભાવે વેચાય છે. વાડ કારેલા પણ સ્વાદે કડવા હોય છે. તે દેખાવે કંકોડા જેવા નાના અને ગોળાકાર હોય છે. આ શાકભાજી અનેક બીમારીઓને જળમૂળથી નાબૂદ કરે છે.કારેલાને સ્વાસ્થ્ય માટે ફાયદાકારક માનવામાં આવે છે, કારેલાને પોષક તત્વોથી ભરપૂર માનવામાં આવે છે. કારેલાને કાર્બોહાઈડ્રેટ્સ, ફાઈબર, પ્રોટીન, કેલ્શિયમ, આયર્ન, પોટેશિયમ, ઝિંક, ફોસ્ફરસ, વિટામિન A, વિટામિન B 1, વિટામિન B 2, વિટામિન C જેવા વિવિધ પોષક તત્વોથી સમૃદ્ધ માનવામાં આવે છે.કારેલા પેટમાં જમા થયેલી અશુદ્ધિઓને દૂર કરે છે, ડાયાબિટીસને નિયંત્રિત કરે છે, રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે, યકૃતને સ્વસ્થ બનાવે છે, વજન ઘટાડવામાં મદદ કરે છે અને લોહીને સાફ કરે છે.કારેલાના રસના સેવનથી તેમજ કારેલાનું શાક ખાવાથી સ્વાસ્થ્ય સંબંધિત ઘણા લાભો થાય છે. કારેલામાં ભરપૂર માત્રામાં પોષકતત્વો હોય છે. કારેલામાં ગ્લાયકોસાઈડ મોમોટ્રિસિન નામનું એક ખાસ તત્વ હોય છે. જે કારેલાના કડવા સ્વાદનું કારણ છે.પરંતુ કારેલાંની કડવાશ સ્વાસ્થ્ય સાથે જોડાયેલી અનેક બીમારીઓમાં ફાયદાકારક છે. ખાસ કરીને તે પેટ માટે ખૂબ ફાયદાકારક માનવામાં આવે છે. તેનાથી પેટના પાચન રસનો વધુ સ્ત્રાવ થાય છે, જે પાચન તંત્રને સારૂ રાખે છે.



# વાહ જુહી,રેડ સાડીમાં તો તું ખૂબ બ્યુટી ફૂલ લાગે છે....



ટૂંકી વાર્તા: જાન

- રુપાલી દવે

....સવાર સવારમાં ઘરના પહેલા ફ્લોર માં આવેલ રસોડા માંથી સતત બેત્રણ વાર રણકતા મોબાઈલ ફોનની રીંગ વાગવા ના લીધે ઘરના લોકોની નીંદ ઉડતા બધા બોલ્યાં ઓહો!! શું સમસ્યા છે? મોબાઈલ સાથે ફેરવવાનું કેટલી વાર સમજાવ્યું છે.પ્રથમ ફ્લોર પર ના બેડરૂમ માંથી બા રૂમની બહાર નીકળી ને માટે થી બોલ્યા જુહી ઓ જુહી તારો ફોન ક્યારનો બોલે છે જલદી ઉપાડ..બા નો અવાજ સાંભળી ને આયુષ એ સહેજ આંખ ખોલીને પથારી માં પડ્યા પડ્યા ગુસ્સામાં બોલ્યો રજા ના દિવસોમાં તો માંડ નિરાંત ની ઊંઘ લેવાની હોઇ છે ને એમાં પણ શાંતિ થી સૂઈ શકાતું નથી.પ્લીઝ!! મહારાણી જુહી દેવી!!તમારો મોબાઈલ ફોન ઉપાડો અથવા કટ કરવા માટે શું કિંમત આપવી પડશે? મારી બા બિચારી ની નીંદર બગડી ગઈ ખબર છે ને ઉમરલાયક બુઝુર્ગ ની એકવાર નીંદર બ્રેક થયા પછી ફરી આવતી નથી

રજા ના દિવસ ને પરિવાર માટે ખાસ m ખાસ બનાવવા વહેલા ઊઠીને નિત્ય ક્રમ અનુસાર ઊઠીને બાથરૂમ માં નાહવા ગઈ હતી.પરંતુ આકસ્મિક ફોન દુર્ઘટના બનતા એ ફટાફટ બાથરૂમ માંથી બહાર નીકળતા જ બોલી કે હા બાપા હા મારા શહેનશાહ રજા તો તમારે માત્ર જ હોયછે ગૃહિણીઓ ને તો ઊંઘ નીંદર વગેરે શું કામ કરવાના?હું તો ઘરમાં નવરા બેઠા પંચાત ના પાપડ જ વણું છું.આટલી જ નીંદર પ્યારી હતી તો નીચે જઈને ફોન સાઈલન્ટ કરી આવવો હતો પણ ના એ તો તમારા થી ના થાય અને બા થી પણ ના થાય..કેમ? ફોન જુહીનો છે એટલે જવાબદારી જુહી ની...

.કામમાં સતત વ્યસ્ત રહેવાને લીધે આયુષ ને એની પત્ની જુહી સાથે બેસી ને શાંતિથી વાત કરવાનો સમય મળતો જ નહતો.ઘરે પ્રવેશતા જ નજર સામે બાળકો, મમ્મી, પપ્પા આવતા એમાં વ્યસ્ત થઈ જતો હતો.જુહી એ સમયે રસોઈ કાર્ય મા વ્યસ્ત રહેતી હતી ને બધા ગરમ ગરમ રસોઈ જમાડવાની ખુશીમાં એ સમય કિચન મા પસાર થઈ જતો હતો.રાત્રે કિચન નું કાર્ય પૂરું કરીને બેડરૂમ માં આવીને જુહી કઈક કહેવા માંગતી ત્યારે આયુષ થાકી ગયો હોવાના લીધે અન્ય વાત થતી નહતી...કાલ વાત કરજે.. આયુષ સૂઈ ગયા બાદ જુહી આખી રાત બેડરૂમ ની છત તાકી જોતા બોલતી હતી કે 'લગ્ન બાદ ની લાઈફ અને લગ્ન પહેલા ની લાઈફ માં કેટલો ફર્ક છે'આ વાત થી મનમાં ખૂબ દુઃખ થતું હતું..આયુષ પણ જુહી ની નાની નાની વાતો માં ગુસ્સે થવાની સમસ્યા ના લીધે મનોમન સોરી બોલી ને બોલ્યો હતો કે સંયુક્ત કુટુંબની જવાબદારીઓ પૂરી કરવામાં ખુદની પર્સનલ લાઈફ સાંભળવા માં નિષ્ફળતા અનુભવી રહ્યો છું.....

આયુષ એ બેડ પરથી સૂતાં સૂતાં ડ્રેસિંગ ટેબલ ના અરીસા માં નારાજ જુહી નો ચહેરો જોતાજ એ ફટાફટ બેડ પરથી ઊઠીને એની પાસે જઈને કહ્યું અરે!!વાહ જુહી,રેડ સાડીમાં તો તું ખૂબ બ્યુટી ફૂલ લાગે છે.એ ડ્રેસિંગ ટેબલની ચેર પર બેઠેલી પત્ની ની સામુ જોઈને સહેજ સ્માઈલ કરતા બોલ્યો કે સોરી!! ડાર્લીંગ,માફ ભી કર દો બચ્ચે કી જાન લોગે ક્યા? તારી નારજગીથી મને ભય લાગે છે.



પતિની મજાક મસ્તી થી જુહી હસવા લાગી,એના હસતા ચહેરા પર ના એક્સપ્રેસન નિહાળતા જ આયુષ મનોમન બોલ્યો કે કોણ કહે જુહી 52વર્ષની છે? જુહી ને જોઈને કોઈ કહે નહિ કે એના બન્ને બાળકો કોલેજમાં ભણી રહ્યા છે. જુહી એ ડ્રેસિંગ ટેબલ માં જોતા જોતા એના લાંબા કાળા વાળનો ઝૂડો બાંધી ને સેંથી માં સિંદૂર પુર્યું.જુહીના લંબગોળ મોઢા પરના મોટા કપાળ પર લાલ ચટક મોટી બિન્દી ખૂબ સુંદર લાગતી હતી... જુહી તૈયાર થઈને બેડરૂમ ની બહાર નીકળવા જતી હતી ત્યાં આયુષ એ એનો હાથ પકડીને એના તરફ ખેંચતા કહ્યું કે થોડીવાર મારી બાજુમાં બેસ પછી કામ કરજે.જુહી એ પતિનો હાથ હળવે થી છોડાવી ને કહ્યું કે નીચે બધા નાસ્તા માટે રાહ જોઈને બેઠા છે મોડું થશે. બાં બાપુજી ને ડાયાબિટીસ ની દવા પણ સમય સર લેવાની હોઇ છે ..આ ઉમરે આ બધું સારું ના લાગે. ઊઠી ને માત્ર દૂધ જ લે છે..તું શાંતિથી નાસ્તો કરી લે..બાપુજી બોલ્યા કે બેટા!!!છેલ્લા કેટલાય દિવસોથી જુહી નું બી.પી વધારે હાઈ રહે છે એટલે એ દિવસ માં એક વાર જ નમક જમવા માં લે છે.તને તો ખબર જ હશે,જુહી એ કીધું જ હશે બી. પી ની દવા ના ડોઝ પણ વધ્યો છે...

## ડ્રેસિંગ ટેબલની ચેર પર બેઠેલી પત્ની ની સામુ જોઈને સહેજ સ્માઈલ કરતા બોલ્યો કે સોરી!! ડાર્લીંગ,માફ ભી કર દો બચ્ચે કી જાન લોગે ક્યા? તારી નારજગીથી મને ભય લાગે છે.

શ્રીમાન તમારી જુહી લગ્ન ના ત્રીસ વર્ષ બાદ બદલાઈ નેજવાબદારીઓના બોજા હેઠળ એ ખોવાઈ ગઈ છે.

આયુષ,તમારી જુહીને જવાબદારીઓ ના બોજ માંથી શોધવી મુશ્કેલ છે આમ બોલી એ ફટફટ નીચે ના ફ્લોર તરફ જવા નીકળી ગઈ.

....આયુષ ફ્રેશ થઈ ને નીચે આવ્યો ત્યારે બધા ઘરના સભ્યો ડાઈનિંગ ચેર પર બેઠા બેઠા નાસ્તો કરતા કરતા વાતો માં વ્યસ્ત હતા. ડાયનીંગ ટેબલ તરફ નજર કરતા ત્યાં પડેલ જાત જાતના નાસ્તા ઓ જોઈને મનોમન બોલ્યો કે ઓહ!!કેવું આશ્ચર્ય છે? કે નાસ્તા બનાવનાર વ્યક્તિ ઘરની મુખ્ય વ્યક્તિ નાસ્તા ના ટેબલ થી દુર અન્ય કાર્ય મા વ્યસ્ત છે. બાળકો અને બાં બાપુજી આયુષ ને રજા ના દિવસે જલદી ઉઠેલ જોતાજ ખુશ ખુશાલ થઈ ગયા.બાં બોલ્યાં કે રજા નાં દિવસે આટલો બધો વહેલો કેમ ઉઠી ગયો?.બેટા!! સારું થયું ઉઠી ગયો ચલ બધા સાથે નાસ્તો કરીશું.આયુષ એ જુહીને નાસ્તા માટે સાદ પડ્યો ત્યારે બાપુજી બોલ્યાં કે બેટા,જુહી ને કેમ સાદ પાડે છે? ભૂલી ગયો કે શું? એને બાળપણથી નાસ્તો કરવાની આદત નથી..એ સવારે

બા બાપુજી ની વાત સાંભળતા જ આયુષ ને આઘાત લાગતા બોલ્યો કે ઓહ!!!આ બધું ક્યારે થયું? સતત ખુશ ખુશાલ રહેતી જુહી ને બી.પી ક્યારે આવ્યું? એ ક્યારથી દવાઓ લે છે.નોકરી ધંધા ના કામમાં એટલો બધો વ્યસ્ત થઈ ગયો છું ને કે બા,મને આ બધી વાત ની ખબર જ નથી.પરિવાર ની સુખ, સમૃધ્ધિ માટે રૂપિયા કમાવવાની દોડ માં સતત દોડ્યા જ કરું છું..આ બધામાં જુહી મારી કરતા પરિવારની જાન વધારે બની ગઈ એ સમજી જ શક્યો નહિ. સોરી...સોરી.. બાપુજી મારી જુહી ને કદાચ વધારે સમય આપી જ શક્યો નહીં.મારી જ ભૂલ નાં લીધે અલ્લડ ને ખુશ મિજાજ જુહી ને બીમારી એની કેદ કરી દીધી છે...

રસોડા ની ચોકડી માં ઘરના કામકાજ મા વ્યસ્ત જુહી ને જોતા જ આયુષ મનમાં બોલ્યો કે જુહી નું મન તો રોબર્ટ જેવું મૃત થઈ ગયું છે..શું એવું કરું જેથી મારી જાન જુહી માં જાન લાવી શકું??? ના એ દિવસો વિતી ચૂક્યા છે કદાચ મારી જાન એની ખુદની લાગણીઓ ગુમાવી ચૂકી છે પરંતુ મારી જાન નાં હોઠ પર પહેલા જેવું ખડખડાટ સ્માઈલ તો લાવીશ જ.

# ઐશ્વર્યા સાથે ડિવોર્સના સમાચાર પર અભિષેકે મૌન તોડ્યું

## વીંટી બતાવી અને કહ્યું- હું હજી પરિણીત છું, ડીપફેક વીડિયોમાં ડિવોર્સની જાહેરાત કરતો જોવા મળ્યો

**ઘણા સમયથી એવા અહેવાલો આવી રહ્યા છે કે અભિષેક બચ્ચન તેની પત્ની ઐશ્વર્યા રાય જોડે ડિવોર્સ લઈ રહ્યો છે. જુલાઈમાં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નમાં અભિષેક અને ઐશ્વર્યા અલગ-અલગ પહોંચ્યા હતા. તેઓ અલગ-અલગ રહેવાના કારણે ડિવોર્સના સમાચારો જોર પકડવા લાગ્યા. આ દરમિયાન, અભિનેતાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે, જેમાં તે કહેતો જોવા મળ્યો હતો કે હું અને ઐશ્વર્યા ડિવોર્સ લઈ રહ્યા છીએ. જો કે તે AI જનરેટેડ ડીપફેક વીડિયો હતો. આ વીડિયો વાઈરલ થયા બાદ હવે અભિષેકે ડિવોર્સના સમાચાર પર પોતાનું મૌન તોડ્યું છે.**

હાલમાં જ બોલિવૂડ યુકે મીડિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં અભિષેક બચ્ચનથી છૂટાછેડાના સવાલ પર તેણે પોતાના લગ્નની વીંટી બતાવી અને કહ્યું કે, હું હજુ પરિણીત છું. તેણે આગળ કહ્યું, મારી જોડે તમને બધાને કહેવા માટે કંઈ નથી. તમે બધાએ આ મુદ્દાને અતિશયોક્તિ કરી છે. હું સમજું છું કે તમે તે શા માટે કર્યું.અમે સેલિબ્રિટી છીએ, અમારે આનો સામનો કરવો પડશે.

હાલમાં જ અભિષેક બચ્ચનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. અભિષેક બચ્ચનના ફેન પેજ પરથી શેર કરાયેલા આ વીડિયોમાં અભિનેતા છૂટાછેડા જાહેરાત કરતો જોવા મળ્યો હતો. વીડિયોમાં તેણે કહ્યું હતું કે, 'આ જુલાઈમાં ઐશ્વર્યા અને મેં ડિવોર્સ લેવાનું નક્કી કર્યું છે. છેલ્લા કેટલાક વર્ષો મારી પુત્રી આરાધ્યા માટે સારા નથી રહ્યા. જો કે, આજે હું તમારી સાથે ઐશ્વર્યાથી ડિવોર્સ લેવાના કારણો વિશે વાત કરવા આવ્યો છું.

અભિષેકનો જે વીડિયો વાઈરલ થયો છે તે AI જનરેટેડ છે. જો તમે નજીકથી જુઓ, તો તમે જોઈ શકો છો કે અભિષેકનું લિપ્સિંક તેના ઓડિયો સાથે મેળ ખાતું નથી. વીડિયોને ડીપફેક બનાવવા માટે તેની સાથે છેડછાડ કરવામાં આવી હતી. જ્યારે વીડિયો વાઈરલ થયો ત્યારે અભિનેતા ઓલિમ્પિક 2024માં ભારતીય ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા પેરિસમાં હતો.



### છૂટાછેડાના સમાચારને કેવી રીતે વેગ મળ્યો?

જુલાઈમાં, અભિષેક બચ્ચન તેમના પરિવાર સાથે અનંત-રાધિકાના લગ્નનો ભાગ હતો. રેડ કાર્પેટ પર અભિષેકનો આખો પરિવાર હાજર હતો, જોકે તે સમયે ઐશ્વર્યા અને પુત્રી આરાધ્યા તેની સાથે ન હતી. અભિષેકના આગમનના થોડા સમય બાદ ઐશ્વર્યા તેની પુત્રી સાથે રેડ કાર્પેટ પર પહોંચી અને પાપારાઝી માટે પોઝ આપ્યો.

અલગ-અલગ એન્ટ્રી લેવા સિવાય આખા લગ્ન દરમિયાન તેઓ સાથે જોવા મળ્યા ન હતા. આ પછી ઐશ્વર્યા રાય તેની પુત્રી સાથે વેકેશન પર ગઈ હતી, ત્યારે પણ અભિષેક તેની સાથે હાજર નહોતો. અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાયના લગ્ન વર્ષ 2007માં થયા હતા. આ લગ્નથી કપલને એક પુત્રી આરાધ્યા છે. જો તમે નજીકથી જુઓ, તો તમે જોઈ શકો છો કે અભિષેકનું લિપ્સિંક તેના ઓડિયો સાથે મેળ ખાતું નથી.

# ઈમરાન ખાનની મુક્તિ વિશે વાત કરતા જોવા મળ્યા કુમાર સાનુ...

## ડીપફેક વાઇરલ થયા બાદ સિંગરે કહ્યું- મારી ઈમેજ ખરાબ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે, કાયદાકીય કાર્યવાહી કરીશું

### આ સેલેબ્સ પણ ડીપફેકનો શિકાર બન્યા છે

હાલમાં જ અભિષેક બચ્ચન ડીપફેકનો શિકાર બન્યો છે. ફેક વીડિયોમાં અભિષેક બચ્ચન ઐશ્વર્યા રાયથી છૂટાછેડાની વાત કરતા જોવા મળે છે. અભિષેક ઉપરાંત રશ્મિકા મંદાના, કાજોલ, આલિયા ભટ્ટ સહિત ઘણા સેલેબ્સ પણ ડીપફેકનો શિકાર બની ચૂક્યા છે. ડીપફેક વીડિયો વાઈરલ થયા બાદ રશ્મિકા મંદન્નાએ સાયબર સિક્યુરિટીને ફરિયાદ કરી હતી, ત્યારબાદ આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

(એજન્સી) મુંબઇ । તા. 12

આ દિવસોમાં ગાયક કુમાર સાનુનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે, જેમાં સિંગર એક કોન્સર્ટ દરમિયાન ગીત દ્વારા પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને મુક્ત કરવાની માંગ કરતો જોવા મળે છે. જોકે, હવે કુમાર સાનુએ સ્પષ્ટતા કરી છે કે તેણે આવું કોઈ ગીત ગાયું નથી, બલ્કે તેના કોન્સર્ટના વીડિયો સાથે AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) દ્વારા ચેડા કરવામાં આવ્યા છે.

કુમાર સાનુએ હાલમાં જ પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ દ્વારા આ બાબતે સ્પષ્ટતા કરી છે. તેણે ફેક ન્યૂઝની તસવીર શેર કરીને લખ્યું, 'હું સ્પષ્ટ કરવા માંગુ છું કે મેં પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન માટે ક્યારેય કોઈ ગીત ગાયું નથી. ફેસબુક પર જે ઓડિયો ફરે છે તે મારા અવાજમાં નથી. તેને AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) દ્વારા બનાવવામાં આવ્યું છે. કેટલાક લોકો મારી ઈમેજને ખરાબ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, તેથી હું મારા ચાહકોને કહેવા માંગુ છું કે આ સમાચાર અફવા અને જૂઠાણું છે.



કુમાર સાનુએ પોતાની પોસ્ટમાં આગળ લખ્યું છે કે, 'આ ટેક્નોલોજીનો દુરુપયોગ છે. હું ભારત સરકારને આની સામે પગલાં લેવાની અપીલ કરું છું, જેથી AI અને ડીપફેક ટેક્નોલોજી સાથે રમવાનું બંધ થઈ શકે. ખોટી માહિતી ફેલાવવાનું બંધ કરો. વાઈરલ થઈ રહેલા ડીપફેક વીડિયોમાં કુમાર સાનુ એક ગીત ગાતા જોવા મળે છે જેમાં તે પાકિસ્તાનના જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાનને જેલમાંથી બહાર કાઢવાની વાત કરી રહ્યો છે. જો કે રિપોર્ટ્સનું માનીએ તો આ વીડિયો બ્રિટનમાં કુમાર સાનુના કોન્સર્ટનો છે. વાસ્તવમાં કુમાર સાનુએ કોન્સર્ટમાં પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન સાથે જોડાયેલી કોઈ વાત નથી કહી. વિડિયોમાં AI નો ઉપયોગ કરીને ફેરફાર કરવામાં આવ્યો છે, જેમાં ગીતો અને લિપ-સિંગિંગ સાથે કરવામાં આવી છે.

# દીકરીના મૃત્યુના 6 દિવસ પછી દિવ્યાની પોસ્ટ

## ફોટો શેર કર્યો અને લખ્યું- મારી થવા બદલ આભાર, આલિયાની માતાએ પ્રતિક્રિયા આપી



(એજન્સી) મુંબઇ । તા. 12

ટીવી અભિનેત્રી દિવ્યા સેઠની પુત્રી અને બોલિવૂડ અભિનેત્રી સુષ્મા સેઠની પૌત્રી મિહિકા સેઠનું 5 ઓગસ્ટના રોજ અવસાન થયું હતું. હવે 6 દિવસ બાદ રવિવારે મિહિકાની માતાએ એક ઈમોશનલ પોસ્ટ શેર કરી છે. દિવ્યાએ પોતાની પુત્રી સાથેનો ફોટો શેર કરતા લખ્યું - મારી થવા બદલ આભાર..' દિવ્યાની આ પોસ્ટ પર ઘણા સેલેબ્સે કોમેન્ટ કરી છે. આલિયા ભટ્ટની માતા સોની રાઝદાને આ પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા લખ્યું - આવા સમયે શબ્દોમાં કંઈપણ વ્યક્ત કરી શકાતા નથી. સોની રાઝદાન સિવાય ગજરાજ રાવથી લઈને ટીવી એક્ટ્રેસ ક્રિસ્ટલ ડિસોઝા સુધી બધાએ આ પોસ્ટ પર દુ:ખ વ્યક્ત કર્યું છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, 23 વર્ષની મિહિકા લાંબા સમયથી બીમાર હતી. તેને પહેલા તાવ આવ્યો અને તે પછી તે સતત બીમાર પડતી રહી. 5 ઓગસ્ટે સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

જ્યારે મિહિકાની નાની સુષ્મા સેઠ 'કલ હો ના હો', 'કભી ખુશી કભી ગમ' અને 'રામ તેરી ગંગા મૈલી' જેવી ફિલ્મોમાં જોવા મળી છે. મિહિકાની માતા દિવ્યા પણ 'જબ વી મેટ' અને 'દિલ ધડકને દો' સહિત ઘણી ફિલ્મોમાં જોવા મળી હતી. તેણે 'હમ લોગ' અને 'અભિમાન' જેવા ઘણા ટીવી શો પણ કર્યા છે.

# ચારુ અસોપાના એક્સ હસબન્ડ રાજીવ સાથેના રોમાન્ટિક ફોટા વાયરલ



મુંબઈ: સુસ્મિતા સેનના ભાઈ રાજીવ અને તેની એક્સવાઈફ ચારુ અસોપાના રોમાન્ટિક ફોટા વાયરલ થતાં ચાહકો માથું ખંજવાળી રહ્યા છે. રાજીવ અને ચારુ લગ્ન બાદ છૂટાં પડી ગયાં હતાં. જોકે, થોડા સમય બાદ તેમણે ફરી જાહેર કર્યું હતું કે તેઓ દીકરી ખાતર પોતાના લગ્ન જીવનને વધુ એક તક આપવા માગે છે. ફરી થોડા મહિનાઓ બાદ તેમણે જાહેર કર્યું હતું કે તેઓ સાથે રહી શકે તેમ નથી આથી કાયમ માટે છૂટાં પડી રહ્યાં છે.

હવે ચારુ અને રાજીવના બેહદ રોમાન્ટિક ફોટા વાયરલ થયા છે. રાજીવનો જન્મદિવસ ચારુએ બહુ હોંશભેર મનાવ્યો હતો અને તેને આલિંગન આપતા રોમાન્ટિક પોઝ સાથે અનેક ફોટા પડાવ્યા હતા. ચારુએ આ ફોટા પોસ્ટ કરી રાજીવને ઉમળકા સાથે જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. રાજીવે પણ તેનો એટલા પ્રેમથી જ જવાબ આપ્યો છે.

અગાઉ ચારુએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે તે દીકરી જિયાનાને માતા પિતા બંનેનો પ્રેમ મળે તેમ ઈચ્છે છે અને એટલે જ તે રાજીવ ને મળે છે. જોકે, આ વધારે પડતી રોમાન્ટિક તસવીરોએ ચાહકોને વિચારતા કરી દીધા છે.

# તૃપ્તિની લૈલા મજનૂનો રી રીલિઝમાં વધુ કમાણીનો અનોખો વિક્રમ

મુંબઈ: તૃપ્તિ ડિમરી અને અવિનાશ તિવારીની 'લૈલા મજનૂ'ના નામે એક અનોખો રેકોર્ડ નોંધાયો છે. આ ફિલ્મ ૨૦૧૮માં પહેલીવાર રીલિઝ થઈ ત્યારે જેટલુ કમાઈ હતી તેના કરતાં અત્યારે છ વર્ષે બીજી વાર રીલિઝ થઈ તેમાં વધુ કમાઈ ગઈ છે. ઈમ્તિયાઝ અલીએ બનાવેલી આ ફિલ્મ ૨૦૧૮માં રીલિઝ થઈ ત્યારે તૃપ્તિને કોઈ ઓળખતું ન હતું. પરંતુ આટલાં વર્ષો દરમિયાન ઓટીટી પર 'બુલબુલ' અને 'કલા' સહિતની બહુ જ પ્રશંસા પામેલી ફિલ્મો ઉપરાંત 'એનિમલ' જેવી બ્લોકબસ્ટર ફિલ્મના કારણે તૃપ્તિનો ચાહકવર્ગ અનેક ગણો વધી ગયો છે.

બીજી તરફ અવિનાશ તિવારી પણ ઓટીટીની સંખ્યાબંધ સીરિઝમાં ટોચના કલાકાર તરીકે ઉભરી આવ્યો છે. આ બંને કલાકારોએ અર્જિત કરેલી ખ્યાતિનો લાભ આટલાં વર્ષે 'લૈલા મજનૂ'ને મળ્યો છે. આ ફિલ્મ ફરીવાર કાશ્મીરમાં રીલિઝ કરવામાં આવી હતી. ત્યાં તે બહુ જ હિટ થઈ થઈ હતી એટલે નિર્માતાો ફરી કેટલાંક શહેરોમાં ફિલ્મ રીરિલિઝ કરી છે. તેને પહેલા દિવસે ૭૫ લાખની કમાણી થઈ હતી અને બીજા દિવસે જ તે સીધી વધીને એક કરોડથી વધી ગઈ હતી.

# ફેને વીડિયો શેર કરીને સામંથાને પ્રપોઝ કર્યું હતું

## એક્ટ્રેસે કોમેન્ટ કરી અને કહ્યું- 'બેકગ્રાઉન્ડમાં જિમ છે, તેથી હું સંમત થઈ ગઈ છું'



### ફેન્સ અભિનેત્રીને ઘણો પ્રેમ મોકલી રહ્યા છે

સામંથા છેલ્લા કેટલાક સમયથી તેના અંગત જીવનમાં ખૂબ જ ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહી છે. તેણે 2017માં સાઉથના સુપરસ્ટાર નાગાર્જુનના પુત્ર નાગ ચૈતન્ય સાથે લગ્ન કર્યા, પરંતુ 2021માં તેમના છૂટાછેડા થઈ ગયા. આ પછી સામંથાને ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓનો પણ સામનો કરવો પડ્યો. હવે નાગ ચૈતન્ય અને શોભિતાની સગાઈ પછી ચાહકો સામંથાને ઘણો પ્રેમ અને પ્રોત્સાહન મોકલી રહ્યા છે. નાગ ચૈતન્ય અને શોભિતા ધુલીપાલાએ ચાર દિવસ પહેલા 8 ઓગસ્ટના રોજ સગાઈ કરી હતી.

(એજન્સી) મુંબઇ । તા. 12

સાઉથની લોકપ્રિય અભિનેત્રી સામંથા રૂથ પ્રભુએ લગ્નના 4 વર્ષ બાદ ઓક્ટોબર 2021માં પતિ નાગ ચૈતન્યથી છૂટાછેડા લીધા હતા. હાલમાં જ નાગએ અભિનેત્રી શોભિતા ધુલીપાલા સાથે સગાઈ કરી છે.

આ દરમિયાન સામંથાના એક ફેને તેને લગ્ન માટે પ્રપોઝ કર્યું છે. વીડિયોમાં ફેન્સે જણાવ્યું કે તે સામંથાને પ્રપોઝ કરવા માટે તેના ઘરે જવાની તૈયારી કરી રહ્યો છે.

મુકેશ ચિંતા નામના સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુઈન્સરે આ વીડિયો બનાવ્યો છે. વીડિયોમાં મુકેશ તેની બેગ પેક કરીને સામંથાના ઘરે જવા નીકળી રહ્યો છે. તેણે લખ્યું, 'હું મારી બેગ પેક કરી રહ્યો છું અને સામંથાના ઘરે જવા નીકળી રહ્યો છું.

તેમને કહેવા માટે કે તેમને ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે હું હંમેશા તેમની સાથે છું. હું લગ્ન માટે તૈયાર છું,

મને ફક્ત 2 વર્ષ આપો જેથી હું કમાવાનું શરૂ કરું. વીડિયોમાં આ ફેને સામંથાને ઘૂંટણ પર બેસીને હાર્ટ ઈમોજી આપીને પ્રપોઝ પણ કર્યું હતું.

મુકેશના આ વીડિયો પર કોમેન્ટ કરતાં સામંથાએ લખ્યું- 'બેકગ્રાઉન્ડમાં દેખાતા જિમને કારણે હું માની ગઈ છું' અભિનેત્રીનો જવાબ મળ્યા બાદ આ વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. ઘણા ચાહકો મુકેશને અભિનંદન આપી રહ્યા છે કે તેણે આખરે તેના વીડિયો દ્વારા સામંથાને આકર્ષિત કરી છે.



# OTT કલાકારોને ડેવિડ ધવનનો પડકાર:કહ્યું,

## 'થિયેટરમાં આવો અને તમારું સ્ટેટસ બતાવો' : OTT પર ખબર નથી પડતી કે ફિલ્મ ચાલી કે ફ્લોપ થઇ

(એજન્સી) મુંબઇ । તા. 12

દિગ્ગજ ફિલ્મ નિર્માતા ડેવિડ ધવને OTT કલાકારોને ચેલેન્જ આપી છે. એક ઈન્ટરવ્યુમાં ડિરેક્ટરે કહ્યું કે ઓટીટી પર એક્ટર્સ સુરક્ષિત રહે છે. તેમની વાસ્તવિક સ્થિતિ ફક્ત થિયેટરમાં જ જાણી શકાય છે.

પોતાના વિશે વાત કરતા ડેવિડે કહ્યું કે તે ખૂબ જ પસંદીદા બની ગયો છે અને હવે માત્ર પસંદગીની ફિલ્મો જ બનાવે છે. તે OTTના આ યુગથી બિલકુલ પ્રભાવિત નથી. તેઓ OTT ને માત્ર એક અન્ય માધ્યમ માને છે.

એક ઈન્ટરવ્યુમાં જ્યારે હોસ્ટ અરબાઝ ખાને ડેવિડને પૂછ્યું કે, શું તમને લાગે છે કે OTT કલ્ચરના આગમનથી સિનેમાનો ચાર્મ ઓછો થયો છે? તો ડિરેક્ટરે કહ્યું- 'બિલકુલ નહીં. હું તમને એક વાત કહું. આજકાલ કલાકારો ખૂબ સુરક્ષિત બની ગયા છે. ચાલો સલામતી સાથે OTT ફિલ્મો કરીએ. મને એ પણ ખબર નથી કે ફિલ્મે કેટલું કામ કર્યું, કેટલું ન કર્યું. ડેવિડે આગળ કહ્યું- 'તમે થિયેટરમાં આવો અને તમારી યોગ્યતા બતાવો. તેઓ ડરતા હોય છે... તેઓ થિયેટરમાં રિલીઝ થતી ફિલ્મો નથી કરતા. તેઓ મીડિયાથી ડરે છે. અમારા જમાનામાં થિયેટરમાં તાળીઓ પડતી. તમે OTT પર આ પ્રકારની પ્રતિક્રિયા મેળવી શકતા નથી. રસપ્રદ વાત એ છે કે ખુદ ડેવિડના નિર્દેશનમાં બનેલી છેલ્લી ફિલ્મ 'કુલી નંબર 1' પણ OTT પર રિલીઝ થઈ હતી. 2020માં રિલીઝ થયેલી આ ફિલ્મમાં વરુણ ધવન અને સારા અલી ખાન મુખ્ય ભૂમિકામાં હતા. આને દર્શકોએ સખત રીતે નકારી કાઢી હતી.

ચર્ચા છે કે આ દિવસોમાં ડેવિડ પુત્ર વરુણ સાથે તેની આગામી ફિલ્મ પર કામ કરી રહ્યો છે. આ એક રોમેન્ટિક-કોમેડી ફિલ્મ છે જેનું નામ 'જવાની તો ઈશ્ક હોના હૈ' છે. તે ઓક્ટોબર 2025માં રિલીઝ થવાની છે. જો કે આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. દિગ્ગજ ફિલ્મ નિર્માતા ડેવિડ ધવને OTT કલાકારોને ચેલેન્જ આપી છે. એક ઈન્ટરવ્યુમાં ડિરેક્ટરે કહ્યું કે ઓટીટી પર એક્ટર્સ સુરક્ષિત રહે છે. તેમની વાસ્તવિક સ્થિતિ ફક્ત થિયેટરમાં જ જાણી શકાય છે.

પોતાના વિશે વાત કરતા ડેવિડે કહ્યું કે તે ખૂબ જ પસંદીદા બની ગયો છે અને હવે માત્ર પસંદગીની ફિલ્મો જ બનાવે છે. તે OTTના આ યુગથી બિલકુલ પ્રભાવિત નથી. તેઓ OTT ને માત્ર એક અન્ય માધ્યમ માને છે. એક ઈન્ટરવ્યુમાં જ્યારે હોસ્ટ અરબાઝ ખાને ડેવિડને પૂછ્યું કે, શું તમને લાગે છે કે OTT કલ્ચરના આગમનથી સિનેમાનો ચાર્મ ઓછો થયો છે? તો ડિરેક્ટરે કહ્યું- 'બિલકુલ નહીં.


# બોલીવૂડના સેલ્ફ સ્ટાઈલ્ડ બોસ કરણ જોહરે ધર્મા પ્રોડક્શન કંપની વેચવા કાઢી

મુંબઈ: બોલીવૂડના જાતે બની બેઠેલા બોસ કરણ જોહરે પોતાની ધર્મા પ્રોડક્શન કંપની વેચવા કાઢી હોવાની ચર્ચા છે. તેણે કેટલીક કંપનીઓને ધર્મા પ્રોડક્શનમાં બહુમતી હિસ્સો ખરીદી લેવા ઓફર કરી હોવાનું કહેવાય છે. કરણ જોહરે છેલ્લાં કેટલાંય વર્ષોથી બોલીવૂડમાં જેને ઓલ ટાઈમ બ્લોકબસ્ટર કે સુપરડુપર હિટ કહેવાય તેવી ફિલ્મ આપી જ નથી.

તે સારી વાર્તા કે સારી ફિલ્મને બદલે સ્ટારકિડ્ઝની કારકિર્દી બનાવવા પર જ ફોક્સ કર્યા કરે છે. વરુણ ધવન અને જાહ્નવી કપૂર જેવા સ્ટારકિડઝની કોઈ ફિલ્મ ટિકિટબારી પર ઉકાળી શકતી ન હોવા છતાં તેમને પ્રમોટ કર્યા કરે છે. આ માટે તે પબ્લિસિટીથી અને માર્કેટિંગના તમામ ગતકડાં અપનાવતો હોવાનો તેના પર આક્ષેપ છે.

જોકે, કહેવાય છે કે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં તેની કંપનીએ ૨૭.૧૦ કરોડનો નફો કર્યો હતો તેની સામે ૨૦૨૩-૨૪માં તેનો નફો ઘટીને ૧૦.૭૦ કરોડનો થઈ ગયો છે. નફો અડધાથી પણ ઓછો થઈ જતાં કરણ જોહરે હવે પોતાની કંપનીમાં મેજોરિટી સ્ટેકનો ગાળિયો અન્ય કોઈ કંપનીને પહેરાવી દેવાની હિલચાલ માંડી હોવાનું કહેવાય છે. કેટલાંક કોર્પોરેટ હાઉસ ઉપરાંત એક મોટી મ્યુઝિક કંપની પણ આ હિસ્સો ખરીદી લેવાની હોડમાં હોવાનું કહેવાય છે.

# ટ્રેની ડોક્ટર રેપ-મર્ડર કેસમાં પૂર્વ ક્રિકેટર સૌરવ ગાંગુલીનું મોટું નિવેદન



(એજન્સી)કોલકત્તા તા 12

હોસ્પિટલોમાં સુરક્ષાને લઈને ગંભીર ચિંતાઓ ઉભી થઈ પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ આપ્યું નિવેદન ગાંગુલીએ જાહેરમાં આરોપીઓ સામે કડક કાર્યવાહીની તેમણે તાલીમાર્થી તબીબ સાથે થયેલી બર્બરતાનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને તે માટે સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવી જોઈએ. કડક કાર્યવાહી અને યોગ્ય પગલાં લેવાની માંગ ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને તે માટે કડક કાર્યવાહી અને યોગ્ય પગલાં લેવાની માંગ કરી રહ્યા છે. તેમણે તાલીમાર્થી તબીબ સાથે થયેલી બર્બરતાનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને તે માટે સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવી જોઈએ. કડક કાર્યવાહી અને યોગ્ય પગલાં લેવાની માંગ ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને તે માટે કડક કાર્યવાહી અને યોગ્ય પગલાં લેવાની માંગ કરી રહ્યા છે. માંગ કોલકાતાની આરજી કાર હોસ્પિટલમાં 31 વર્ષીય તાલીમાર્થી ડોક્ટર મૃત હાલતમાં મળી આવ્યો હતો. આ દુઃખદ ઘટનાએ શહેરભરની હોસ્પિટલોમાં સુરક્ષાને લઈને ગંભીર ચિંતાઓ ઉભી કરી છે. આ ઘટના બાદ પશ્ચિમ બંગાળમાં મેડિકલ વિદ્યાર્થીઓ અને રાજકીય પક્ષના કાર્યકરો સતત વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આરોપીઓ સામે કડક કાર્યવાહીની માંગ ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ જાહેરમાં આરોપીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. તેમણે હોસ્પિટલો અને જાહેર સ્થળોએ સુરક્ષા મજબૂત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. ગાંગુલીએ કહ્યું, 'કડક પગલાં લેવા જોઈએ. આ ખરેખર ખૂબ જ ભયંકર છે.'

સૌરવ ગાંગુલીએ સુરક્ષા વ્યવસ્થા અંગે કરી વાત સૌરવ ગાંગુલીએ સીસીટીવી સર્વેલન્સ વધારવા જેવા સુરક્ષા પ્રોટોકોલ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે તાલીમાર્થી તબીબ સાથે થયેલી બર્બરતાનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને તે માટે સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવી જોઈએ. કડક કાર્યવાહી અને યોગ્ય પગલાં તે માટે કડક કાર્યવાહી અને યોગ્ય પગલાં લેવાની માંગ કરી રહ્યા છે. આ દરમિયાન પૂર્વ ક્રિકેટર સૌરવ ગાંગુલીએ પણ કડક કાર્યવાહીની અપીલ કરી છે. તેમણે કહ્યું, 'સુરક્ષા દરેક જગ્યાએ હોવી જોઈએ, પછી તે હોસ્પિટલ હોય, મેદાન હોય, રસ્તા હોય.' સૌરવ ગાંગુલીએ કરી અપીલ સૌરવ ગાંગુલીએ કહ્યું, 'આ ખૂબ જ ગંભીર ઘટના છે. તે ગમે ત્યાં થઈ શકે છે. અમારી પાસે સારી સુરક્ષા વ્યવસ્થા છે. ભારત એક મહાન દેશ છે, પછી તે પશ્ચિમ બંગાળ હોય કે અન્ય કોઈ, અમે એક મહાન રાજ્ય છીએ, તમે એક મહાન શહેર છીએ.' માત્ર એક ઘટના દ્વારા નક્કી કરી શકાય નહીં, પરંતુ દરેક જગ્યાએ કડક કાર્યવાહી થવી જોઈએ, પછી તે હોસ્પિટલો હોય, મેદાન હોય કે રસ્તાઓ હોય.

# બાંગ્લાદેશે ટેસ્ટ સિરીઝ માટે કરી ટીમની જાહેરાત, આ ખેલાડીઓને મળ્યું સ્થાન




બાંગ્લાદેશ તા 12

પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે રમાશે બે ટેસ્ટ મેચ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે 15 સભ્યોની ટીમની જાહેરાત કરી તસ્કીન અહેમદની 15 સભ્યોની ટીમમાં વાપસી થઈ છે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે પાકિસ્તાન સામે 21 ઓગસ્ટથી રાવલપિંડીમાં શરૂ થનારી આગામી બે મેચની ટેસ્ટ સિરીઝ માટે ટીમની જાહેરાત કરી છે. તસ્કીન અહેમદની 15 સભ્યોની ટીમમાં વાપસી થઈ છે. તસ્કીન અહેમદે તેની છેલ્લી ટેસ્ટ મેચ જૂન 2023માં રમી હતી. ખભાની ઈજાને કારણે તેણે ટેસ્ટ ક્રિકેટમાંથી બ્રેક લીધો હતો. હાલમાં જ તેણે ટેસ્ટ ક્રિકેટમાં વાપસી કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ દરમિયાન તેણે બોર્ડને કહ્યું હતું કે તે ટેસ્ટ ક્રિકેટમાં રમી શકે છે. બાંગ્લાદેશની ટીમની જાહેરાત ફાસ્ટ બોલરોની પસંદગી અંગે બોલતા, રાષ્ટ્રીય પસંદગી પેનલના અધ્યક્ષ ગાઝી અશરફ હુસૈને કહ્યું, 'અમે પાંચ ઝડપી બોલરોની પસંદગી કરી છે. તસ્કીન માત્ર બીજી ટેસ્ટ મેચ રમશે. તેણે છેલ્લા એક વર્ષથી કોઈ ટેસ્ટ મેચ રમી નથી. આવી સ્થિતિમાં તેને પાકિસ્તાન A સામેની બીજી ચાર દિવસીય મેચ માટે 'A' ટીમમાં સામેલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેથી તે પોતાની લય ફરી મેળવી શકે. અમારા બોલિંગ આક્રમણમાં વિવિધતા છે. કેટલાક ઝડપી બોલિંગ કરી શકે છે અને કેટલાક બોલ સ્વિંગ કરી શકે છે. હું તેને ક્રિકેટના મેદાન પર જોવા માટે ઉત્સુક છું. અનુભવી ખેલાડીઓને મળ્યું સ્થાન પાકિસ્તાન સામેની સિરીઝ માટે શાકિબ અલ હસન અને શોરીફુલ ઈસ્લામની પસંદગી કરવામાં આવી છે. તે લાંબા સમયથી ક્રિકેટથી દૂર હતો. આ અંગે અશરફે કહ્યું, 'આ સિરીઝમાં અમારા શ્રેષ્ઠ ખેલાડીઓની પસંદગી પર ભાર મૂકવામાં આવ્યો હતો. તે સારી રીતે સંતુલિત ટીમ છે. મુશ્ફિકુર રહીમ, મોમિનુલ હક અને શાકિબ અલ હસન સંયુક્ત રીતે 216 મેચ રમી ચુક્યા છે અને તેમના માટે કોઈ રિપ્લેસમેન્ટ નથી. પાકિસ્તાન સિરીઝ માટે બાંગ્લાદેશની ટીમ નઝમુલ હુસૈન શાંતો (કેપ્ટન), મહમુદુલ હસન જોય, ઝાકિર હસન, શાદમાન ઈસ્લામ, મોમિનુલ હક, મુશફિકુર રહીમ, શાકિબ અલ હસન, લિટન દાસ, મેહદી હસન મિરાજ, તૈજુલ ઈસ્લામ, નઈમ હસન, નાહીદ રાણા, શોરીફુલ ઈસ્લામ, હસન મહમૂદ, તસ્કીન અહેમદ, સૈયદ ખાલિદ અહેમદ

# ખેલાડી 38-વર્ષના ઈતિહાસમાં પહેલીવાર બન્યું, વર્ષમાં કોઈપણ ખેલાડીએ ન કર્યું આ કામ કર્યું

નવી દિલ્હી તા 12

ટીમ ઈન્ડિયાએ હવે આ વર્ષે એટલે કે 2024માં એક પણ વનડે મેચ રમવાની નથી ભારતીય ક્રિકેટ સાથે જોડાયેલો એક ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે આ વર્ષે કોઈ પણ ભારતીય બેટ્સમેન વનડેમાં સદી ફટકારી શક્યો નથી

ટીમ ઈન્ડિયાએ હવે આ વર્ષે એટલે કે 2024માં એક પણ વનડે મેચ રમવાની નથી. તાજેતરમાં જ ભારતીય ટીમે શ્રીલંકા સામે ત્રણ મેચની વનડે સિરીઝ રમી હતી. આ સિરીઝમાં ટીમ ઈન્ડિયાને હારનો સામનો કરવો પડ્યો હતો. આ સિરીઝમાં કોઈપણ ભારતીય બેટ્સમેન સદી ફટકારી શક્યો ન હતો. આ સાથે 38 વર્ષથી ચાલી આવતી સદીઓનો સિલસિલો પણ પૂર્ણ થઈ ગયો. તમને જાણાવી દઈએ કે આ વર્ષે કોઈ ભારતીય બેટ્સમેન સદી ફટકારી શક્યો નથી.

આવું 38 વર્ષ પછી થયું છેલ્લા 38 વર્ષમાં ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં આ પહેલી વખત બન્યું છે કે આખા વર્ષમાં કોઈ ભારતીય બેટ્સમેન વનડે ક્રિકેટમાં સદી ફટકારી શક્યો મોટી ઈનિંગ કેપ્ટન રોહિત શર્માએ રમી હતી, જે 64 રનની હતી. શ્રીલંકા સામેની બીજી વનડેમાં હિટમેને બેટથી 64 રનની તોફાની ઈનિંગ રમી હતી.




# ગુજરાત સહિત આ ફ્રેન્ચાઇઝી તેના કોચિંગ સ્ટાફમાં કરી શકે મોટો ફેરફાર

(એજન્સી) નવી દિલ્હી તા 12

રાજસ્થાન રોયલ્સ કોચિંગ સ્ટાફમાં કરી શકે છે મોટો બદલાવ રાહુલ દ્રવિડ રાજસ્થાન રોયલ્સ બની શકે છે હેડ કોચ શ્રીલંકાના કુમાર સંગાકારાએ હેડ કોચનું પદ છોડવું પડી શકે છે ટીમ ઈન્ડિયાના પૂર્વ હેડ કોચ રાહુલ દ્રવિડ ફરી એકવાર IPLમાં વાપસી કરી શકે છે. રાજસ્થાન રોયલ્સ તેને આગામી સિઝનમાં ટીમનો કોચ બનાવી શકે છે. ટીમ ઈન્ડિયાના હેડ કોચ તરીકેનો તેમનો કાર્યકાળ T20 વર્લ્ડકપ 2024 પછી સમાપ્ત થઈ ગયો છે. તેમના કોચિંગ હેઠળ ભારતે T20 વર્લ્ડકપ 2024નો ખિતાબ જીત્યો હતો. આ સિવાય તેણે 2023 વર્લ્ડકપની ફાઈનલમાં પણ જગ્યા બનાવી હતી. જો રાહુલ દ્રવિડ રાજસ્થાનના કોચ બને છે તો શ્રીલંકાના પૂર્વ ખેલાડી કુમાર સંગાકારાએ હેડ કોચનું પદ છોડવું પડી શકે છે. રાહુલ દ્રવિડ અગાઉ પણ રાજસ્થાનના કોચ તરીકે જોવા મળી ચૂક્યો છે.2021થી કુમાર સંગાકારા રાજસ્થાન ટીમના ક્રિકેટ ડિરેક્ટર અને હેડ કોચની ભૂમિકામાં જોવા મળી રહ્યા છે. તેના કોચિંગ હેઠળ રાજસ્થાન રોયલ્સનું પ્રદર્શન સારું રહ્યું છે. ટીમે 2022ની IPL સિઝનમાં ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો, જ્યાં તેને ગુજરાત ટાઈટન્સ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. IPL 2024માં રાજસ્થાનની ટીમ ત્રીજા ક્રમે રહી હતી.




રાજસ્થાનને ક્વોલિફાયર 2માં સનરાઈઝર્સ હૈદરાબાદના હાથે હારનો સામનો કરવો પડ્યો હતો.અગાઉ, એક અહેવાલમાં જણાવ્યું હતું કે મેથ્યુ મોટના સ્થાને, ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) તેના સફેદ બોલના ફોર્મેટમાં કુમાર સંગાકારાને કોચ તરીકે નિયુક્ત કરવા માંગે છે. મેથ્યુ મોટે T20 વર્લ્ડકપ 2024માં ઈંગ્લેન્ડની સેમીફાઈનલમાંથી બહાર થયા બાદ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. ઈંગ્લેન્ડની ટીમ ODI વર્લ્ડકપ 2023ની સેમીફાઈનલમાં પણ જગ્યા બનાવી શકી નથી. એક ખેલાડી તરીકે કુમાર સંગાકારાનો રેકોર્ડ શાનદાર રહ્યો છે. તે વિશ્વના એવા કેટલાક ખેલાડીઓમાંથી એક છે જેણે ક્રિકેટમાં 27000થી વધુ રન બનાવ્યા છે.

# T20માં બે વખત એક ઓવરમાં ફટકારી છે સતત 5 સિક્સર

(એજન્સી) નવી દિલ્હી તા 12

ચાહકોને ટેસ્ટ અને વનડે કરતાં T20 ફોર્મેટ જોવું વધુ ગમે છે ફોર અને સિક્સરનો વરસાદ દર્શકોને સૌથી વધુ આકર્ષે છે આ 3 બેટ્સમેનોએ એક ઓવરમાં ફટકારી સતત 5 સિક્સર ચાહકોને ટેસ્ટ અને વનડે કરતાં T20 ફોર્મેટ જોવું વધુ ગમે છે. કારણ કે આ ફોર્મેટમાં ફોર અને સિક્સરનો વરસાદ દર્શકોને સૌથી વધુ આકર્ષે છે. આ ફોર્મેટમાં હંમેશા બેટ્સમેનોનું વર્ચસ્વ જોવા મળે છે. આવી જ ઘટના 10 ઓગસ્ટના રોજ સધર્ન બ્રેવ અને ટ્રેન્ટ રોકેટ્સ વચ્ચે રમાયેલી ધ હન્ડ્રેડ મેન્સ ટુર્નામેન્ટ દરમિયાન જોવા મળી હતી. મેચમાં સધર્ન તરફથી રમતા કિરોન પોલાર્ડે એક ઓવરમાં સતત પાંચ સિક્સર ફટકારી હતી. પોલાર્ડે ટી20 ક્રિકેટમાં બીજી વખત આ સિદ્ધિ મેળવી છે. આ 3 બેટ્સમેનોએ બે વખત એક ઓવરમાં ફટકારી 5 સિક્સર મિલરે 2017માં સાઉથ આફ્રિકા અને બાંગ્લાદેશ વચ્ચે રમાયેલી T20 મેચમાં બીજી વખત આ સિદ્ધિ મેળવી હતી. સિરીઝની બીજી મેચમાં, મિલરે 36 બોલમાં 101* રનની ઈનિંગ રમી હતી, જેમાં સાત ફોર અને નવ સિક્સનો સમાવેશ થતો હતો. મિલરે મોહમ્મદ સૈફુદ્દીન સામે એક ઓવરમાં સતત પાંચ સિક્સર ફટકારી હતી.સાઉથ આફ્રિકાના વિસ્ફોટક બેટ્સમેન ડેવિડ મિલરે 2014માં રામસ્લેમ T20 ચેલેન્જ ટૂર્નામેન્ટમાં પ્રથમ વખત આ કારનામું કર્યું હતું. ડોલ્ફિન્સ તરફથી રમતા તેણે બનાવ્યા હતા, જેમાં પાંચ સિક્સ અને એક ફોરનો સમાવેશ થતો હતો.

# પૂર્વ કોચ રાહુલ ગ્રાઉન્ડ સ્ટાફ સાથે રમ્યા ક્રિકેટ

રાહુલ દ્રવિડ મુંબઈ ઈન્ડિયન્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સના સંપર્કમાં તાજેતરમાં જ રાહુલ દ્રવિડના કોચિંગ હેઠળ ટીમ ઈન્ડિયાએ T20 વર્લ્ડ કપ જીત્યો હતો. આ પછી રાહુલ દ્રવિડનો કાર્યકાળ પૂરો થયો. આ સાથે જ પૂર્વ બેટ્સમેન ગૌતમ ગંભીર ટીમ ઈન્ડિયાના નવા કોચ બન્યા છે. પરંતુ આ સમયે રાહુલ દ્રવિડ ક્યાં છે? ક્રિકેટ ચાહકોના મનમાં પ્રશ્ન એ છે કે ટીમ ઈન્ડિયાના કોચ તરીકેનો કાર્યકાળ પૂરો થયા બાદ રાહુલ દ્રવિડ ક્યાં છે? ખરેખર હાલ રાહુલ દ્રવિડ બેંગ્લોરમાં સ્થિત નેશનલ ક્રિકેટ એકેડમીમાં છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે રાહુલ દ્રવિડ સોશિયલ મીડિયા પર રાહુલ દ્રવિડનો વીડિયો પર ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ વીડિયોમાં રાહુલ દ્રવિડ નેશનલ ક્રિકેટ એકેડમીના ગ્રાઉન્ડ સ્ટાફ સાથે ક્રિકેટ રમી રહ્યો છે.

# 'ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા બદલાઈ જશે ભારતીય ટીમ

નવી દિલ્હી તા 12

પાકિસ્તાન ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની યજમાની કરવા જઈ રહ્યું છે આ પહેલા ભારતીય ટીમ ઈંગ્લેન્ડ સામે 3 મેચની વનડે સિરીઝ રમશે ભારતીય ટીમ 27 વર્ષ બાદ શ્રીલંકાના સામે સિરીઝ હારી હતી પાકિસ્તાન આ વખતે ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની યજમાની કરવા જઈ રહ્યું છે. આની તૈયારી માટે ટીમ ઈન્ડિયા પાસે હવે માત્ર 3 ODI મેચ બાકી છે. અગાઉ તાજેતરમાં જ ટીમ ઈન્ડિયાએ શ્રીલંકાના પ્રવાસ પર 3 મેચની વનડે સિરીઝ રમી હતી. જેમાં ભારતને હારનો સામનો કરવો પડ્યો હતો. ગૌતમ ગંભીરના કોચિંગ હેઠળ ટીમ ઈન્ડિયાની પ્રથમ વનડે સિરીઝ કંઈ ખાસ ન હતી, કારણ કે ભારતીય ટીમને 27 વર્ષ બાદ શ્રીલંકાના હાથે વનડે સિરીઝમાં




હારનો સામનો કરવો પડ્યો હતો.આ પછી ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર પર પણ અનેક સવાલો ઉઠ્યા હતા. હવે ભારતે ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા પોતાની ભૂલો સુધારવી પડશે. જેના માટે ટીમ ઈન્ડિયા પાસે માત્ર 3 ODI મેચ બાકી છે. બીજી તરફ હવે ભારતીય ટીમના પૂર્વ વિકેટકીપર બેટ્સમેન દિનેશ કાર્તિકે મોટો દાવો કર્યો છે કે ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ટીમ ઈન્ડિયા સંપૂર્ણપણે અલગ દેખાશે.

# પાક.માં અમારી ટીમમાં મેચ ફિક્સર...', પાકિસ્તાન કેપ્ટનનું મોટું નિવેદન કર્યું

પાકિસ્તાન તા 12

જેના માટે બાંગ્લાદેશ ક્રિકેટ ટીમ પાકિસ્તાનનો પ્રવાસ કરશે પાકિસ્તાન ટેસ્ટ ટીમના કેપ્ટન શાન મસૂદે પ્રેસ કોન્ફરન્સ કરી હતી પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે ટૂંક સમયમાં 2 મેચની ટેસ્ટ સિરીઝ રમાશે. જેના માટે બાંગ્લાદેશ ક્રિકેટ ટીમ પાકિસ્તાનનો પ્રવાસ કરશે. આ ટેસ્ટ સિરીઝ પહેલા પાકિસ્તાન ટેસ્ટ ટીમના કેપ્ટન શાન મસૂદે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં તે ફિક્સર ખેલાડીઓ અંગે સ્પષ્ટતા આપતો જોવા મળ્યો હતો. વાસ્તવમાં, પાકિસ્તાન ક્રિકેટ ટીમના ખેલાડીઓનો સબંધ ફિક્સિંગ સાથે લાંબા સમયથી જોડાયેલા છે. પ્રેસ કોન્ફરન્સમાં જ્યારે શાન મસૂદને ટેસ્ટ ટીમમાં ફિક્સર ખેલાડીઓના સમાવેશ અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેણે બધાને ખાતરી આપી હતી કે ટેસ્ટ ટીમમાં કોઈ ફિક્સર ખેલાડી નથી. પાકિસ્તાન ટેસ્ટ ટીમના કેપ્ટન શાન મસૂદ બે મેચની ટેસ્ટ સીરીઝ પહેલા પ્રેસ કોન્ફરન્સ કરતા જોવા મળ્યા હતા. જેમાં તેણે પાકિસ્તાન ટીમને લઈને ઘણા મોટા સવાલોના જવાબ પણ આપ્યા હતા. શાન મસૂદે કહ્યું, હું ક્યારેય કોઈ ખેલાડીના ઈરાદા પર સવાલ ઉઠાવીશ નહીં. મને નથી લાગતું કે વર્તમાન પાકિસ્તાની ટીમમાં મેચ ફિક્સિંગની કોઈ વાત છે. T20 વર્લ્ડકપ 2024માં ખરાબ પ્રદર્શન બાદ પાકિસ્તાનના વર્તમાન T20 કેપ્ટન બાબર આઝમ પર પણ એક વરિષ્ઠ પત્રકારે મેચ ફિક્સિંગનો આરોપ લગાવ્યો હતો.

# કારોના શોખિન છે નીરજ

એક તરફ તેમનો સાહસ અને બીજી તરફ લક્ઝરીનો શોખ યુવા ભારતીય ખેલાડી નીરજ ચોપરાએ માત્ર રમત જગતમાં હલચલ મચાવી નથી પરંતુ તેની સ્ટાઈલિશ સ્ટાઈલથી લોકોના દિલ પણ જીતી લીધા છે. ટોક્યો ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ અને પેરિસ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનાર આ સ્ટાર એથ્લેટ પાસે કારનું પણ વિશાળ કલેક્શન છે. રમતના મેદાન પર સમાન ગતિ બતાવનાર નીરજ રસ્તાઓ પર પણ અદ્ભુત છે. તેમની કાર તેમના વ્યક્તિત્વની ઝલક રજૂ કરે છે, જેમાં એક તરફ તેમનો સાહસ અને બીજી તરફ લક્ઝરીનો શોખ સ્પષ્ટ દેખાય છે. નીરજ ચોપરાનું કાર કલેક્શન શક્તિશાળી SUV - મહિન્દ્રા થારથી શરૂ થયું હતું. આ કાર તેના સ્ટાઈલિશ દેખાવ અને ઓફ-રોડિંગ ક્ષમતા માટે જાણીતી છે. નીરજ ચોપરાને પણ કદાચ એડવેન્ચર પસંદ છે, તેથી તેમની પસંદગી આ શક્તિશાળી વાહન પર ગઈ. નીરજ ચોપરાને બીજી ભેટ મળી હતી

# વિનેશ ફોગાટ છે કરોડોની સંપત્તિની માલિક, , જાણો કલેક્શનમાં કેટલી છે લક્ઝરી કાર



## વિનેશ ફોગાટ પેરિસ ઓલિમ્પિક 2024ની રેસલિંગ ઈવેન્ટની ફાઈનલમાં અયોગ્ય થઈ

(એજન્સી) નવી દિલ્હી તા 12

દેશને વિનેશ ફોગાટ પર ખૂબ ગર્વ છે વિનેશે પોતાની મહેનતથી ઘણું હાંસલ કર્યું છે ભારતીય કુસ્તી લિજેન્ડ વિનેશ ફોગાટની પેરિસ 2024 ઓલિમ્પિકની સફર 7 ઓગસ્ટના રોજ એક અણધાર્યા વળાંક પર સમાપ્ત થઈ. વિનેશને 50 કિગ્રા વજનની મર્યાદા કરતાં 100 ગ્રામ વધુ હોવાના કારણે અયોગ્ય ઠેરવવામાં આવી હતી,
જેના કારણે તે ગોલ્ડ મેડલની રેસમાંથી બહાર થઈ ગઈ હતી. વિનેશ ફોગાટે નિવૃત્તિની કરી જાહેરાત વિનેશ ફોગાટની ફાઈનલ સુધીની સફર પ્રેરણાદાયી હતી, જ્યાં વિનેશે યુઈ સુસાકી અને ઓક્સાના લિવાચ જેવા વિશ્વસ્તરીય કુસ્તીબાજોને હરાવ્યા હતા. અયોગ્ય જાહેર થયા પછી, વજન ઘટાડવાના પ્રયત્નોને કારણે ગંભીર ડિહાઈડ્રેશનને કારણે તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. 8 ઓગસ્ટના રોજ વિનેશ ફોગાટે તેની નિવૃત્તિની જાહેરાત કરી અને કુસ્તીને અલવિદા કહ્યું.- ટોયોટા ફોર્ચ્યુનર જેની કિંમત આશરે રૂ. 35 લાખ છે, ટોયોટા ઈનોવા જેની કિંમત આશરે રૂ. 28 લાખ છે અને મર્સિડીઝ-બેન્ઝ જીએલઈ જેની કિંમત આશરે રૂ. 1.8 કરોડ છે.

**વિનેશ ફોગાટનું કરિયર અને સફળતા :** વિનેશ ફોગાટનો જન્મ 25 ઓગસ્ટ 1994ના રોજ હરિયાણાના ચરખી દાદરીમાં થયો હતો. તેના પિતા રાજપાલ ફોગાટના મૃત્યુ પછી, તેને તેના કાકા મહાવીર સિંહ ફોગાટે દત્તક લીધા અને તાલીમ આપી. વિનેશે 2018માં કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતીને ભારતીય કુસ્તીમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરોમાં નોંધાવ્યું હતું. તેના યોગદાન માટે, તેને 2020માં મેજર ધ્યાનચંદ ખેલ રત્ન, 2016માં અર્જુન પુરસ્કાર અને 2018માં પદ્મશ્રી પુરસ્કારથી નવાજવામાં આવી હતી.

**વિનેશ ફોગાટની નેટવર્થ :** મીડિયા રિપોર્ટ્સ મુજબ વિનેશ ફોગાટની અંદાજિત નેટવર્થ લગભગ 36.5 કરોડ રૂપિયા છે, જે તેનું સફળ કરિયર અને વિવિધ આવકના સ્ત્રોતોનું પરિણામ છે. તેમના માસિક પગારનો મોટો હિસ્સો યુવા બાબતો અને રમત મંત્રાલયમાંથી આવે છે, જે વાર્ષિક રૂ. 6 લાખની આસપાસ છે. આ સિવાય તે બેઝલાઈન વેન્ચર્સ અને કોર્નરસ્ટોન સ્પોર્ટ્સ જેવી કંપનીઓ માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પણ સારી કમાણી કરે છે. આ બધી સંપત્તિ તેની મહેનત અને સમર્પણનું પરિણામ છે.

### વિનેશ ફોગાટનું આલીશાન ઘર અને કારનું કલેક્શન

વિનેશ ફોગાટના લાઈફસ્ટાઈલમાં લક્ઝરીનું વિશેષ સ્થાન છે. રિપોર્ટ મુજબ હરિયાણામાં તેની પાસે કરોડોની કિંમતનો આલીશાન વિલા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### તણાવ વચ્ચે અમેરિકા ઈઝરાયલની મદદે આવ્યું, પરમાણુ સંચાલિત સબમરીન કરાઈ તૈનાત

ઈઝરાયલ પર ચારે તરફથી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. એક તરફ ઈરાન અને બીજી તરફ હિઝબુલ્લાહ. બન્ને સાથે મળીને ઈઝરાયલ પર હુમલો કરી શકે છે. આ કારણે અમેરિકાએ હવે પોતાના મિત્ર ઈઝરાયલને બચાવવા માટે એક મોટું પગલું ભર્યું છે. મિડલ ઈસ્ટમાં ઈઝરાયલના દુશ્મનોને એક સંદેશ ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે અમેરિકાએ પોતાની મિસાઈલ સબમરીનને મિડલ ઈસ્ટમાં તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. એવું માનવામાં આવે છે કે આ મિડલ ઈસ્ટમાં ઈઝરાયલના દુશ્મનોને એક સંદેશ છે કે ઈઝરાયલ એકલું નથી. તેમની સાથે વિશ્વની મહાસત્તા અમેરિકા ઉભું છે. અમેરિકાની ગાઈડેડ મિસાઈલ સબમરીનને મિડલ ઈસ્ટમાં તૈનાત રવિવારે પેન્ટાગને એક મોટી જાહેરાત કરી હતી. અમેરિકાના રક્ષામંત્રી લોયડ ઓસ્ટિનએ નિર્દેશ જાહેર કર્યો છે કે, ગાઈડેડ મિસાઈલ સબમરીનને મિડલ ઈસ્ટમાં તૈનાત કરવામાં આવે. અમેરિકાની આર્મીની સોશિયલ મીડિયા પોસ્ટ અનુસાર પરમાણુ સંચાલિત સબમરીન યુએસએસ જ્યોર્જિયા પહેલાથી જ જુલાઈમાં ભૂમધ્ય સમુદ્રમાં તૈનાત હતી. એવામાં સબમરીનની તૈનાતીની જાહેર જાહેરાત કરવી એ પોતાનામાં એક મોટી વાત છે હમાસ ચીફ ઈસ્માઈલ હાનિયા અને હિઝબુલ્લાહના ફુઆદ શુક્રની હત્યા બાદ આ વિસ્તારમાં ભારે તણાવ છે. માનવામાં આવી રહ્યું છે.

### હિન્દુઓ પર થતા હુમલા અંગે વચગાળાની સરકારનું પહેલું નિવેદન

હિન્દુ સમુદાયના લોકોએ હુમલાઓ વચ્ચે સુરક્ષાની કરી માગ બાંગ્લાદેશની નવી વચગાળાની સરકારનું કહેવું છે કે, તે હિન્દુઓ અને અન્ય ધાર્મિક લઘુમતીઓ પર હુમલા રોકવા માટે કામ કરી રહી છે. મીડિયા અહેવાલ અનુસાર વચગાળાના કેબિનેટે ગુરુવારે રાત્રે તેના સભ્યોના શપથ લીધા પછી રવિવારે પહેલું સત્તાવાર નિવેદનમાં કહ્યું કે, કેટલીક જગ્યાએ ધાર્મિક લઘુમતીઓ પરના હુમલાઓ ગંભીર ચિંતા સાથે જોવામાં આવ્યા છે. કેબિનેટે કહ્યું કે, તે આવા જઘન્ય હુમલાઓને ઉકેલવા માટે પ્રતિનિધિ સંસ્થાઓ અને અન્ય સંબંધિત જૂથો સાથે તરત જ બેઠક કરશે. મુહમ્મદ યુનુસ સોમવારે હિન્દુ વિદ્યાર્થીઓ અને યુવાનો સાથે કરશે બેઠક મીડિયા અહેવાલો અનુસાર બાંગ્લાદેશની વચગાળાની સરકારના નેતા મુહમ્મદ યુનુસ સોમવારે હિન્દુ વિદ્યાર્થીઓ અને યુવાનો સાથે હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ સામેના હુમલાને લઈને બેઠક કરી શકે છે. સંભવિત બેઠક વર્તમાન સંકટનો ઉકેલ લાવવા અને હિન્દુ સમુદાયની સુરક્ષા સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.મીડિયા અહેવાલ અનુસાર શેખ હસીનાએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપીને સોમવારે ભારત ભાગી ગયા બાદ બાંગ્લાદેશી હિન્દુઓ હિંસા અને લૂંટફાટનો સામનો કરી રહ્યા વડાપ્રધાન શેખ હસીનાની અવામી લીગ પાર્ટી સાથે જોડાયેલા ઓછામાં ઓછા બે હિન્દુ નેતાઓના હિંસામાં મોત થયા છે.

### પાકિસ્તાન બે નોકરી કરવા છતાં ઘર ચલાવવા લોકોએ લોન લેવી પડે છે

પાકિસ્તાનમાં સામાન્ય માણસે ઘર ચલાવવા બબ્બે નોકરી કરવી પડે છે અને તેમ છતાં લોન લેવી પડે તેવી સ્થિતિ છે. સરકારે એક આર્થિક યોજના તૈયાર કરી છે છતાં વધતું દેવું પાકિસ્તાનનો માથાનો દુખાવો વધારી રહ્યો છે. પાકિસ્તાનના 11 મોટા શહેરોમાં ગયા મહિને અને ચાલુ મહિને હજારો લોકોને આવરી લઈને સરવે કરાયો હતો. તેનાથી માલૂમ પડયું કે મે, 2023માં 60 ટકા લોકોને ઘર ચલાવવામાં તકલીફ પડી રહી હતી, જે આંકડો હવે વધીને 74 ટકા થઇ ગયો છે. 60 ટકા લોકોએ ઘરખર્ચમાં કાપ મૂકવો પડયો છે જ્યારે 40 ટકા લોકો ઉધાર લઇને ઘર ચલાવી રહ્યા છે. 10 ટકા લોકોએ ઘર ચલાવવા પાર્ટ ટાઈમ નોકરી કરવાનું શરૂ કરી દીધું છે. જમિયત ઉલેમા-એ-ઇસ્લામ-ફઝલ (JUI-F)ના વડા મૌલાના ફઝલુર રહેમાને એક ખેડૂત સંમેલનને સંબોધતા જણાવ્યું હતું કે શેહબાઝ શરીફની સરકાર પાકિસ્તાનના અર્થતંત્રને પુનર્જીવિત કરવામાં નિષ્ફળ રહી છે. 56% લોકો કોઈ બચત કરી શકતા નથી પાકિસ્તાનના 56 ટકા લોકો કોઇ જ બચત કરી શકતા નથી.

### આ શખ્સના પરાક્રમોનો વર્લ્ડ રેકોર્ડ જાણીને ચોંકશો

ઘણી જહેમત બાદ ગીનીસ બુકનો હિસ્સો બનવાની તક માત્ર થોડા જ લોકોને મળે છે. પરંતુ એક વ્યક્તિએ ગિનિસ બુકમાં પોતાનું નામ લખાવવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. આ વ્યક્તિએ 250 થી વધુ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ તોડ્યા છે. હાલમાં જ આ વ્યક્તિએ એક દિવસમાં 15 ગિનીસ વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યા છે. ડેવિડ રશે સૌને ચોંકાવ્યા અમેરિકાના ઈડાહોમાં રહેતા ડેવિડ રશે એક દિવસની અંદર 15 ગિનીજ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ પ્રાપ્ત કર્યા છે. ત્યારબાદ ડેવિડ 250થી વધુ વખત ગિનીજ બુકમાં નામ નોંધાવી ચુક્યા છે. ગિનીજ વર્લ્ડ રેકોર્ડ્સના અધિકારી ડેવિડથી ઘણા પ્રભાવિત છે. તેઓએ કોઈપણ મહેનત વગર આટલા વર્લ્ડ રેકોર્ડ તોડયા છે. રેકોર્ડ બ્રેકર ડેવિડ રશના જણાવ્યા પ્રમાણે તમામ વર્લ્ડ રેકોર્ડ બનાવવા પર તેઓ પણ નવાઈ પામ્યા છે. ડેવિડ15 નવા વર્લ્ડ રેકોર્ડની સત્તાવાર પુષ્ટિની વાટ જોઈ રહ્યા છે. બાળપણમાં આપણે બધાએ કાગળના એરોપ્લેન બનાવ્યા હશે અને તેને ઉડાડ્યા હશે. ડેવિડે પ્લેન બનાવ્યું અને તેને માત્ર 5.12 સેકન્ડમાં ઉડાડ્યું.

---

### ઓસ્ટ્રેલિયામાં 10 હજાર ફૂટની ઊંચાઈથી હેલિકોપ્ટર પડ્યું, છત સાથે અથડાતા જોરદાર વિસ્ફોટ થયો

# બહાદુર પાયલટ! પોતાનો જીવ આપી 400નાં જીવ બચાવ્યા



(એજન્સી) ઓસ્ટ્રેલિયા તા 12

દેશ અને દુનિયામાં દરરોજ પ્લેન અને હેલિકોપ્ટર ક્રેશની ઘટનાઓ બની રહી છે. આજે ફરી એક હેલિકોપ્ટર ક્રેશ થયું છે. આ અકસ્માત ઓસ્ટ્રેલિયામાં થયો હતો અને હેલિકોપ્ટર 10 હજાર ફૂટની ઊંચાઈથી અચાનક હોટલની છત પર પડી ગયું હતું. છત પર પડતાની સાથે જ હેલિકોપ્ટરમાં આગ લાગી હતી, જેમાં પાયલટનું મૃત્યુ થયું હતું, પરંતુ પાયલટે પોતાનો જીવ ગુમાવીને 400 લોકોનો જીવ બચાવ્યો હતો, કારણ કે તેણે હેલિકોપ્ટર ક્રેશ થવાની સંભાવના વિશે એટીસી અધિકારીઓને પહેલેથી જ જાણ કરી દીધી હતી, જેમણે પોલીસને જાણ કરી હતી અને પોલીસ સમયસર અકસ્માત સ્થળે પહોંચી હતી. હેલિકોપ્ટર હોટલની છત સાથે અથડાયું કે તરત જ જોરદાર વિસ્ફોટ થયો અને અવાજ સંભળાતા જ હોટલનું ઈમરજન્સી એલાર્મ વાગવા લાગ્યું. પોલીસ અને હોટલના સુરક્ષાકર્મીઓએ તાકીદે આખી હોટલને ખાલી કરાવી હતી. લગભગ 400 લોકોને બચાવી લેવાયા છે. જ્યારે લોકોએ પોતાની આંખથી હેલિકોપ્ટરને આકાશમાંથી પડતું અને સળગતું જોયું તો તેમનામાં ભયનો માહોલ સર્જાયો હતો.

#### પ્રોપેલર તૂટવાને કારણે હેલિકોપ્ટર ક્રેશ થયું

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હેલિકોપ્ટર ઓસ્ટ્રેલિયાના કેર્ન્સ શહેરમાં હિલ્ટનની ડબલ ટ્રી હોટેલની છત પર પડ્યું હતું. ક્વીન્સલેન્ડ પોલીસના જણાવ્યા અનુસાર, હેલિકોપ્ટરમાં આગ લાગવાને કારણે પાયલટનું મોત થયું હતું. હેલિકોપ્ટરમાં સવાર અન્ય એક વ્યક્તિનું પણ મોત થયું હતું. આ અકસ્માતમાં હેલિકોપ્ટરના બે પ્રોપેલર તૂટી ગયા હતા. પવનના દબાણને કારણે પ્રોપેલર્સ તૂટી ગયા હોઈ શકે છે, જેના કારણે હેલિકોપ્ટરે તેનું સંતુલન ગુમાવી દીધું અને હોટલની છત પર પડી ગયું.

#### મહેમાનોને બચાવીને અન્ય હોટલોમાં શિફ્ટ કર્યા

ઈમરજન્સી ટીમ ઘટનાસ્થળે પહોંચી અને હોટલમાં રોકાયેલા મહેમાનોને બચાવીને અન્ય હોટલોમાં શિફ્ટ કર્યા. હોટલ સ્ટાફ સહિત લગભગ 400 લોકોને બચાવી લેવાયા હતા. અકસ્માતમાં માર્યા ગયેલા બંને લોકોનાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. કેઈર્ન્સ ઓસ્ટ્રેલિયામાં એક પર્યટન સ્થળ છે. દરરોજ હજારો પ્રવાસીઓ આ શહેરની મુલાકાતે આવે છે.

**લોકોએ બોમ્બ વિસ્ફોટ જેવો ધડાકો સાંભળ્યો :** ક્વીન્સલેન્ડ એમ્બ્યુલન્સ સર્વિસ (QAS) અનુસાર છત સાથેની અસરને કારણે હેલિકોપ્ટરના બે રોટર બ્લેડ તૂટી ગયા અને એસ્પ્લેનેડ અને હોટલના પૂલમાં પડ્યા. હોટલના પ્રવક્તા કેટલિન ડેનિંગ્સે મીડિયાને જણાવ્યું હતું કે બોમ્બ વિસ્ફોટ જેવો અવાજ આવ્યો હતો અને આગની જ્વાળાઓ જોઈ હતી. કાન ફાડી નાખતો જોરદાર વિસ્ફોટ થયો. હેલિકોપ્ટરની રોટર બ્લેડ જમીન પર પડેલી જોવા મળી હતી. લોકો તેને લેમ્પ પોસ્ટ સમજી ગયા હતા. પછી જ્યારે મેં ઉપર જોયું તો મને બિલ્ડિંગની બારીમાં એક મોટું કાણું દેખાયું. ઓસ્ટ્રેલિયન ટ્રાન્સપોર્ટ સેફ્ટી બ્યુરો અનુસાર, હોટલની આસપાસના રસ્તાઓ કોર્ડન કરી લેવામાં આવ્યા છે અને પોલીસે કટોકટીની સ્થિતિ જાહેર કરી છે.

---

## યુક્રેનની સેના રશિયામાં 30 કિમી અંદર ઘૂસી, ધ્વજ ફરકાવ્યો:250 ચોરસ કિમી વિસ્તાર કબજે કર્યો

(એજન્સી)યુક્રેન તા 12

યુક્રેનની સેના રશિયાની અંદર 30 કિમી સુધી ઘૂસી ગઈ છે. CNNના રિપોર્ટ અનુસાર, ફેબ્રુઆરી 2022માં યુદ્ધ શરૂ થયા બાદ આ પ્રથમ વખત છે જ્યારે યુક્રેનની સેના રશિયાની અંદર હુમલો કરી રહી છે. શુક્રવાર સુધીમાં, રશિયાએ યુક્રેનિયન સરહદ સાથેનો ઓછામાં ઓછો 250 ચોરસ કિલોમીટરનો વિસ્તાર ગુમાવ્યો છે. યુક્રેનની સેનાનું આગામી લક્ષ્ય રશિયન શહેર સુદજા છે. સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો વાયરલ થયા છે જેમાં યુક્રેનના સૈનિકો ઈમારતો પરના રશિયન ધ્વજને હટાવીને તેના સ્થાને તેમના દેશનો ધ્વજ લગાવી રહ્યા છે. રશિયા યુક્રેનના હુમલાને રોકવા માટે શક્ય તમામ પ્રયાસો કરી રહ્યું છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેના સૈનિકોએ ટોલપિનો અને ઓબ્શ્ચી કોલોડ્ઝના રશિયન ગામોમાં યુક્રેનિયન સૈનિકો સાથે લડ્યા હતા. કુર્સ્ક ન્યુક્લિયર પ્લાન્ટ નજીક લડાઈ ચાલી રહી રશિયાના કુર્સ્ક વિસ્તારમાં છઠ્ઠા દિવસે પણ યુક્રેનિયન હુમલો ચાલુ છે. રશિયાએ 8 ઓગસ્ટે જ આ વિસ્તારમાં ઈમરજન્સી લાદી દીધી હતી. રિપોર્ટ અનુસાર,



યુક્રેનની સેનાએ માત્ર 24 કલાકમાં કુર્સ્ક ક્ષેત્રમાં બે મુખ્ય કિલ્લેબંધી લાઈનોને નષ્ટ કરી દીધી, જેને બનાવવામાં રશિયાને અઢી વર્ષથી વધુ સમય લાગ્યો અને 170 મિલિયન ડોલર (લગભગ 14 હજાર કરોડ)થી વધુનો ખર્ચ થયો હતો. રશિયન વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝખારોવાએ રવિવારે કહ્યું કે રશિયન સેના તરફથી યોગ્ય જવાબ આપવામાં આવશે. ઝખારોવાએ કહ્યું કે તે યુક્રેનિયનો આતંકવાદી હુમલાની નિંદા કરે છે. તેનો હેતુ રશિયન નાગરિકોને મારવાનો, તેમને ડરાવવાનો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નાશ કરવાનો છે. જે વિસ્તારમાં લડાઈ ચાલી રહી છે તે કુર્સ્ક ન્યુક્લિયર પ્લાન્ટ પાસે છે. આ પાવર પ્લાન્ટ રશિયાના સૌથી મોટા પરમાણુ પ્લાન્ટમાંથી એક છે. ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી (IAEA)ના ચીફ રાફેલ ગ્રોસીએ કહ્યું છે કે પરમાણુ દુર્ઘટનાઓને રોકવા માટે પ્રયત્નો કરવા જોઈએ. જો કોઈ અકસ્માત થાય તો તેના ગંભીર પરિણામો આવશે.યુક્રેનની સેના 6 ઓગસ્ટે કુર્સ્ક વિસ્તારમાં ઘુસી હતી. રશિયાએ દાવો કર્યો હતો કે ટેન્ક અને આર્ટિલરીથી સજ્જ લગભગ 1,000 યુક્રેનિયન સૈનિકો મંગળવારે કુર્સ્કમાં ઘુસ્યા હતા. રશિયાની અંદર યુક્રેનિયન સૈનિકોની તસવીરો અને વીડિયો સામે આવ્યા પછી પણ યુક્રેનના અધિકારીઓએ રશિયન સરહદ પાર કરવા અંગે મૌન સેવ્યું હતું.રવિવારે, ઝેલેન્સકીએ એક વીડિયો જાહેર કર્યો જેમાં સ્વીકાર્યું કે યુક્રેન રશિયન પ્રદેશ પર આક્રમણ કર્યું છે. તેમણે કહ્યું કે હુમલાઓ કર્યા. અમે રશિયાને કહેવા માંગીએ છીએ કે અમે પણ જવાબ આપી શકીએ છીએ. તેમણે કહ્યું કે યુક્રેન ન્યાય માટે લડી રહ્યું છે. તેણે યુક્રેનના સૈનિકોનો પણ આભાર માન્યો હતો.

## હસીનાએ કહ્યું- બાંગ્લાદેશીઓના જીવ બચાવવા રાજીનામું આપ્યું

(એજન્સી) બાંગ્લાદેશ તા 12

બાંગ્લાદેશના વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યાના છ દિવસ બાદ શેખ હસીનાએ કહ્યું છે કે અમેરિકાને સેન્ટ માર્ટિન આઈલેન્ડ ન આપવાને કારણે તેમની સરકાર પડી ગઈ છે. ઈકોનોમિક ટાઈમ્સ અનુસાર, હસીનાએ તેના નજીકના સહયોગીઓને કહ્યું, 'હું કટ્ટરવાદી હિંસાને કારણે મૃત્યુઆંક વધવા દેવા માગતી ન હતી. તેઓ વિદ્યાર્થીઓના મૃતદેહો દ્વારા સત્તા મેળવવા માગતા હતા. પરંતુ મેં પદ છોડીને આવું ન થવા દીધું. હસીનાએ કહ્યું, 'હું સેન્ટ માર્ટિન આઈલેન્ડ અને બંગાળની ખાડીને અમેરિકન નિયંત્રણમાં આપીને મારી ખુરસી બચાવી શકી હોત. હું દેશવાસીઓને કટ્ટરવાદીઓથી ગેરમાર્ગે ન આવવાની અપીલ કરું છું. અલ્લાહની કૃપાથી હું ટૂંક સમયમાં બાંગ્લાદેશ પરત ફરીશ.' વિદ્યાર્થીઓના આંદોલન વિશે વાત કરતા હસીનાએ કહ્યું, 'મેં તેમને ક્યારેય રઝાકર નથી કહ્યા. દેશમાં અસ્થિરતા લાવવા માટે મારા શબ્દોનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો છે. બાંગ્લાદેશના લોકોની નિર્દોષતાનો લાભ લઈને આ ષડયંત્ર રચવામાં આવ્યું છે.' રાજીનામા બાદ આ પહેલીવાર છે જ્યારે હસીનાએ આ મામલે કોઈ નિવેદન આપ્યું છે. અગાઉ જૂન 2021માં બંગાળી અખબારોમાં દાવો કરવામાં આવ્યો હતો કે અમેરિકા બાંગ્લાદેશ પાસેથી સેન્ટ માર્ટિન ટાપુની માગ કરી રહ્યું છે. તે અહીં મિલિટ્રી બેઝ બનાવવા માગે છે. આ પછી બાંગ્લાદેશ વર્કર્સ પાર્ટીના અધ્યક્ષ રાશિદ ખાન મેનને પણ સંસદમાં કહ્યું કે અમેરિકા સેન્ટ માર્ટિન દ્વીપને હસ્તગત કરવા માગે છે અને તેમના પર ક્વાડનો સભ્ય બનવા માટે દબાણ કરી રહ્યું છે.બાંગ્લાદેશની મચાવનાર સેન્ટ માર્ટિન આઈલેન્ડ માત્ર 3 ચોરસ કિમીનો ટાપુ છે. મ્યાનમારથી તેનું અંતર માત્ર 5 માઈલ છે. જૂન 2023માં પીએમ હસીનાએ કહ્યું હતું.

## 'અમેરિકા વિશે માતાએ કોઇ ટિપ્પણી નથી કરી':હસીનાના દીકરાનો જવાબ

બાંગ્લાદેશ તા 12

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના પુત્ર સાજીબ વાજેદ જોયે દાવો કર્યો છે કે તેમની માતાએ તેમના રાજીનામા સંબંધિત કોઈ નિવેદન આપ્યું નથી. જોયે સોશિયલ મીડિયા પર લખ્યું છે કે તેમની માતાના નામે એક અખબારમાં જારી કરાયેલું નિવેદન સંપૂર્ણપણે ખોટું અને બનાવટી છે. જોયે કહ્યું, "મેં મમ્મી સાથે વાત કરી છે. તેમણે કહ્યું કે ઢાકા છોડ્યા પહેલા કે પછી આવું કોઈ નિવેદન આપ્યું નથી. હકીકતમાં, એક અહેવાલ અનુસાર, શેખ હસીનાએ તેમના નજીકના સહયોગીઓ દ્વારા મીડિયાને મોકલેલા સંદેશમાં દાવો કર્યો હતો કે તેમને સત્તા પરથી હટાવવામાં અમેરિકાનો હાથ હતો. અખબારના દાવા મુજબ હસીનાએ કહ્યું હતું કે તે સેન્ટ માર્ટિન આઈલેન્ડ અને બંગાળની ખાડીને અમેરિકન નિયંત્રણમાં આપીને પોતાનું સ્થાન બચાવી શક્યાં હોત. હવે હસીનાના પુત્રએ આ દાવાને ખોટો ગણાવ્યો છે. જૂન 2023માં પીએમ હસીનાએ કહ્યું હતું કે જો વિપક્ષી બીએનપી પાર્ટી સત્તામાં આવશે તો તેઓ સેન્ટ માર્ટિનને વેચી દેશે.ટાપુ મેળવવા માટે અમેરિકા પર દબાણ કરવાનો આરોપ અગાઉ જૂન 2021માં બંગાળી અખબારોમાં દાવો કરવામાં આવ્યો હતો કે અમેરિકા બાંગ્લાદેશ પાસેથી સેન્ટ માર્ટિન ટાપુની માગ કરી રહ્યું છે. તે અહીં મિલિટ્રી બેઝ બનાવવા માગે છે. આ પછી બાંગ્લાદેશ વર્કર્સ પાર્ટીના અધ્યક્ષ રાશિદ ખાન મેનને પણ સંસદમાં કહ્યું કે અમેરિકા સેન્ટ માર્ટિન દ્વીપને હસ્તગત કરવા માગે છે અને તેમના પર ક્વાડનો સભ્ય બનવા માટે દબાણ કરી રહ્યું છે.સેન્ટ માર્ટિન આઈલેન્ડ, જેને લઈને બાંગ્લાદેશની રાજનીતિમાં ખૂબ જ ખળભળાટ મચી ગયો છે, તે માત્ર 3 ચોરસ કિલોમીટરનો ટાપુ છે. મ્યાનમારથી તેનું અંતર માત્ર 5 માઈલ છે. ઢાકા ટ્રિબ્યુન અનુસાર, આ ટાપુ 18મી સદીમાં આરબ વેપારીઓ દ્વારા બનાવવામાં આવ્યો હતો. તેમણે તેનું નામ 'જઝીરા' રાખ્યું. આ પછી બ્રિટિશ સરકારે તેને કબજે કરી લીધો.

## પશ્ચિમ-એશિયામાં મહાસંગ્રામના એંધાણ..! દરિયાઇ હુમલો કરવાની બનાવી યોજના

(એજન્સી) ઈઝરાયેલ તા 12

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના તણાવને જોતા અમેરિકાએ એક મોટું પગલું ભર્યું છે. અમેરિકા કોઈપણ પરિસ્થિતિમાં ઈઝરાયેલને મદદ કરવા માટે પ્રતિબદ્ધ છે, તેથી તેણે પશ્ચિમ એશિયામાં મિસાઈલ ગાઈડેડ સબમરીન મોકલવાનો આદેશ આપ્યો છે. અમેરિકાના સંરક્ષણ મંત્રી લોયડ ઓસ્ટીને પશ્ચિમ એશિયામાં મિસાઈલ ગાઈડેડ સબમરીન મોકલવાનો આદેશ આપ્યો છે અને 'યુએસએસ અબ્રાહમ લિંકન' એરક્રાફ્ટ કેરિયર 'સ્ટ્રાઈક ગ્રુપ'ને આ વિસ્તાર તરફ ઝડપથી આગળ વધવા માટે નિર્દેશ આપ્યો છે. આ માહિતી અમેરિકી રક્ષા મંત્રાલયે આપી છે. ઓસ્ટીને આ આદેશ એવા સમયે જારી કર્યા છે જ્યારે અમેરિકા અને તેના સહયોગી ઈઝરાયેલ અને હમાસ તેહરાનમાં હમાસના નેતા ઈસ્માઈલ હાનિયા અને બેરૂતમાં મુખ્ય હિઝબુલ કમાન્ડર ફૌદ શુકુરની હત્યા બાદ ક્ષેત્રમાં વધી રહેલા તણાવને ઘટાડવાના પ્રયાસો કરી રહ્યા છે સમાધાન સુધી પહોંચવા માટે. અધિકારીઓને આ હત્યાઓ પછી ઈરાન અને હિઝબુલ્લાહ તરફથી જવાબી હુમલાનો ડર છે. આ કારણે અમેરિકા પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં પોતાની સૈન્ય હાજરી વધારી રહ્યું છે. અમેરિકી સંરક્ષણ મંત્રાલયના મુખ્યાલય પેન્ટાગોનના પ્રેસ સેક્રેટરી મેજર જનરલ પેટ રાયડરે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઓસ્ટિને ઈઝરાયેલના સંરક્ષણ મંત્રી યોવ ગાલાન્ટ સાથે વાત કરી હતી અને ઈઝરાયેલની રક્ષા માટે દરેક સંભવિત પગલા ભરવાની અમેરિકાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

## બાંગ્લાદેશી હિન્દુઓ સામે હિંસા, કેનેડામાં વિરોધ પ્રદર્શન:હજારો હિંદુઓ રસ્તા પર ઉતર્યા

(એજન્સી) બાંગ્લાદેશ તા 12

બાંગ્લાદેશમાં હિંસક વિરોધ વચ્ચે હિંદુઓ અને અન્ય લઘુમતીઓ વિરુદ્ધ હિંસા ચાલુ છે. આ હિંસા સામે 11 ઓગસ્ટ રવિવારે હજારો હિંદુઓએ કેનેડામાં રસ્તાઓ પર વિરોધ પ્રદર્શન કર્યું હતું. હિંદુઓ ઉપરાંત ખ્રિસ્તી અને યહૂદી સમુદાયના લોકોએ પણ આ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો.

કેનેડાના શહેર ટોરોન્ટોમાં વિરોધ પ્રદર્શન દરમિયાન લોકોએ કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડો પાસે હિન્દુઓની સુરક્ષા માટે બાંગ્લાદેશની વચગાળાની સરકાર પર દબાણ લાવવાની માગ કરી હતી. અમેરિકા અને બ્રિટનમાં વિરોધ પ્રદર્શન બાંગ્લાદેશમાં હિંદુઓ સામેની હિંસા સામે 10 ઓગસ્ટ, શનિવારે અમેરિકા અને બ્રિટનમાં વિરોધ પ્રદર્શનો થયા હતા. ન્યૂયોર્ક, અમેરિકા અને લંડન, બ્રિટનમાં સેંકડો હિંદુઓએ વિરોધ કર્યો.




હિંદુઓ પરના હુમલાના વિરોધમાં બ્રિટનના સંસદ હાઉસની બહાર પણ મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. તેઓએ 'હિન્દુ લાઈફ મેટર્સ' ના નારા લગાવ્યા. માનવાધિકાર સંગઠનોના સભ્યો સહિત ઘણા લોકોએ આ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આ સિવાય શનિવારે પણ ઘણા લોકોએ સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. શેખ હસીનાએ દેશ છોડ્યો ત્યારથી બાંગ્લાદેશમાં હિન્દુઓના ઘરો, મંદિરો અને દુકાનોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. બાંગ્લાદેશના 52 જિલ્લામાં હિંદુઓ પર 205 હુમલા બાંગ્લાદેશમાં હિંસા વચ્ચે હિન્દુ સમુદાય પર હુમલા વધી રહ્યા છે. અત્યાર સુધીમાં 52 જિલ્લામાં હિંદુઓ પર હુમલાના 205 કેસ નોંધાયા છે. શનિવારે બાંગ્લાદેશના વચગાળાના સરકારના વડા મોહમ્મદ યુનુસે તેની નિંદા કરી હતી. તેમણે કહ્યું, લઘુમતીઓ પર હુમલા એ જઘન્ય અપરાધ છે. બાંગ્લાદેશમાં રહેતા હિન્દુ, ખ્રિસ્તી અને બૌદ્ધ સમુદાયના લોકોની સુરક્ષા કરવી દેશના યુવાનોની ફરજ છે. બાંગ્લાદેશની બેગમ રોકેયા યુનિવર્સિટીને સંબોધતા યુનુસે કહ્યું, વિદ્યાર્થીઓએ આ દેશને બચાવ્યો છે. શું તેઓ લઘુમતીઓનું રક્ષણ કરી શકતા નથી. તેઓ પણ આપણા દેશના નાગરિક છે.

---

### પૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની કેમ્પેઈન ટીમ( ચૂંટણી ટીમ )એ દાવો કર્યો છે કે તેમની આંતરિક વાતચીત

# ટ્રમ્પના ચૂંટણી કેમ્પેઇન પર ઈરાની હેકર્સનો હુમલો:ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર વેન્સ સંબંધિત માહિતીની ચોરી



(અજન્સી)અમેરિકા તા 12

પૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની કેમ્પેઈન ટીમ(ચૂંટણી ટીમ)એ દાવો કર્યો છે કે તેમની આંતરિક વાતચીત, આયોજન સંબંધિત માહિતી અને દસ્તાવેજો હેક કરવામાં આવ્યા છે. કેમ્પેઈન મુજબ આ હેકિંગની ઘટના ઈરાની હેકર્સ દ્વારા કરવામાં આવી હતી.

અમેરિકન ન્યૂઝ વેબસાઈટ પોલિટિકોએ શનિવારે માહિતી આપી હતી કે ટ્રમ્પના પ્રચાર કાર્યક્રમ સાથે સંબંધિત અંગત દસ્તાવેજો ઈમેલ દ્વારા તેમને મોકલવામાં આવ્યા છે. આમાં રિપબ્લિકન પાર્ટીના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર વેન્સ વિશેના પક્ષના સંશોધનને લગતી માહિતીનો પણ સમાવેશ થાય છે. ટ્રમ્પના અભિયાન સાથે જોડાયેલા એક પ્રવક્તાએ ન્યૂઝ વેબસાઈટ બીબીસીને જણાવ્યું કે આ દસ્તાવેજો અમેરિકાના દુશ્મન દેશ દ્વારા 2024ની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં હસ્તક્ષેપ કરવાના ઉદ્દેશ્યથી ચોરી કરવામાં આવ્યા હતા. ન્યૂઝ વેબસાઈટ પોલિટિકોએ આ દસ્તાવેજોની ચકાસણી કરવાનો દાવો કર્યો છે. નિવેદન- ટ્રમ્પને રોકવા માટે ષડયંત્ર રચાયું

ડોનાલ્ડ ટ્રમ્પની પાર્ટીના પ્રવક્તા સ્ટીવન ચેયુંગે કહ્યું કે ઈરાન ટ્રમ્પને ફરીથી રાષ્ટ્રપતિ બનતા રોકવા માગે છે. સ્ટીવનના મતે, જો ટ્રમ્પ સત્તામાં પાછા આવશે તો તેઓ ઈરાનની આતંકવાદી ગતિવિધિઓને રોકશે, જેમ કે તેમણે અગાઉના કાર્યકાળમાં કર્યું હતું. સ્ટીવને કહ્યું કે હેન્કિંગનો સમય રિપબ્લિકન પાર્ટીના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જેડી વેન્સની પસંદગી સાથે જોડાયેલો છે. ન્યૂઝ વેબસાઈટ પોલિટિકોએ અહેવાલ આપ્યો છે કે તેમને 22 જુલાઈના રોજ એક મેઈલ મળ્યો હતો. આ મેલમાં 271 પેજના ડોક્યુમેન્ટમાં વેન્સ સંબંધિત માહિતી મોકલવામાં આવી હતી. ઓહિયોના સેનેટર જેમ્સ ડેવિડ વેન્સને જુલાઈમાં રિપબ્લિકન પાર્ટીના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા. ઓહિયોના સેનેટર જેમ્સ ડેવિડ વેન્સને જુલાઈમાં રિપબ્લિકન પાર્ટીના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા. માઈક્રોસોફ્ટે કહ્યું- ઈરાની હેકર્સ નિશાને છે

ટ્રમ્પના પ્રચાર નિવેદનના એક દિવસ પહેલા શુક્રવારે સોફ્ટવેર કંપની માઈક્રોસોફ્ટે એક રિપોર્ટ જાહેર કર્યો હતો. આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે જૂન મહિનામાં ઈરાની હેકર્સ દ્વારા ટ્રમ્પના ચૂંટણી અભિયાનને ટ્રમ્પના અભિયાનને ફિશિંગ ઈમેલ મોકલવામાં આવ્યોહતો. છેલ્લા કેટલાક મહિનામાં ઈરાની હેકર્સ દ્વારા કરવામાં આવેલા હેકિંગ હુમલાઓની સંખ્યામાં વધારો થયો છે. માઈક્રોસોફ્ટે પણ 2020માં આવો જ રિપોર્ટ જાહેર કર્યો હતો. એવું કહેવામાં આવ્યું હતું કે ઈરાની હેકર્સ દ્વારા યુએસ પ્રમુખપદની ચૂંટણીમાં ટ્રમ્પના અભિયાનને પ્રભાવિત કરવા માટે ષડયંત્ર રચવામાં આવ્યું હતું.

## નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સિદ્ધિ

ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીએ (NFSU) એક સભ્ય તરીકે INTERPOL ગ્લોબલ એકેડેમી નેટવર્કમાં સત્તાવાર રીતે જોડાઈને આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવા અને વૈશ્વિક સ્તરે ફોરેન્સિક શ્રેષ્ઠ પ્રેક્ટિસને પ્રોત્સાહન આપવાના તેના પ્રયાસોને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. એટલું જ નહીં, ભારતની સૌપ્રથમ હાયર એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂટશાન (HEI) બનીને ઈતિહાસ રચ્યો છે. આ પગલું પ્રાદેશિક અને વૈશ્વિક પોલીસ ક્ષમતાને વધારવામાં મદદ કરશે.

## ગાંધીનગર મનપાની સામાન્ય સભા યોજાઇ

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની આજે મળેલી સામાન્ય સભામાં સરકારની મંજૂરી વિનાની 10 સમિતિઓની રચવાનો મુદ્દો મોકૂફ રાખવાનો નિર્ણય કરાયો છે. એ સિવાય નીતિ વિષયક નિર્ણયોને બહાલી આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, અગાઉની સાત સમિતિની દરખાસ્ત સરકારમાં મંજૂરી અર્થે પેન્ડીંગ છે. એવામાં નવી વધુ ત્રણ સમિતિ સાથે 10 સમિતિના હોદેદારોની નિમણૂંકની જાહેરાત પણ કરી દેવાઈ હતી. જો કે આજની સભામાં નવી સમિતિના નિર્ણયને મોકૂફ રાખવામાં આવ્યો છે.

## લહેરા દો.. તિરંગાના સંગે જામ્યો રાષ્ટ્રભક્તિનો જનસાગર...

# નાગરિકોના રાષ્ટ્રપ્રેમની ભાવનાથી "હર ઘર તિરંગા" બન્યું મહાઅભિયાન

### • દેશના સ્વાભિમાનના પ્રતિક સમા તિરંગાને ઘરે-ઘરે લહેરાવીને રાષ્ટ્રભક્તિના રંગે રંગાવાનું ગૃહ રાજ્યમંત્રી શ્રી સંઘવીનું આહવાન

(એજન્સી) અમદાવાદ । તા.12

સ્વાતંત્ર્ય પર્વની આન, બાન, શાનથી ઉજવણીની તૈયારીઓ વચ્ચે સોમવારની સંધ્યાએ વડોદરામાં ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની અધ્યક્ષતામાં નીકળેલી ભવ્યાતિભવ્ય તિરંગા યાત્રામાં અનેરો થનગનાટ અને અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. અખંડ ભારતની એકતાના યશગાન ગાતી આ 'તિરંગા યાત્રા' માં હર્ષ સંઘવી સાથે વિધાનસભાના મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુક્લ અને સાંસદ ડો. હેમાંગભાઈ જોષી સહભાગી થયા હતા. તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવતા પહેલા તિરંગાને શાનથી લહેરાવતા વડોદરાવાસીઓના અદમ્ય ઉત્સાહને વંદન કરીને ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, આઝાદીના અમૃતકાળમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાનથી હર ઘર તિરંગાનું રાષ્ટ્રવ્યાપી અભિયાન ચાલી રહ્યું છે. સમગ્ર દેશમાં જ્યાં જુઓ ત્યાં ચારેય દિશામાં તિરંગો લહેરાઈ રહ્યો છે. ગુજરાતના ખૂણે-ખૂણે યોજાયેલી તિરંગા યાત્રામાં ઉત્સાહભેર જોડાતા લોકજુવાળને હું વંદન કરું છું, તેમ શ્રી સંઘવીએ જણાવ્યું હતું. વડોદરાની ભવ્યાતિભવ્ય તિરંગા યાત્રાના આ દ્રશ્યો દેશના ખૂણે-ખૂણે દેશભક્તિ માટે પ્રેરણા પૂરી પાડશે.







### ખેડાના નડિયાદમાં ૧૦૦૦ મીટર લંબાઈના અને કચ્છના ગાંધીધામ ખાતે 300 મીટર લંબાઈના રાષ્ટ્રધ્વજ સાથે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ

નડિયાદ : રાષ્ટ્રવ્યાપી "હર ઘર તિરંગા" અભિયાનને ગુજરાતના નાગરિકોએ મહાભિયાન બનાવી લીધું છે. હર ઘર તિરંગા અભિયાન ૭૮માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સમગ્ર ગુજરાત રાજ્ય ત્રિરંગાના રંગે રંગાયું છે.મહેસાણા જિલ્લાના વિસનગર ખાતે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, જામનગર જિલ્લાના જોડીયા તાલુકામાં કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ, રાજકોટ જિલ્લાના જસદણ ખાતે જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા, દેવભૂમિ દ્વારકાના ભાણવડ ખાતે પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા તેમજ અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે રાજ્ય મંત્રી શ્રી ભીખુસિંહ પરમાર હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત યોજાયેલી તિરંગા યાત્રામાં સહભાગી થયા હતા. ભરૂચ જિલ્લામાં યોજાતી તિરંગા યાત્રામાં બહોળી સંખ્યામાં સહભાગી થવા ભરૂચવાસીઓને રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે અપીલ કરી હતી.

### ડ્રગ્સના દૂષણ સામે લડવા માટે સંકલ્પબદ્ધ કર્યા

ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ સૌને જવાબદાર નાગરિક તરીકે ડ્રગ્સના દૂષણ સામે લડવા માટે સંકલ્પબદ્ધ કર્યા હતા. ડ્રગ્સ સામે ગુજરાત સરકાર મક્કમતાથી યુદ્ધ લડી રહી છે, ત્યારે છેલ્લા ૧૦ દિવસમાં રૂ. ૮૫૦ કરોડનું ડ્રગ્સ ગુજરાત પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યું છે. વડોદરાના ખૂણે-ખૂણેથી ડ્રગ્સને દૂર કરીશું, તેમ મક્કમભેર જણાવી ગૃહ રાજ્યમંત્રીશ્રીએ ડ્રગ્સના દૂષણ વિરૂદ્ધની લડાઈમાં સહભાગી થવા નાગરિકોને અપીલ કરી હતી. વડોદરાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ વડોદરાના વિકાસ માટે પ્રતિબદ્ધ છે, તેમ કહી શ્રી સંઘવીએ વડોદરાને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ મળે તે માટે જનપ્રતિનિધિઓના પ્રયાસની સરાહના કરી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે, વડોદરાના લોકપ્રતિનિધિઓ જ્યારે મુખ્યમંત્રીશ્રીને મળવા આવે છે અથવા સચિવાલયની મુલાકાતે આવે છે, ત્યારે વડોદરાની પ્રજા માટે કંઈને કંઈક લઈને જાય છે. કાશ્મીરમાં આતંકવાદીના ઘરે પણ આજે આન, બાન, શાનથી તિરંગો લહેરાય છે, તેમ ગૌરવસહ જણાવી તેમણે સૈનિકો, પૂર્વ સૈનિકો અને બહાદુર જવાનોને નમન કર્યા હતા.

## સિટી ન્યૂઝ

### મહત્વપૂર્ણ નિર્ણય : ઉત્તર ગુજરાતના 4 જિલ્લાના 952 તળાવો નર્મદાના પાણીથી ભરાશે

અમદાવાદ | નર્મદા બંધના ઉપરવાસમાં થયેલા વ્યાપક વરસાદને પરિણામે સરદાર સરોવર બંધમાં પાણીનો આવરો વધ્યો છે, તેમાંથી આ પાણી ઉત્તર ગુજરાતના તળાવોમાં પહોંચાડવામાં આવશે. જુદી જુદી 13 પાઈપલાઈનો મારફતે નર્મદાના પાણીથી તળાવો ભરવામાં આવશે. ગુજરાત સરકારે ઉત્તર ગુજરાતના 4 જિલ્લાઓની પાણીની સમસ્યા નિવારવા વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. નર્મદા બંધમાં પાણીની આવક થતા બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને સાબરકાંઠામાં પાઈપલાઈન મારફતે પાણી પહોંચાડવામાં આવશે. આ 4 જિલ્લાઓના કુલ 952 તળાવો ભરવાનું આયોજન કરવામાં આવ્યું છે. નર્મદા બંધના ઉપરવાસમાં થયેલા વ્યાપક વરસાદને પરિણામે સરદાર સરોવર બંધમાં પાણીનો આવરો વધ્યો છે, તેમાંથી આ પાણી ઉત્તર ગુજરાતના તળાવોમાં પહોંચાડવામાં આવશે. જુદી જુદી 13 પાઈપલાઈનો મારફતે નર્મદાના પાણીથી તળાવો ભરવામાં આવશે. હાલ પાઈપલાઈનો મારફતે 1 હજાર ક્યુસેક પાણી પહોંચાડવાનું શરૂ કરવામાં આવ્યું છે.

### રિક્ષા ચાલકે છરો મારી વૃદ્ધના 40 હજાર લૂંટયા બીજાને માર મારી 3 લાખની ખંડણી માંગી


અમદાવાદ | દાણીલીમડામાં શટલ રિક્ષામાં લૂખ્ખા તત્વોએ એક દિવસમાં વૃદ્ધ અને યુવકને માર મારીને લૂંટી લીધા હતા. જેમાં ઘોડાસરના વૃદ્ધ રાત્રે શટલ રીક્ષામાં બેસી ઘરે જતા હતા ત્યારે રીક્ષા ચાલક તથા તેના મળતીયાએ દાણીલીમડામાં લઈ જઈને રીક્ષામાં પંક્ચર પડયું છે કહીને રીક્ષા ઉભી રાખી હતી અને વૃધ્ધને છરાનો પાછળનો ભાગ મારીને રૂા.૪૦ હજાર અને મોબાઈલની લૂંટી લીધો હતો ત્યારબાદ રીક્ષામાં બેઠેલા બીજા એક પેસેન્જરને છરો બતાવી અપહરણ કરીને ગોંધી રાખીને પરિવારને ફોન કરીને રૂા. ૩ લાખની ખંડણી માંગીને માર મારીને મોબાઈલ સહિત રૂા. ૫,૫૦૦ લૂંટી લીધા હતા. આ બનાવ અંગે દાણીલીમડા પોલીસે બે શખ્સો સામે લૂટનો ગુનો નોધીને તપાસ શરૂ કરી છે.

### ઘોડાસરમાં જીમ ટ્રેનરે યુવતીને લગ્નની લાલચ આપીને વારંવાર દુષ્કર્મ આચર્યુ

અમદાવાદ | ઘોડાસરમાં જીમ ટ્રેનરે યુવતીને લગ્નની લાલચ આપીને વારંવાર દુષ્કર્મ આચર્યુ હતું, જેમાં પ્રથમ ટ્રેનરે યુવતીને શારિરીક અડપલાં કરતા તેને પ્રતિકાર કરતા નંબર લઈને માફી માંગ્યા બાદ બંને વચ્ચે વાતચીત શરૂ થઈ હતી અને ટ્રેનરે લગ્નની લાલચ આપી હતી. યુવતીએ લગ્ન અંગે કહેતા બહાના કાઢીને લગ્નની ના પાડી દીધી હતી. આ અંગે યુવતીએ ટ્રેનર સામે વટવા પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ફરિયાદ નોધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે. મણિનગરમાં રહેતી અને ખાનગી કંપનીમાં નોકરી કરતી 30 વર્ષની યુવતી વજન વધારવા માટે ઘોડાસરમાં આવેલ જીમમાં મેમ્બરશીપ લીધી હતી.

# ચાંદીપુરા વાયરસ બાદ ગુજરાતમાં હવે માલ્ટા તાવનો ખતરો

### જાણો શું છે આ રોગ | કેવા હોય છે તેના લક્ષણો ?



(એજન્સી) અમદાવાદ । તા.12

ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના કેસ ઓછા થયા છે, પરંતુ હજુ પણ કેસ સામે આવી રહ્યા છે. દરમિયાન ગુજરાતમાં હાથ ધરાયેલા તબીબી અભ્યાસમાં સામે આવ્યું છે કે ગુજરાતમાં હવે માલ્ટા ફીવર જેવા રોગનું જોખમ તોળાયેલુ છે. માલ્ટા તાવ શું છે, તે કેવી રીતે ફેલાય છે અને તેના લક્ષણો શું છે? આવો જાણીએ.

ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના કેસ ઓછા જરૂર થયા છે પરંતુ તે હજુ અટક્યા નથી. આ દરમિયાન, ગુજરાતમાં એક તબીબી અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં ભવિષ્યમાં કઈ બિમારીઓનું જોખમ હોઈ શકે છે તે અત્યારથી જ બહાર આવ્યું છે. મીડિયા રિપોર્ટ અનુસાર, સેન્ટર ફોર વન હેલ્થ એજ્યુકેશન, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં તબીબી અભ્યાસના મૂલ્યાંકન રજૂ કરવામાં આવ્યું છે.

એક અભ્યાસ વન હેલ્થ એજ્યુકેશન, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ દ્વારા એ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે, પ્રાણીઓ અને બેક્ટેરિયાથી કેવા પ્રકારની બીમારીઓ થઈ શકે છે અને વ્યાપકપણ ફેલાઈ શકે છે. ગુજરાતમાં માલ્ટા ફીવર અને રેબીઝનો શંકાસ્પદ ખતરો હોવાનું સામે આવ્યું છે. જો કે, હાલમાં રાજ્યમાં માલ્ટા તાવનો એક પણ કેસ નોંધાયો નથી. માલ્ટા તાવ શું છે, તે શા માટે થાય છે અને તે કેવી રીતે ફેલાય છે? આ વિશે નિષ્ણાતો કહે છે કે, માલ્ટાના તાવને કોબ્રુસેલોસિસ કહેવાય છે, જે બ્રુસેલા બેક્ટેરિયાથી થતો રોગ છે. બ્રુસેલોસિસ ચેપગ્રસ્ત પ્રાણીઓનું દૂધ પીવાથી, બિનપાશ્ચરાઈઝ્ડ દૂધના ઉત્પાદનો ખાવાથી અને ચેપગ્રસ્ત પ્રાણીઓના સંપર્કમાં આવવાથી થાય છે.

### વેપારીને દુકાનમાં છરી બતાવી ચલાવી હતી લૂંટ

## પાલડીમાં થયેલી લૂંટમાં ક્રાઈમ બ્રાન્ચે 5 લૂંટારુઓની કરી ધરપકડ



(એજન્સી) અમદાવાદ । તા.12

શહેરના પાલડીમાં વેપારીને છરી બતાવીને 5 લૂંટારૂઓએ લૂંટ ચલાવી હતી અને બુકાની ધારી લૂંટારૂઓ સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. ત્યારે આ લૂંટ મામલે ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે અને ક્રાઈમ બ્રાન્ચે આ 5 લૂંટારૂઓની ટોળકીની ધરપકડ કરી લીધી છે. ધરપકડ કરવામાં આવેલા 5 લૂંટારૂઓ ભચાઉના રહેવાસી છે અને પાંચેય લૂંટારૂઓ સામે અગાઉ પણ ચોરી, મારામારી સહિતના અનેક ગંભીર ગુનાઓ નોંધાયા છે. ઉલ્લેખનીય છે કે પાલડી વિસ્તારમાં લૂંટારૂઓએ મોબાઈલ, એક્ટિવા અને રોકડ સહિત 3 લાખ રૂપિયાની લૂંટ ચલાવી હતી અને હવે આ તમામ લૂંટારૂઓ ક્રાઈમ બ્રાન્ચના સકંજામાં આવી ગયા છે અને ક્રાઈમ બ્રાન્ચે પાંચેય લૂંટારૂઓની ધરપકડ કરીને લૂંટનો મુદ્દામાલ કબજે કર્યો છે.

### ભૂતિયા શિક્ષકોની ખાતાકીય કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી

(એજન્સી) અમદાવાદ । તા.12

રાજ્યના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાએ શિક્ષણ વિભાગના સચિવ અને નિયામક સાથે આ મુદ્દે બેઠક કરી હતી. અને જેટલા પણ ભૂતિયા શિક્ષકો છે તેમની વિગતો મંગાવી છે અને તમામ સામે ખાતાકીય કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી છે. છેલ્લા ત્રણ દિવસથી મીડિયામાં શિક્ષક શાળામાં હાજર નથી અને વિદેશ પ્રવાસ પર ગયા છે જેવા સમાચારો જોવા મળી રહ્યા છે. જે મુદ્દે આજે શિક્ષણ વિભાગના મુકેશકુમાર અને નિયામક સાથે શિક્ષણમંત્રીએ ચર્ચા કરી હતી. શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, 17 જિલ્લાઓમાં 31 શિક્ષકો રજા લીધા વગર બિન અધિકૃત રીતે વિદેશ ગયા છે. વિદેશ ગયેલા શિક્ષકોને કોઈ પગાર આપવામાં આવતો નથી. તેમજ એક પણ શિક્ષકને છોડવામાં નહીં અને કાયદાની જોગવાઈ પ્રમાણે પગલાં ભરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂતિયા શિક્ષકો વિશે જણાવ્યું કે, જેટલા પણ શિક્ષકો પોતાની ફરજ પર હાજર રહ્યા નથી અને વિદેશમાં જતા રહ્યા છે તેમની સામે કાયદાકીય રીતે કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં જણાવ્યું કે, 32 શિક્ષકો વિદેશ ગયા છે જેમને પગાર ચૂકવવામાં આવતો નથી. સરકારનો ખોટો લાભ લીધો હશે તો તેમની સાથે વસૂલાત સુધીના પગલાં પણ ભરવામાં આવશે.

# અમદાવાદ એરપોર્ટે જાહેર કરી એડવાઈઝરી

### 15 ઑગસ્ટના કારણે અમદાવાદ એરપોર્ટ પર સિક્યોરિટી વધારાઈ છે, જેથી દરેક મુસાફરે શક્ય એટલું વહેલું એરપોર્ટ પર પહોંચી જવું

(એજન્સી) અમદાવાદ । તા.12




15 ઑગસ્ટથી રક્ષાબંધન સુધી લાંબી રજાઓ આવી રહી છે. જો રજાઓમાં અથવા કોઈ કારણોસર ફ્લાઈટ દ્વારા બહાર જવાનો પ્લાન બનાવી રહ્યા છો તો આ સમાચાર તમારા માટે કામના છે. કારણ કે 15 ઑગસ્ટ હોવાથી સિક્યોરિટી વધારવામાં આવી છે અને બીજી તરફ લાંબી રજાઓ હોવાથી મુસાફરોની સંખ્યામાં પણ વધારો થશે. જેથી અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ ઍરપૉર્ટ ઑથોરિટી દ્વારા એક એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. તેમાં જણાવાયું છે કે આ અઠવાડિયે 15 ઑગસ્ટના કારણે અમદાવાદ એરપોર્ટ પર સિક્યોરિટી વધારાઈ છે, જેથી દરેક મુસાફરે શક્ય એટલું વહેલું એરપોર્ટ પર પહોંચી જવું હિતાવહ છે. આ સપ્તાહે તહેવારોના લીધે લાંબી રજાઓ આવતી હોવાથી મુસાફરોનો ધસારો વધવાની સંભાવના છે. આ કારણસર સિક્યોરિટી પ્રોટોકોલ અને ચેક-ઈન સહિતની પ્રક્રિયામાં વધુ સમય જશે. આમ, ફ્લાઈટ ઑપરેશનમાં કોઈ મોડું ન થાય અને સિક્યોરિટી ચેકિંગ માટે ઑફિસર્સને અને મુસાફરોને પૂરતો સમય મળી રહે તે માટે આ એડવાઈઝરી જાહેર કરાઈ છે. મુસાફરો કોઈ મુશ્કેલીમાં ના મૂકાય તે માટે ઍરપૉર્ટ ઓથોરિટીએ તમામને વહેલા પહોંચવાની અપીલ કરી છે.

### પતિએ બ્રહ્મચર્ય વ્રત લીધું, તો પત્નીએ ફેસબુક પર 2 પ્રેમી બનાવ્યાં


(એજન્સી) અમદાવાદ । તા.12

અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા પિતાએ પોતાની બીમાર દીકરીના સારા સ્વાસ્થ્ય માટે બ્રહ્મચર્ય વ્રત પાળ્યું હતું. બીજી તરફ, એકલી પડી દીકરીની માતાએ એકલતા દૂર કરવા માટે સોશિયલ મીડિયા (ફેસબુક) મારફતે બે શખ્સોના પ્રેમઝાળમાં ફસાઈ જતાં બ્લેકમેલિંગનો ભોગ બની હતી. આ પછી મહિલા ફરી વખત પ્રેમમાં પડતાં તેની માતાને અભયમની મદદ લીધી હતી. નરોડા વિસ્તારમાં રહેતાં 36 વર્ષીય મહિલાની સાત વર્ષની દીકરી એક વર્ષથી બીમાર છે. જેથી મહિલાના પતિએ દીકરીની દવા કરવાની સાથે તેના સારા સ્વાસ્થ્ય માટે ભક્તિ તરફ વળી બ્રહ્મચર્યનું પાલન કરવા લાગ્યા હતા, ત્યારે પતિ પૂરતો સમય આપી ન શકતાં હોવાથી મહિલા ડિપ્રેશનનો શિકાર બની હતી. આ દરમિયાન મનોચિકિત્સક પાસે દવા ચાલતી હોવા છતાં મહિલા પોતાનું એકલતાપણું દૂર કરવા માટે છ મહિનાથી ફેસબૂક મારફતે અજાણ્યા લોકો સાથે મિત્રતા કરી બે શખ્સોના પ્રેમમાં પડી હતી. ત્યારબાદ સોશિયલ મીડિયામાં બનેલા બંને પ્રેમીએ મહિલાને બ્લેકમેઈલ કરીને ચારેક લાખ રૂપિયા પડાવી લીધાં હતા.

## સરદાર સરોવર ડેમમાં ૯૦ ટકાથી વધુ જળ સંગ્રહ, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૭૫.૩૭ ટકા જળ સંગ્રહ

(એજન્સી) અમદાવાદ । તા.12

ગુજરાતની સાથે સાથે ઉપરવાસમાં થઈ રહેલા વરસાદના પરિણામે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૯૦ ટકાથી વધુ જળ સંગ્રહ નોંધાયો છે. સરદાર સરોવર યોજનામાં હાલમાં ૩,૦૦,૪૦૦ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૮૯.૯૨ ટકા જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે આ સિવાય રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૩,૪૬,૮૫૭ એમ.સી.એફ. ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૬૧.૯૨ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે તેમ,જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે. રાજ્યમાં વરસી રહેલા વરસાદના પરિણામે ૪૯ જળાશયો સંપૂર્ણ ભરાયેલા જ્યારે ૧૩ જળાશયો ૯૦ ટકાથી ૧૦૦ ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ સિવાય સરદાર સરોવર સહિત રાજ્યના ૪૦ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. આ ઉપરાંત ૨૦ ડેમ ૫૦ થી ૭૦ ટકા ભરાતા વોર્નિંગ આપવામાં આવી છે જ્યારે ૪૧ ડેમ ૨૫થી ૫૦ ટકા ભરાયા છે.આજે સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ ઉપરવાસમાં ભારે વરસાદના પરિણામે સૌથી વધુ સરદાર સરોવરમાં ૨,૬૭,૮૦૭ ક્યુસેક જ્યારે ઉકાઈ યોજનામાં ૬૦,૫૩૪ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૭૫.૩૭ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧માં ૫૩.૧૭ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૫૧.૪૮ ટકા, મધ્ય ગુજરાતના ૧૭માં ૫૦.૪૮ ટકા તથા ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૯.૬૫ ટકા પાણીનો સંગ્રહ થયો છે તેમ, યાદીમાં વધુમાં જણાવાયું છે.



ગુજરાતના કુલ 49 જળાશયો સંપૂર્ણ છલકાતા હાઈ એલર્ટ જાહેર

## અમરાઈવાડીમાં 1 મહિના અગાઉ થયેલી હત્યાના ગુનામાં 4 આરોપીઓની ધરપકડ

### આરોપીઓની ઉલટ તપાસ કરતા હત્યાની હકીકત સામે આવી

(એજન્સી) અમદાવાદ । તા.12

અમદાવાદ શહેરના અમરાઈવાડી વિસ્તારમાં એક મહિના અગાઉ થયેલી હત્યાના ગુનામાં પોલીસે એક મહિલા સહિત ચાર આરોપીઓની ધરપકડ કરી છે. મૃતકે દારૂ પીધા બાદ બબાલ કરતા આરોપીએ તેને ગડદા પાટુનો માર મારી ઈજાગ્રસ્ત હાલતમાં જ રીક્ષામાં મૂકી ફરાર થઈ ગયા હતા. જે બાદ યુવકનું મૃત્યુ નીપજતા પોલીસે પોસ્ટમોર્ટમના રિપોર્ટ આધારે હત્યાનો ગુનો દાખલ કરી ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી. આ ચાર આરોપીઓના નામ રમીલાબેન કવન્ડર, હર્ષ ઉર્ફે ગનીઓ મોરે, અજય ઉર્ફે ભુરીયો રાજપૂત અને અજય ઉર્ફે તપેલી વાઘેલા છે. આરોપીઓએ ૯ જુલાઈની રાત્રે ખોખરા વિસ્તારમાં દારૂ પીવા આવેલા 51 વર્ષીય કિશોર ઉર્ફે ચોટી મરાઠીને ગડદા પાટુનો માર માર્યો હતો. ત્યારબાદ મૃતક કિશોરને રીક્ષામાં નાખી અમરાઈવાડી વિસ્તારમાંથી ફરાર થઈ ગયા હતા. જોકે 10 તારીખની સવારે કિશોર ઉર્ફે ચોટીનો મૃતદેહ મળી આવતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો હતો અને પોસ્ટમોર્ટમ કરાવતા મૃતકના શરીર પર ઈજાના નિશાન મળી આવ્યા હતા. જે બાદ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ કરતા ચારે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.